દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 220 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 September 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## વિદેશી હૂંડિયામણની અનામત નવી ઊંચી સપાટીએ

મુંબઈઃ ગત તા. ૬ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૫.૨૫ અબજ ડૉલરના વધારા સાથે ૬૮૯.૨૩૫ અબજ ડૉલરની નવી ઊંચી સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૨૯૯ અબજ ડૉલર વધીને ૬૮૩.૯૮૭ અબજ ડૉલરના મથાળે રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૫.૧૦૭ અબજ ડૉલરના વધારા સાથે ૬૦૪.૧૪૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧૨.૯ કરોડ ડૉલર વધીને ૬૧.૯૮૮ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૪૦ લાખ ડૉલર વધીને ૧૮.૪૭૨ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૯૦ લાખ ડૉલર વધીને ૪.૬૩૧ અબજ ડૉલરના સ્તરે રહ્યા હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

## દહેગામ નજીક ગણેશ વિસર્જનમાં મેશ્વો નદીમાં ૧૦ ડૂબ્યાં: આઠનાં મૃતદેહ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતના પાટણમાં બુધવારે સમી સાંજે ગણેશ વિસર્જન દરમિયાન ચાર લોકોનાં મોત બાદ ગાંધીનગરના દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામ પાસેથી પસાર થતી મેશ્વો નદીમાં ગણેશ વિસર્જન સમયે ૧૦ લોકો ડૂબ્યા (જુઓ પાનું ૨) ▶▶

## મસ્જિદમાં ગેરકાયદે બાંધકામ: શિમલા બાદ મંડીમાં પણ હિન્દુઓ દ્વારા વિરોધ

સિમલાઃ મસ્જિદમાં કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની માગણી સાથે હિમાચલ પ્રદેશના મંડીમાં હિન્દુ જૂથે શુક્રવારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વિરોધ પ્રદર્શન કરી રહેલા હિન્દુ જૂથે મસ્જિદમાં કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામ તરફ આગળ વધવાનો પ્રયાસ કરતા ટોળાંને વિખેરવા પોલીસને વૉટર કેનનનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી.

પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન હિમાચલ પ્રદેશમાં પોલીસ અને મહિલાઓ સહિત ૧૦ જણ ઘાયલ થયા હતા. હિન્દુ જાગરણ મંચના સેક્રેટરી કમલ ગૌતમ સહિતના પ્રદર્શનાર્થીઓને પોલીસે અટકમાં લીધા હતા. મુસ્લિમ સમુદાયના લોકોએ (જુઓ પાનું ૨) ▶▶

## ૧૫૫ દિવસે કેજરીવાલને જામીન

નવી દિલ્હીઃ કેજરીવાલને લાંબા સમય સુધી કેદમાં રાખવા એ તેમને મુક્તિથી વંચિત રાખવા બરોબર હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે એક્સાઈઝ પૉલિસી કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારને લગતા કેસને મામલે શુક્રવારે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના જામીન મંજૂર કર્યા હતા.

ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ઉજાલ ભૂયાનની બનેલી ખંડપીઠે રૂ. ૧૦ લાખના બૉન્ડ અને એટલા જ રકમની વધુ બે સ્યૉરિટી પર કેજરાવાલને જામીન પર મુક્ત કર્યા હતા.

ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ એક્સાઈસ પૉલીસી કૌભાંડને લગતા ભ્રષ્ટાચારના કેસને મામલે આ વર્ષની ૨૧મી માર્ચે કેજરીવાલની ધરપકડ કરી હતી.

જોકે લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે (જુઓ પાનું ૨) ▶▶

## દેશના ૧૪ રાજ્યમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી : ભારતીય હવામાન વિભાગે ગુરુવારે ૧૪ રાજ્યોમાં આગામી બેથી ત્રણ દિવસ સુધી તોફાની પવન અને ભારે વરસાદની ચેતવણી આપી છે. મધ્ય ભારતમાં દબાણ સર્જાયુ હોવાથી દિલ્હી, યુપી, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના અનેક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની (જુઓ પાનું ૨) ▶▶






















## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# લાસ્ટ કોમરેડ યેચુરી સાદગી માટે હંમેશાં યાદ રહેશે

**ભારતમાં** ડાબેરીઓની સૌથી મોટી પાર્ટી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના સર્વોચ્ચ નેતા એટલે કે જનરલ સેક્રેટરી સીતારામ યેચુરીનું ૭૨ વર્ષની વયે નિધન થયું એ સાથે જ ભારતે એક સારો રાજકારણી ગુમાવ્યો. યેચુરીને ન્યુમોનિયા થઈ જતાં ૧૯ ઓગસ્ટે દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીસ (AIIMS)માં દાખલ કરવામાં આવ્યા હતા.

યેચુરીને ભારે તાવ આવતાં એમ્સમાં દાખલ થયા પછી તેમની તબિયત બગડતી જ ગઈ અને તેમને આઈસીયુમાં ખસેડવા પડ્યા હતા. ૨૫ દિવસથી તેમની સારવાર ચાલી રહી હતી પણ તબિયતમાં સુધારો નહોતો. દરમિયાનમાં સીતારામ યેચુરીને શ્વાસનળીમાં ગંભીર ઈન્ફેક્શન થઈ ગયું હતું ને આ ઇન્ફેક્શન ઘાતક સાબિત થયું. યેચુરી ફરી બેઠા જ ના થઈ શક્યા અને ગુરુવારે અંતિમ શ્વાસ લીધા.

યોગાનુયોગ યેચુરી એઈમ્સમાં દાખલ હતા, ત્યારે પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બુદ્ધદેવ ભટ્ટાચાર્ય ગુજરી ગયા હતા. સીતારામ યેચુરીએ ૨૨ ઓગસ્ટે બુદ્ધદેવ ભટ્ટાચાર્યને વીડિયો સંદેશ દ્વારા શ્રદ્ધાંજલિ આપી હતી. એ વખતે કોઈને કલ્પના પણ નહોતી કે, યેચુરી એઈમ્સમાંથી ફરી પાછા આવવાના જ નથી.

સીતારામ યેચુરી જિંદગીમાં કદી ચૂંટણી લડ્યા નહીં ને રાજ્યસભાના સભ્ય તરીકે જ સાંસદ બન્યા. સીતારામ યેચુરી ૨૦૦૫માં પશ્ચિમ બંગાળમાંથી રાજ્યસભાના સભ્ય બન્યા અને બીજી વખત ૨૦૧૧માં ચૂંટાઈ આવ્યા હતા. ત્રીજી ટર્મમાં ચૂંટાય એ પહેલાં બંગાળમાંથી ડાબેરીઓ જ સાફ થઈ ગયેલા તેથી યેચુરી લટકી ગયા હતા.

ડાબેરીઓનો ભારતમાં પ્રભાવ મર્યાદિત છે ને અત્યારે તો ડાબેરીઓ કેરળમાં સમેટાઈને રહી ગયા છે તેથી ભારતના રાજકારણમાં ડાબેરીઓનું એવું પ્રભુત્વ પણ નથી. આ રીતે યેચુરી દેશના રાજકારણમાં બહુ મોટા નેતા નહોતા ને બહુ લોકપ્રિય પણ નહોતા છતાં તેમના નિધનથી દેશના રાજકારણને ખોટ પડી છે એ સ્વીકારવું પડે. તેનું કારણ એ કે, યેચુરી ડાબેરીઓમાં પણ કદાચ સૌથી છેલ્લા એવા નેતા છે કે જે આજીવન સાદગીથી જીવ્યા અને એક સંઘર્ષમય રાજકીય સફર કરી. વિચારધારાને વફાદાર રહીને યેચુરીએ પોતાનું અલગ સ્થાન બનાવ્યું અને કદી વિવાદોમાં પડ્યા નહીં. યેચુરી કેડર બેઝ્ડ નેતા હતા કે જે સામાન્ય લોકોની વચ્ચે જ રહ્યા અને મોટા થયા. સાવ સામાન્ય કાર્યકર તરીકે શરૂઆત કરીને સીપીએમના સર્વોચ્ચ નેતાપદ સુધી પહોંચ્યા.

સામ્યવાદી નેતાઓ તેમની સાદગી અને વિચારધારા તરફ સમર્પણને કારણે જાણીતા છે પણ બદલાયેલી રાજકીય પરિસ્થિતિમાં સામ્યવાદીઓ પણ બદલાયા છે. સીતારામ યેચુરી કદી બદલાયા નહીં તેથી ઘણાં તેમને લાસ્ટ કોમરેડ પણ કહે છે.

અત્યારે પિનિરાયી વિજયન ડાબેરીઓમાં સૌથી મોટા નેતા છે પણ વિજયન હાઈ-ફાઈ લીડર છે. સોનાની દાણચોરીથી માંડીને મહિલાઓ સુધીના સંબંધો સુધીના મુદ્દે વગોવાઈ ગયેલા વિજયનથી સાવ સામા છેડાના નેતા સીતારામ યેચુરી વિચારધારાને સમર્પિત છેલ્લા કોમરેડ હતા એમ કહીએ તો ચાલે. વિજયન તો પરિવારવાદમાં પણ પૂરા છે. તેમની દીકરી અને જમાઈ પિતા મુખ્ય પ્રધાન હોવાનો ભરપૂર લાભ ઉઠાવી રહ્યાં છે ત્યારે યેચુરીનો પરિવાર ક્યાં છે તેની જ કોઈને ખબર નથી.

યેચુરીએ ઇંદ્રાણી મજૂમદાર સાથે પહેલાં લગ્ન કર્યાં હતાં અને તેમને બે સંતાન હતાં. એપ્રિલ-૨૦૨૧માં તેમના મોટા દીકરા આશિષ કોરોનાની બીમારીને કારણે ૩૪ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા જ્યારે પુત્રી અખિલા ઇંગ્લેન્ડની સેન્ટ એન્ડ્રુસ યુનિવર્સિટીમાં લેક્ચરર છે. ઇંદ્રાણી સાથે અલગ થયાં બાદ સીતારામ યેચુરીએ પત્રકાર સીમા ચિશ્તી સાથે લગ્ન કર્યાં હતાં.

સીતારામ યેચુરીનો પરિવાર મૂળ અવિભાજિત આંધ્ર પ્રદેશનો હતો પણ તામિલનાડુના મદ્રાસમાં આવીને વસ્યો હતો. ૧૨ ઑગસ્ટ ૧૯૫૨ના રોજ સીતારામનો જન્મ થયો હતો. તેમના પિતા સરકારી એન્જિનિયર હતા જ્યારે માતા સરકારી ઓફિસર હતાં. હૈદરાબાદમાં ઉછરેલા સીતારામ દસમા ધોરણ સુધી ઓલ સેન્ટ્સ હાઈસ્કૂલમાં ભણ્યા હતા. ૧૯૬૯ના તેલંગાણા આંદોલન દરમિયાન હિંસા શરૂ થતાં તેમના પરિવારે તેમને દિલ્હી મોકલી દીધા હતા.

યેચુરીએ દિલ્હીની પ્રેસિડેન્ટ એસ્ટેટ સ્કૂલમાં એડમિશન લીધું અને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) હાયર સેકન્ડરી પરીક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્ક વન મેળવ્યો હતો. એ પછી દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં બીએ કર્યું ત્યારે પણ સીતારામ ટોપર હતા. સીતારામ યેચુરીએ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU)માંથી અર્થશાસ્ત્રમાં એમ.એ. કર્યું અને પછી પીએચડી માટે જેએનયુમાં એડમિશન લીધું હતું. આ પહેલાં જ યેચુરી વિદ્યાર્થી નેતા તરીકે સ્થાપિત થઈ ચૂક્યા હતા તેથી ૧૯૭૫માં ઈમરજન્સી દરમિયાન તેમની ધરપકડ થઈ અને પીએચડી અધૂરું રહી ગયું.

યેચુરી ૧૯૭૪માં ડાબેરીઓની વિદ્યાર્થી પાંખ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઑફ ઇન્ડિયા સાથે જોડાયા અને ૧૯૭૫માં માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા. સીપીએમમાં જોડાયાના થોડા સમયમાં જ તેમને એસએફઆઈના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા ને આ કારણે જ કટોકટી વખતે તેમને જેલભેગા કરાયા હતા. કટોકટી પછી ત્રણ વાર યેચુરી જેએનયુ વિદ્યાર્થીસંઘના પ્રમુખ બન્યા હતા.

જેએનયુમાં યેચુરીને ઈન્દિરા ગાંધીને રાજીનામું આપવાની ફરજ પાડનારા લડાયક નેતા તરીકે હજુ યાદ કરવામાં આવે છે. ૧૯૭૭માં કટોકટી પાછી ખેંચી લેવાઈ એ પછી આવેલી લોકસભાની ચૂંટણી ઇંદિરા ગાંધી હારી ગયાં હતાં. જો કે એ છતાં ઈન્દિરા ગાંધી જેએનયુના ચાન્સેલરપદે ચીટકી રહ્યાં હતાં. એ વખતે સીતારામ યેચુરીના નેતૃત્વમાં લગભગ ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઇંદિરા ગાંધીના ઘરની બહાર દેખાવો કર્યા હતા. પોલીસે તેમને ખસેડવા પ્રયત્ન કર્યો પણ યેચુરી ના માનતાં છેવટે ઇંદિરા ગાંધીએ બહાર આવવું પડ્યું. યેચુરીએ ઇંદિરા ગાંધીએ શા માટે જેએનયુના ચાન્સેલરપદેથી રાજીનામું આપી દેવું જોઈએ તેનું આવેદનપત્ર જાહેરમાં વાંચી સંભળાવ્યું હતું. ઇંદિરાએ બધું સાંભળ્યું અને આવેદનપત્ર સ્વીકારીને અંદર જતાં રહ્યાં. ઈન્દિરાએ થોડાં દિવસ પછી યુનિવર્સિટીના ચાન્સેલરપદેથી રાજીનામું આપી દીધું તેથી તેનો યશ યેચુરીને જાય છે.

યેચુરી એ પછી સીપીએમમાં આગળ વધતા ગયા અને ધીરે ધીરે ટોચના ડાબેરી નેતા બની ગયા. ૧૯૯૬માં કેન્દ્રમાં યુનાઇટેડ ફ્રન્ટની સરકાર રચાઈ ત્યારે સીતારામ યેચુરીએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ૨૦૦૪માં યુપીએની સરકાર બની ત્યારે સીપીએમને કૉંગ્રેસને ટેકો આપવા યેચુરીએ જ સમજાવેલા. યેચુરી ૨૦૧૫માં સીપીઅએમના મહામંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા ત્યારે આશા રખાતી હતી કે, ડાબેરીઓનો દબદબો પાછો આવશે પણ યેચુરી એ ના કરી શક્યા. એક સમયે પશ્ચિમ બંગાળ, કેરળ અને ત્રિપુરા એમ ત્રણ ત્રણ રાજ્યોમાં સરકાર ધરાવતા ડાબેરી મોરચાને યેચુરી ફરી પાવરફુલ ના બનાવી શક્યા. એક સમયે ડાબેરીઓ સત્તાનાં સમીકરણોમાં મહત્ત્વના હતા ને કિંગ મેકર ગણાતા. અત્યારે લોકસભામાં સીપીએમની ગણીને ચાર બેઠકો છે.

યેચુરી ભલે ડાબેરીઓનો ભવ્ય ભૂતકાળ પાછો ના લાવી શક્યા પણ વિચારશીલ નેતા તરીકે તેમને હંમેશાં યાદ રખાશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શનિવાર, તા. ૧૪-૯-૨૦૨૪, પરિવર્તિની એકાદશી

- ભારતીય દિનાંક ૨૩, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરાષાઢા સાંજે ક. ૨૦-૩૨ સુધી, પછી શ્રવણ.
- ચંદ્ર મકરમાં, ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતી : સવારે ક. ૦૯-૧૮, રાત્રે ક. ૨૧-૦૮
- ઓટઃ બપોરે ક. ૧૫-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૬ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - એકાદશી. પરિવર્તિની એકાદશી (કમળકાકડી) પારસી ૨જો અર્દીબહેશ્ત માસારંભ, વિષ્ટિ ક. ૦૯-૪૧ થી ૨૦-૪૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ એકાદશી વ્રત ઉપવાસ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, વિશ્વદેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, સ્થિર કાર્યો, ધ્રુવ દેવતાનું પૂજન, ફણસનું વૃક્ષ વાવવું, બીલી વૃક્ષ વાવવું, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, અન્નપ્રાશન નામકરણ, દેવદર્શન, નવાં વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર, નોકરી, બી વાવવું, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, પ્રાણી પાળવા,
- શ્રી ગણેશ મહિમાઃ ગણપતિ આપણને વાસ્તવદર્શી દૃષ્ટિ કેળવવાનો અને અન્યના ગુણોનું ગ્રહણ કરવાનો પણ બોધ આપે છે તથા કાર્યક્ષમતા સતત વધારતા રહેવી, દરેકનું નાનાથી લઈને મોટાની કાર્યક્ષમતાનો આદર કરવો ઈત્યાદિ ગણેશ પૂજા દ્વારા પ્રેરણા મળે છે. આમ ગણેશજીના મસ્તક સ્થિત જુદાં જુદાં અવયવો દ્વારા અનેક પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે. નિંદામુક્ત, ઈર્ષ્યામુક્ત, દૈનિક જીવન જીવવાનો બોધ શ્રી ગણપતિ આપે છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સાહસિક વ્યક્તિત્વ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ. બુધ પૂર્વાફાલ્ગુની પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# દેશવિરોધી પરિબળો સામે લડતા રહીશું: કેજરીવાલ

નવી દિલ્હીઃ જામીન પર છૂટીને તિહાર જેલમાંથી બહાર આવેલા દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે શુક્રવારે કહ્યું હતું કે દેશને નબળો પાડવા કામ કરી રહેલા દેશવિરોધી પરિબળો સામે લડવાનું અમે ચાલુ રાખીશું.

તેમણે કહ્યું હતું કે પરિસ્થિતિએ મારા મનને વધુ મજબૂત બનાવ્યું છે.

દિલ્હી એક્સાઈઝ પૉલિસી કૌભાંડને લગતા ભ્રષ્ટાચારના કેસને મામલે સુપ્રીમ કોર્ટે તેમને જામીન પર મુક્ત કર્યા બાદ તિહાર જેલમાંથી બહાર આવેલા કેજરીવાલને પક્ષના નેતાઓ અને ટેકેદારોએ તેમને આવકાર્યા હતા.

પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન અને દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનિષ સિસોદિયા સહિત પક્ષના નેતાઓ અને હજારો કાર્યકર્તાઓ જામીન પર છૂટેલા કેજરીવાલનું સ્વાગત કરવા જેલની બહાર ઊભા હતા.

વાહનના સનરૂફ પરથી પક્ષના કાર્યકર્તાઓને સંબોધન કરતા કેજરીવાલે 'ઈન્કલાબ ઝિંદાબાદ' અને 'વંદે માતરમ'ના સૂત્રોચ્ચાર કર્યા હતા.

વરસતા વરસાદમાં પક્ષના કાર્યકર્તાઓએ 'જેલ કે તાલે તૂટ ગયે, કેજરીવાલ છૂટ ગયે' અને 'ભ્રષ્ટાચાર કા એક હી કાલ, કેજરીવાલ, કેજરીવાલ'ના નારા લગાડ્યા હતા.

જેલમાંથી હું મુક્ત થાઉં તે માટે પ્રાર્થના કરનાર લોકોનો આભાર માનતા કેજરીવાલે કહ્યું હતું કે મારા લોહીનું એક એક ટીપું દેશની સેવા માટે સમર્પિત છે.

જીવનમાં મેં અનેકવાર મુશ્કેલીઓનો સામનો કર્યો છે, પરંતુ દરેક વાર ઈશ્વર મારી સાથે હતો, એમ તેમણે કહ્યું હતું.

જેલવાસે મારા મનોબળને વધુ મક્કમ બનાવ્યું છે એમ જણાવતાં કેજરીવાલે કહ્યું હતું કે હું અંદરથી તૂટી જાઉં તે માટે તેમણે મને જેલમાં મોકલ્યો હતો, પરંતુ હું વધુ મજબૂત બનીને બહાર આવ્યો છું.

(એજન્સી) ■

# હવે 'શ્રી વિજયપુરમ' નામથી ઓળખાશે પોર્ટ બ્લેરઃ મોદી સરકારનો મોટો નિર્ણય

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે પોર્ટ બ્લેયરનું નામ બદલીને 'શ્રી વિજયપુરમ' કરવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે સોશિયલ મીડિયા મારફતે આ જાણકારી આપી હતી. પોર્ટ બ્લેયર એ કેન્દ્રશાસિત પ્રદેશ અંદામાન અને નિકોબાર ટાપુઓનું પાટનગર છે.

કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે દેશને ગુલામીના તમામ પ્રતીકોથી મુક્ત કરવાના પીએમ મોદીના સંકલ્પથી પ્રેરિત થઇને આજે ગૃહ મંત્રાલયે પોર્ટ બ્લેયરનું નામ 'શ્રી વિજયપુરમ' રાખવાનો નિર્ણય કર્યો છે.

આ જ પોસ્ટમાં તેમણે કહ્યું હતું કે 'શ્રી વિજય પુરમ' નામ આપણા આઝાદી માટેના સંઘર્ષ અને તેમાં આંદામાન અને નિકોબારના યોગદાનને દર્શાવે છે. આ ટાપુનું આપણા દેશની સ્વતંત્રતા અને ઈતિહાસમાં આગવું સ્થાન રહ્યું છે. ચૌલ સામ્રાજ્યમાં નૌસેનાના અગ્રણી ભૂમિકા નિભાવનાર આ ટાપુ આજે દેશની સુરક્ષા અને વિકાસને વેગ આપવા માટે તૈયાર છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે આ ટાપુ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ, વીર સાવરકર અને અન્ય સ્વતંત્રતા સેનાનીઓ દ્વારા મા ભારતીની આઝાદી માટેના સંઘર્ષનું સ્થળ પણ રહ્યું છે.

આ ટાપુ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ દ્વારા સૌ પ્રથમ વખત ત્રિરંગો લહેરાવાથી લઇને સેલ્યુલર જેલમાં વીર સાવરકર અને અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ મા ભારતીની સ્વાધીનતા માટે સંઘર્ષનું સ્થાન પણ છે. પોર્ટ બ્લેયર આંદામાન અને નિકોબાર ટાપુઓની રાજધાની છે. તે દક્ષિણ આંદામાન ટાપુના પૂર્વ કિનારે આવેલું છે. તેને આંદામાન અને નિકોબાર ટાપુઓનું પ્રવેશદ્વાર પણ કહેવામાં આવે છે. ■

### રાશન કૌભાંડ

# બંગાળમાં અનેક સ્થળો પર ઈડીના દરોડા

કોલકાતાઃ ઇડીએ પશ્ચિમ બંગાળમાં રાશન કૌભાંડના સંબંધમાં અનેક સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરોડા ફેડરલ ઇન્વેસ્ટિગેશન એજન્સીની અલગ-અલગ ટીમો દ્વારા પાડવામાં આવ્યા હતા. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

આ અંગે અધિકારીઓના જણાવ્યા અનુસાર ઇડીના અધિકારીઓએ રાશન દુકાનના વેપારીઓનાં ઘરો અને ગોડાઉન, એક ખાદ્ય નિરીક્ષકના નિવાસસ્થાન, જોયનગર, દેગંગા, કલ્યાણી અને બસંતી જેવાં સ્થળો પર એક સહકારી બેંક શાખાની તપાસ કરી હતી. કોલકાતામાં પણ દરોડા પાડવામાં આવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે દરોડાનો ઉદ્દેશ્ય કથિત કરોડો રૂપિયાના કૌભાંડની કડીઓનો પર્દાફાશ કરવાનો હતો. આ મામલે ગયા ઓક્ટોબરમાં ભૂતપૂર્વ ખાદ્ય મંત્રી જ્યોતિપ્રીય મલિકની ધરપકડ કરવામાં આવી હતી.

રાજ્યભરમાં ઇડીએ જુલાઇમાં આ જ કેસ સાથે સંબંધિત ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં મલિકના તમામ નજીકના સહયોગીઓ શેખ શાહજહાં, બકીબુર રહેમાન, અનીસુર રહેમાન અને બારિક બિસ્વાસના રહેઠાણોનો સમાવેશ થાય છે. ■

# ત્રિપુરામાં કિશોરી પર સામૂહિક બળાત્કાર, બેની ધરપકડ

અગરતલાઃ ઉત્તર ત્રિપુરા જિલ્લામાં એક ૧૬ વર્ષીય કિશોરીનું અપહરણ કરી તેના પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ત્યારબાદ તેણીને જંગલમાં ફેંકી દેવામાં આવી હતી. પીડિતાને અનેક ઇજાઓ થઇ હોવાથી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ જાણકારી શુક્રવારે પોલીસે આપી હતી

ગુરુવારે બનેલી આ જઘન્ય અપરાધની ઘટનામાં કથિત સંડોવણી બદલ પોલીસે બે લોકોની ધરપકડ કરી છે. ઉત્તર ત્રિપુરાના પોલીસ અધિક્ષક(એસપી) ભાનુપદ ચક્રવર્તીના જણાવ્યા અનુસાર કિશોરી ગુરુવારે બપોરે ગામના રસ્તા પર ચાલી રહી હતી. અચાનક બાઇક સવાર બે લોકોએ તેણીનું અપહરણ કર્યું અને તેને નજીકના જંગલમાં લઇ ગયા અને તેની સાથે સામૂહિક બળાત્કાર કર્યો. એસપીએ જણાવ્યું કે ગુનો કર્યા બાદ તે કિશોરીને છોડીને ભાગી ગયા હતા. બાદમાં સ્થાનિક લોકોએ કિશોરીને બેભાન અવસ્થામાં જોઇ અને તેના પરિવારને ઘટનાની જાણ કરી હતી. પીડિતાની મોટી બહેને પત્રકારોને જણાવ્યું કે ગામલોકો દ્વારા જાણ કરવામાં આવતા અમે સ્થળ પર પહોંચ્યા અને મારી બહેનને બચાવી અને તેને ઉપાખલી આરોગ્ય કેન્દ્રમાં લઇ ગયા. તેણીને ત્યાંથી ધર્મનગર જિલ્લા હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. તેની હાલત ગંભીર હતી. એસપીએ કહ્યું કે અમે આ બાબતને ગંભીરતાથી લીધી છે. બે લોકોની પહેલેથી જ ધરપકડ કરવામાં આવી છે. તેને શુક્રવારે પોલીસ રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવાના હતા. આ મામલાની યોગ્ય તપાસ કરવા માટે એક ટીમ બનાવવામાં આવી છે. અમે આ જઘન્ય અપરાધમાં સંડોવાયેલા લોકોને કડક સજા અપાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરીશું. ચક્રવર્તીએ કહ્યું કે તેણે પીડિતા સાથે વાત કરી છે અને તે હવે ખતરાની બહાર છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### દહેગામ નજીક

હતા, જેમાં આઠના મોત થયાં હતા, જ્યારે અન્ય બે લોકો પાણીમાં ગરકાવ થઈ ગયા હોવાથી તેઓની શોધખોળ માટે એનડીઆરએફની ટીમ પણ બોલાવવામાં આવી હતી અને રેસ્ક્યુ ઓપરેશન ચાલુ રાખવામા આવ્યું હતું. આ ઘટનાની જાણ થતાં પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

નદીમાં ડૂબી ગયેલા ૧૦ પૈકીના ૮ના મૃતદેહો મળી આવતા પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો. દુર્ઘટનાની જાણ થતા જ ઘટનાસ્થળ પર લોકોના ટોળાં એકઠા થયા હતા.જોકે પાણીમાં ગરકાવ થઇ ગયેલા બન્ને લોકોની શોધખોળને અંતે પણ મોડે સુધી તેમના મતૃદેહ મળી આવ્યા ન હોવાથી આ બન્નેના મોત થયા હોવાની આશંકા છે.

આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, શુક્રવારે ગણેશ વિસર્જન કરવા મેશ્વો નદીમાં ઉતરેલા ૧૦ લોકો ડૂબ્યા હોવાની જાણ થતાં જ દહેગામ ફાયરબ્રિગેડની ટીમ અને બહિયલ તરવૈયાઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિકો અને ફાયર જવાનો દ્વારા ૮ યુવકોના મૃતદેહ શોધી કાઢવામાં આવ્યા હતા. આ મૃતકોમાં રાજેશસિંહ ચૌહાણ, ચિરાગસિંહ ચૌહાણ, જસપાલસિંહ ચૌહાણ, ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, યુવરાજસિંહ ચૌહાણ, પૃથ્વીસિંહ ચૌહાણ, સિદ્ધરાજ ચૌહાણ, વિજયસિંહ સોલંકીનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય ૨ લોકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પાંચ મૃતદેહને દહેગામના સરકારી દવાખાના ખાતે તેમજ ત્રણ મૃતદેહને રખિયાલમાં પોસ્ટમોર્ટમ અર્થે લઈ જવામાં આવ્યાં હતા. કલેક્ટર પણ દહેગામ સરકારી દવાખાને પહોંચ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લા ૬ દિવસમાં ગણેશ વિસર્જન દરમિયાન બનેલી આ ચોથી દુર્ઘટના છે, જેમાં કુલ ૧૫ લોકોનાં મોત નીપજી ચૂક્યાં છે. બુધવારે પાટણમાં વિસર્જન સમયે ડૂબી જતાં ચાર લોકોનાં, જ્યારે નડિયાદમાં ૨ અને જૂનાગઢમાં ૧ યુવકનું મોત નીપજ્યું હતું. ■

### ૧૫૫ દિવસે

કેજરીવાલને ૧૦મી મેએ વચગાળાના જામીન પર છોડવામાં આવ્યા હતા.

બે જૂને કેજરીવાલ ફરી શરણે આવ્યા ત્યારથી તે જેલમાં જ હતા.

કોર્ટે કેજરીવાલને કેસને મામલે કોઈ જાહેર નિવેદન ન કરવાનો આદેશ આપતા કહ્યું હતું કે કેસને મામલે ઈડી દ્વારા લાદવામાં આવેલી શરતો પણ લાગુ રહેશે.

ઈડીના કેસને મામલે કેજરીવાલને જામીન આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જામીન પર મુક્ત થયેલા કેજરીવાલ તેમના કાર્યાલય કે દિલ્હી સચિવાલયની મુલાકાત નહીં લઈ શકે અને તેમ જ કોઈ સત્તાવાર ફાઈલ પર સહી નહીં કરી શકે. એકદમ જરૂરી જણાય તેવા સંજોગોમાં તેમણે લે. ગવર્નરની પરવાનગી લેવાની રહેશે, એમ કોર્ટે કહ્યું હતું.

આ કેસનો ખટલો નજીકના ભવિષ્યમાં પૂરો થાય એવી શક્યતા ન હોવાનું કોર્ટે કહ્યું હતું.

કેજરીવાલના જામીન બાબતે બંને ન્યાયાધીશ સહમત થયા હતા.

જોકે કેજરીવાલની ધરપકડના સમય અંગે ન્યાયાધીશ ભૂયાને સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે એજન્સી (સીબીઆઈ)નો આશય ઈડી કેસમાં કેજરીવાલને જામીનથી વંચિત રાખવાનો હતો.

બાવીસ મહિનાથી શાંત બેસી રહેલી સીબીઆઈ ઈડી કેસને મામલે કેજરીવાલને જામીન મળતા જ તેમની ધરપકડ કરવા ઉતાવળી કેમ થઈ ગઈ તે અમે નથી સમજી શક્યા, એમ કોર્ટે કહ્યું હતું.

કેજરીવાલ ઉડાઉ જવાબ આપી રહ્યા હોવાનું કારણ આગળ ધરીને સીબીઆઈ તેમની ધરપકડને ન્યાયી ન ઠેરવી શકે એમ જણાવી કોર્ટે કહ્યું હતું કે સીબીઆઈએ તેના પર લાગેલા પાંજરાના પોપટના ટૅગમાંથી બહાર આવવું જોઈએ અને તે પાંજરાનો પોપટ નથી એ દર્શાવી દેવું જોઈએ.

ઈડી કેસમાં જે આધારે કેજરીવાલને જામીન આપવામાં આવ્યા એ જ ભૂમિકાને આધારે તેમને કસ્ટડીમાં રાખવા એ ન્યાયની વિડંબના હશે, એમ કોર્ટે કહ્યું હતું.

ન્યાયાધીશ ભૂયાને કહ્યું હતું કે ઈડીને લગતા કેસમાં કેજરીવાલ પર મુખ્ય પ્રધાનના કાર્યાલયમાં જવા પર તેમ જ કોઈપણ સત્તાવાર ફાઈલ પર સહી કરવા પર મુકવામાં આવેલી પાબંદીની અમે ગંભીર રીતે નોંધ લીધી છે.

જોકે એ પાબંદી ઈડીને લગતા અલગ કેસને મામલે છે, એમ તેમણે કહ્યું હતું.

કેજરીવાલે તેમના જામીન અંગેના ચુકાદાને પડકારતી તેમ જ ભ્રષ્ટાચારને લગતા સીબીઆઈના કેસને મામલે બે અલગ અલગ અરજી દાખલ કરી હતી.

(એજન્સી) ■

### શિમલા બાદ

ગુરુવારે એમ કહીને મસ્જિદનો અમુક હિસ્સો તોડી પાડ્યો હતો કે મસ્જિદની એ દીવાલ સરકારી જમીન પર અતિક્રમણ કરી રહી હતી.

શિમલાના સંજાઉલી વિસ્તારમાં આવેલી મસ્જિદમાં કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની માગણી સાથે હિન્દુ જૂથના લોકોએ વિરોધ પ્રદર્શન કર્યાના બે દિવસ બાદ મંડીમાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

શિમલાના સંજાઉલીમાં મસ્જિદમાં કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની માગણી સાથે હિન્દુ જૂથ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શને ગયા અઠવાડિયે શિમલામાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ નિર્માણ કરી હતી, પરંતુ બુધવારે પરિસ્થિતિ વણસી હતી અને પ્રદર્શનકર્તાઓ હિંસક બન્યા હતા. પ્રદર્શનકર્તાઓ બૅરિકેડ્સ તોડીને આગળ વધ્યા હતા તેમ જ પથ્થરમારો પણ કર્યો હતો. હિંસક બનેલા ટોળાનં વિખેરવા પોલીસને વૉટર કૅનનનો ઉપયોગ અને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. હિન્દુ જૂથે વિરોધ પ્રદર્શન અને સરઘસ કાઢવાની હાકલ કર્યા બાદં મંડીમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

અગાઉ 'જય શ્રી રામ'ના નારા સાથે હિન્દુ પ્રદર્શનાર્થીઓએ મંડી બજાર વિસ્તારમાં મોરચો કાઢ્યો હતો અને સેરી મંચ ખાતે ધરણા પર બેઠા હતા. બાદમાં તેમણે મસ્જિદ તરફ જવાના પ્રયાસ કર્યા હતા, પરંતુ પોલીસે તેમને રોકી લીધા હતા અને તેમને વિખેરવા વૉટર કૅનનનો ઉપયોગ કર્યો હતો.

નગરપાલિકાએ મંડીમાં જેલ રોડ પર આવેલી મસ્જિદની મેનેજમેન્ટ કમિટીને ૩૦ દિવસની અંદર ગેરકાયદે બાંધકામ દૂર કરવાની નોટિસ આપી હતી.

નોટિસમાં જણાવ્યા અનુસાર માત્ર ૪૫ ચો.મી. વિસ્તાર પર મસ્જિદ બાંધવાની પરવાનગી આપવામાં આવી હતી, પરંતુ હાલ ૨૩૨ ચો.મી. વિસ્તારમાં મસ્જિદ ઊભેલી છે.

દરમિયાન મુખ્ય પ્રધાન સુખવિન્દર સિંહ સુખુએ લોકોને રાજ્યમાં શાંતિ જાળવવાની, ઉશ્કેરણીજનક નિવેદન ન કરવાની, ભાઈચારો તેમ જ કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાની અપીલ કરી હતી.

હિમાચલ પ્રદેશના લોકો દરેક ધર્મનો અને લોકોનો આદર કરે છે, એમ તેમણે કહ્યું હતું.

(એજન્સી) ■

### દેશના ૧૪ રાજ્યમાં

અપેક્ષા છે. આગામી ૨૪ કલાકમાં ઉત્તર મધ્ય પ્રદેશ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હરિયાણા અને દિલ્હીના ભાગોમાં ૫૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે.

હિમાચલ પ્રદેશના ત્રણ જિલ્લામાં પૂર આવી શકે છે. પૂર્વોત્તરમાં નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ કેટલાંક સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. બાંગ્લાદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં નવા લો પ્રેશર વિસ્તારની રચનાને કારણે ઓડિશામાં ભારે વરસાદની સંભાવના છે. બિહારના વિવિધ જિલ્લાઓમાં યલો એલર્ટ અને ઝારખંડમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વી અને પશ્ચિમ મધ્ય પ્રદેશના ભાગોમાં અચાનક પૂરની ચેતવણી આપી છે. મધ્ય ભારતમાં સર્જાયેલા દબાણને કારણે ભારે વરસાદની શક્યતા છે. આ દબાણ વિસ્તાર ગ્વાલિયર નજીક સ્થિત છે. જે શહેરથી લગભગ ૫૦ કિમી ઉત્તરમાં અને આગ્રાથી ૬૦ કિમી દક્ષિણ-દક્ષિણ-પૂર્વમાં છે. ખાનગી હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટે કહ્યું કે, આગામી ૨૪ કલાકમાં તે ઉત્તર-પૂર્વીય દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. રાજધાની દિલ્હીનું આકાશ ગુરુવારે દિવસભર ગાઢ વાદળોથી ઢંકાયેલું રહ્યું હતું. ઘણી જગ્યાએ હળવો વરસાદ થયો હતો. મહત્તમ અને લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. હવામાન વિભાગે શુક્રવાર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ઘણી જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે.

#### ઉત્તર પ્રદેશમાં બે દિવસમાં ૨૩નાં મોત

ઉત્તર પ્રદેશમાં બે દિવસથી પડેલા વરસાદને કારણે ૨૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદ પડશે. છેલ્લા ૨૪ કલાકમાં હાથરસમાં સૌથી વધુ ૧૮૬ મિમી વરસાદ નોંધાયો છે. શુક્રવારે બુલંદશહેર અને સંભલમાં ધોરણ ૧ થી ૧૨ સુધીની તમામ શાળાઓને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ■

















# મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનને નાના શંકરશેટનું નામ અપાશેઃ નાર્વેકર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાના શંકરશેટે મુંબઈના વિકાસ માટે મહત્ત્વનું યોગદાન આપ્યું છે અને તેમના કામની પહોંચ તરીકે મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનને નાના શંકરશેટ મુંબઈ સ્ટેશન નામ આપવાનો નિર્ણય આગામી બે મહિનામાં લઈ લેવામાં આવશે, એમ મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે શુક્રવારે જણાવ્યું હતું.



નામદાર જગન્નાથ શંકરશેટ પ્રતિષ્ઠાનના નાનાના વંશજ સુરેન્દ્ર શંકરશેટ, ડૉ. ગજાનન રત્નપારખી, ઍડ. મનમોહન ચોણકર, ચંદ્રશેખર દાભોળકર અને પ્રકાશ ચિખલીકરના નેતૃત્વ હેઠળના એક પ્રતિનિધિમંડળે શુક્રવારે મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરની તેમની કચેરીમાં મુલાકાત લીધી હતી તે પ્રસંગે બોલતાં તેમણે કહ્યું હતું કે મુંબઈના વિકાસમાં જગન્નાથ (નાના) શંકરશેટનું યોગદાન ઘણું છે. તેમણે મુંબઈની રેલવે સ્થાપવા માટે જમીન આપી, સ્કૂલો બનાવી, કોલેજ બનાવી, સ્મશાન બનાવ્યા. તેમનું યોગદાન અમૂલ્ય છે. તેમના સંબંધે ચાર મહત્ત્વની માગણીઓ છે.

પહેલી મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન, જેને બનાવવા માટે જમીન જગન્નાથ (નાના) શંકરશેટ દ્વારા આપવામાં આવી હતી તેને નાના શંકરશેટનું નામ આપવું, નાના શંકરશેટનું મુંબઈના વડાલામાં સ્મારક બનાવવા માટે જમીન ફાળવવામાં આવી છે અને પાલિકા દ્વારા રૂ. ૩૫ કરોડનું ભંડોળ જાહેર કરવામાં આવ્યું છે તેને વહેલામાં વહેલી તકે ફાળવણી કરાવવી જેથી સ્મારક બની શકે. મહારાષ્ટ્ર વિધાનભવન પરિસરમાં નાના શંકરશેટની પ્રતિમા લગાવવાનો જે નિર્ણય થયો હતો તેને અમલમાં મૂકવા માટે કાર્યવાહી કરવી અને નાના શંકરશેટના યોગદાનની માહિતી ભાવિ પેઢીને મળી શકે તે માટે પાઠ્યક્રમમાં તેમના પર એક અધ્યાય સામેલ કરવો. આ ચારમાંથી ઓછામાં ઓછી ત્રણ માગણીઓ આગામી બે મહિનામાં પૂરી કરી નાખવામાં આવશે એવી ખાતરી રાહુલ નાર્વેકરે આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનું નામ નાના શંકરશેટ કરવામાં કેટલાક અવરોધો છે. તેમણે પોતાની જમીન રેલવેની સુવિધાઓ વિકસાવવા આપી હતી તેના દસ્તાવેજો અને સરકારી નોંધ શોધવામાં આવી રહી છે. નામાંતર કરતી વખતે એ બાબતનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે કે આને કોઈ અદાલતમાં પડકારી ન શકે. શાશ્વત નામકરણ થાય તે માટે ચોક્સાઈપૂર્ણ કામ કરવામાં આવી રહ્યું છે.

એક વખત બધું હાથમાં આવી ગયા બાદ કેન્દ્રીય ગૃહ પ્રધાન અને કેન્દ્રીય રેલવે પ્રધાનને મળીને આ નામાંતરની જાહેરાત કરવામાં આવશે એમ પણ નાર્વેકરે હાજર પ્રતિનિધિમંડળને ખાતરી આપી હતી. ■

# દહીંસરમાં ₹ ૧,૪૮૧ કરોડના ખર્ચે બનશે ટ્રાન્સપોર્ટ હબ

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના આર/નોર્થ વોર્ડમાં મુંબઈના દહિસર ખાતે અત્યાધુનિક પરિવહન અને ક્રમર્શિયલ કેન્દ્ર બનાવવા માટે પાલિકાએ ૧,૪૮૧કરોડ રૂપિયાના ખર્ચે થનારા બાંધકામ માટે ટેન્ડર મંગાવ્યું હતું. આ સૂચિત વાણિજ્ય કેન્દ્ર ૧૮ હજાર ચોરસ મીટરની જમીન પર ઊભું કરવામાં આવશે. આ જગ્યાનો ઉપયોગ અગાઉ ચેકનાકા તરીકે કરવામાં આવતો હતો.

અગાઉ ચેકનાકા તરીકે ઓળખ ધરાવતા હજારો ચોરસ મીટર જમીનના અનેક વિસ્તાર મુંબઈમાં ઉપલબ્ધ છે. આ નાકાથી શહેરમાં પ્રવેશતા અથવા બહાર નીકળતા વાહનો પાસેથી પાલિકા ઓક્ટ્રોય ટેક્સના સ્વરૂપમાં ડ્યુટી ઉઘરાવવામાં આવતી હતી. જોકે, ૨૦૧૭માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) લાગુ થયા બાદ ઓક્ટ્રોય ટેક્સ નાબૂદ કરવામાં આવ્યો હતો અને ત્યારથી આ જમીનો ખાલી પડી છે. અગાઉ પાંચ ચેકનાકા - જકાતનાકા હતા. મુલુંડમાં બે તેમજ માનખુર્દ, દહિસર અને ઐરોલીમાં એક-એક નાકું હતું આ ચેકનાકાઓનો કુલ વિસ્તાર આશરે ૪૩ એકર જેટલો છે.

આ બંને હબ (વેપારી કેન્દ્ર) નાગરિકો માટે વ્યવસાયિક અને મનોરંજન ક્ષેત્ર તેમજ પરિવહનમાં મુસાફરો માટે આરામની સગવડો આપતા ક્ષેત્ર તરીકે કામ કરશે. દરેક હબમાં શોપિંગ મોલ્સ, બેન્ક્વેટ્સ, રેસ્ટોરાં, ફૂડ કોર્ટ, ઓડિટોરિયમ અને આર્ટ ગેલેરીઓ સામેલ હશે. ■


# ☎ APPOINTMENTS ☎

## જોઇએ છે

## કૃષિ અને બાગાયતી, કેશ ક્રૉપ્સ અને ડેરી ઓપરેશન્સમાં ટ્રસ્ટ માટે CEO

**અમારા વિશેઃ** અમે ગુજરાતમાં એક ટ્રસ્ટ છીએ જે કૃષિ પદ્ધતિઓ દ્વારા શિક્ષણ અને સામાજિક વિકાસને આગળ ધપાવવા, રોકડિયા પાકને અને ફળ બગીચાને પ્રોત્સાહન આપવા અને ડેરી કામગીરીને વધારવા માટે સમર્પિત છે. અમારું ધ્યેય કૃષિ ક્ષેત્ર માં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનું, કૃષિ, બાગાયતી અને ડેરીમાં નવીન અને કાર્યક્ષમ પ્રથાઓ દ્વારા આજીવિકા સુધારવાનું છે.

**ભૂમિકાની ઝાંખીઃ** અમે કૃષિ, રોકડિયા, બાગાયતી પાક, ડેરી કામગીરી અને અન્ય સંલગ્ન પ્રવૃત્તિઓમાં વ્યાપક જ્ઞાન અને અનુભવ ધરાવતા ગતિશીલ અને સ્વપ્નદ્રષ્ટા મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) ની શોધમાં છીએ. CEO ટ્રસ્ટની વ્યૂહાત્મક પહેલનું નેતૃત્વ કરશે, ઓપરેશનલ શ્રેષ્ઠતાનું સંચાલન કરશે અને ટકાઉ કૃષિ વિકાસના અમારા કૃષિ, બાગાયતી પાક અને ડેરીના મિશનને હાંસલ કરવા માટે વિવિધ હિત ધારકો સાથે સહયોગ કરશે.

**શિક્ષણ અને અનુભવઃ**
- કૃષિમાં માસ્ટર ડિગ્રી અથવા ઓછામાં ઓછા ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા હોય.
- કૃષિ, બાગાયતી પાકો અને ડેરી ઉદ્યોગમાં વરિષ્ઠ નેતૃત્વની ભૂમિકામાં ઊંડાણ પૂર્વકનું જ્ઞાન અને અનુભવ.
- ઉત્તમ નેતૃત્વ, સંચાર અને આંતરવ્યક્તિત્વ કૌશલ્ય.

**વળતરઃ** સ્પર્ધાત્મક પગાર અને લાભોનું પેકેજ, અનુભવને અનુરૂપ.

**અરજી પ્રક્રિયા**

રસ ધરાવતા ઉમેદવારોને **hr@tatatrusts.org** પર તેમનો રેઝ્યુમ અને કવર લેટરમાં શિક્ષણ અને અનુભવ લખી મોકલવું.

ગુજરાતના કૃષિ લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવા અમારી સાથે જોડાઓ.

**- ટાટા ટ્રસ્ટની પહેલ** **સ્થળઃ** વાપી, ગુજરાત, ભારત.


# એમબીબીએસની વિદ્યાર્થિનીની હત્યાઃ કેસ પડતો મૂકવાની આરોપીની અરજી કોર્ટે ફગાવી

મુંબઈઃ મેડિકલની વિદ્યાર્થિનીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા લાઈફગાર્ડે તેની સામેનો કેસ પડતો મૂકવાની કરેલી અરજીને કોર્ટે ફગાવી દીધી હતી. આરોપી પુરાવાનો નાશ કરી શકે એવી શક્યતાને નકારી શકાતી નથી, એવી નોંધ કોર્ટે કરી હતી. એડિશનલ સેશન્સ જજ એસ. ડી. તાવશીકરે એમબીબીએસના ત્રીજા વર્ષમાં ભણતી વિદ્યાર્થિની સદિચ્છા સાનેની હત્યા પ્રકરણે ગયા વર્ષના જાન્યુઆરીમાં ધરપકડ કરાયેલા આરોપી મિઠુ સિંહની અરજી રદ કરવાનો આદેશ ૧૦ સપ્ટેમ્બરે આપ્યો હતો. જોકે સાનેનો મૃતદેહ હજુ સુધી મળ્યો નથી.

ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) અને ૨૦૧ (પુરાવાનો નાશ કરવો) હેઠળ સિંહની ધરપકડ કરવામાં આવી હતી. સિંહના વકીલ હર્ષમન ચવ્હાણે કોર્ટમાં જણાવ્યું હતું કે પીડિતા ૨૯ નવેમ્બર, ૨૦૨૧ના રોજ કથિત રીતે ગુમ થઈ હતી અને ૯ ડિસેમ્બરે નોંધાયેલા એફઆઈઆરમાં શરૂઆતમાં અપહરણનો ગુનો નોંધાયો હતો. જાન્યુઆરી, ૨૦૨૩માં તેમાં હત્યાની કલમ ઉમેરવામાં આવી હતી. ૧૩ જાન્યુઆરીએ ધરપકડ કરાઈ ત્યારથી આરોપી જેલમાં છે.

એ સિવાય યુવતીનો મૃતદેહ મળ્યો નથી અને હત્યાના આક્ષેપો પાયાવિહોણા છે, એવી દલીલ ચવ્હાણે કરી હતી. (પીટીઆઈ) ■






# ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાનું કહી રોકડ લૂંટનારા પાંચ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ખારમાં એટીએમ સેન્ટરમાંના સીડીએમ મશીનમાં રૂપિયા જમા કરાવવા ગયેલા વકીલને ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાનું કહી પાંચ લાખની રોકડ લૂંટવાના કેસમાં પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરી હતી. ખાર પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ સંદેશ દત્તારામ માલાડકર (૫૧), પ્રફુલ્લ શંકર મોરે (૪૬), વિકાસ શ્રીધર સુર્વે (૩૯), ચેતન કેમ્પે ગૌડા (૩૪) અને દર્શન મહેશ ગાયનિક (૪૩) તરીકે થઈ હતી. ધરપકડ કરાયેલા આરોપીઓને કોર્ટે ૧૮ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

બાન્દ્રા પશ્ચિમમાં રહેતા ફરિયાદી તૌસિફ શેખના ભાઈ કાદીરનો મની ટ્રાન્સફરનો વ્યવસાય હોવાથી શનિવારે ફરિયાદીને ૫.૭૦ લાખ રૂપિયા ગ્રાહકના બૅન્ક ખાતામાં જમા કરાવવા આપ્યા હતા. રવિવારે સવારે સીડીએમ મશીનમાંરૂપિયા ભરીને ફરિયાદી બહાર નીકળ્યો ત્યારે આરોપીઓ તેને ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાનું જણાવી કારમાં બેસાડી સાંતાક્રુઝ પશ્ચિમમાં લઈ ગયા પછી કારમાંથી ઉતારી મૂકવામાં આવ્યો હતો અને પાંચ લાખની રોકડ ભરેલી બૅગ સાથે આરોપી કાર-બાઈક પર ફરાર થઈ ગયા હતા. ■

# થાણેની ખાડીમાં ઝંપલાવનારી મહિલાને બચાવી લેવાઇ

થાણેઃ થાણેમાં આત્મહત્યા કરવા માટે ખાડીમાં ઝંપલાવનારી ૩૧ વર્ષની મહિલાને સ્થાનિકો દ્વારા બચાવી લેવામાં આવી હતી.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ખારટન રોડ વિસ્તારની રહેવાસી મહિલાએ શુક્રવારે સવારે નવ વાગ્યે કલવાની ખાડીમાં ઝંપલાવ્યું હતું. બનાવની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. જોકે એ અગાઉ સ્થાનિકોએ મહિલાને બચાવી લીધી હતી.

મહિલાએ શા માટે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો તે જાણી શકાયું નહોતું. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી. (પીટીઆઇ) ■

# ધારાશિવમાં રાજ્યના પ્રધાનના ભત્રીજાના ઘરની બહાર ગોળીબાર

છત્રપતિ સંભાજીનગરઃ ધારાશિવ જિલ્લામાં રાજ્યના પ્રધાનના ભત્રીજાના ઘરની બહાર અજાણ્યા શખસો દ્વારા ગુરુવારે મોડી રાતે હવામાં ગોળીબાર કરવામાં આવ્યો હતો.

છત્રપતિ સંભાજીનગરથી લગભગ ૨૨૫ કિ.મી. દૂર સોનારી ગામમાં ગુરુવારે મોડી રાતે ૧૨.૪૦ વાગ્યે આ ઘટના બની હતી.

અંબી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્યના આરોગ્ય પ્રધાન તાનાજી સાવંતના ભત્રીજા ધનંજય સાવંતના ઘરની બહાર મોટરસાઇકલ પર આવેલા બે શખસે હવામાં ગોળીબાર કર્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઘટનાસ્થળેથી પોલીસને ત્રણ ખાલી બૂલેટ્સ મળી આવી હતી. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■


## પ્રાર્થનાસભા



**જ્યોતિબેન કેશવલાલ શાહ**
(કચ્છ-માંડવી નિવાસી, હાલ મુંબઈ)

તા.૧૨.૯.૨૦૨૪ના ગુરુવારના રોજ શ્રીજીનાં ચરણ પામ્યાં છે.
સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૧૫.૯.૨૦૨૪ના રવિવારના રોજ રાખેલ છે.
સમયઃ સવારે ૧૦થી ૧૨
સ્થળઃ કાલિદાસ ઑડિટોરિયમ, પી. કે. રોડ, મુલુન્ડ પશ્ચિમ, મુંબઈ

**શોકાતુર**

સ્વ.કેશવલાલ પ્રાગજી શાહ (પતિ)
અનિશ કેશવલાલ શાહ (પુત્ર), અ.સૌ.ટીના અનિશ શાહ (પુત્રવધુ)
વિશાલ રજનીકાન્ત શાહ (પુત્ર), અ.સૌ. અપર્ણા વિશાલ શાહ (પુત્રવધુ)
મિશિકા અને રાજ ભરત શાહ (પૌત્રી અને જમાઈ), મંથન અનિશ શાહ (પૌત્ર)
તુહિકા વિશાલ શાહ (પૌત્રી), મૌલિક વિશાલ શાહ (પૌત્ર)
સ્વ. રજનીકાંતભાઈ (ભાઈ), સ્વ. ઈલાબેન, અ.સૌ. તરલાબેન(બેન)

## પ્રાર્થના સભા

Hermes



**નંદુબાળા મહેશભાઈ ઠક્કર** (ઉ.વ. ૮૫)

હૃદય વિશાળ, મન શાંત સદાકાળ, સૌ માટે અવિરત પ્રેમભાવ સદાકાળ,
પરિચિત કે અપરિચિત સ્મિતથી કરે સત્કાર,
હોય આચરણ ધર્મનું, ભાવ માનવધર્મનો સદાકાળ,
અત્યંત સંવેદનશીલ એવા પરોપકારી, આત્માને પ્રભુ, ચિરશાંતી અર્પે એજ પ્રાર્થના.

**:: પ્રાર્થના સભા ::**
રવિવાર, તા. ૧૫.૦૯.૨૦૨૪ સમય : સવારે ૧૦.૩૦ થી બપોરના ૧૨.૩૦
સ્થળ : FPH ગરવારે હોલ, લાલા લજપતરાય માર્ગ, ૫મે માળે, FPH બીલ્ડીંગ, બે સાઈડ, લાલા કોલેજ, ગર્વનમેન્ટ કોલોની, મુંબઇ – ૪૦૦ ૦૩૪.

ઠક્કર પરિવાર અને હર્મીશ ગ્રુપના અધિકારીઓ અને સ્ટાફ
મે. હર્મીશ ટ્રાવેલ એન્ડ કાર્ગો (પ્રા.) લિ.
મે. રમેશ બિલ્ડર્સ
મે. સહયાદ્રી સ્ટાર્ચ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (પ્રા.) લિ.

કુટુંબ માટે આશ્વાસન સંદેશાઓ મોકલવા ઈમેલ : headoffice@hermescargo.com

|| સહાજાત્મ સ્વરૂપ પરમગુરૂ ||



**ભરત મનહર મોદી**
03.08.1963 - 11.09.2024

પૂજ્ય જવલબહેન ભગવાનલાલભાઈ મોદીના પૌત્ર, સ્વ. કુસુમબહેન અને સ્વ. મનહરલાલ મોદીના પુત્ર, સ્વ. લતાબહેન અને સ્વ.ડો. જયંતિલાલ મહેતાના જમાઈ,

**ભક્તિ :**
રવિવાર, 15મી સપ્ટેમ્બર, 2024
સવારે 11 થી 1 વાગ્યા સુધી
યોગી સભાગૃહ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇ)

**શ્રદ્ધા સુમન :**
નેન્સી, શિવાંગી - શાલીન, માનવ અને મીરાયા મહેતા, સ્વ. વસુબહેન અને સ્વ. ચિમનલાલ મણિયાર શ્રીમતી નીતાબહેન અને શ્રી કૌશિકભાઈ મહેતા, સ્વ.અકિલાબહેન અને સ્વ. નિરંજનભાઈ મણિયાર, સ્વ. ચારુબહેન અને સ્વ. ડૉ. પોરસભાઈ મારફતિયા, પારૂલબહેન અને સ્વ. કિશોરભાઈ શાહ, અવનિશભાઈ અને મયુરીબહેન મણિયાર, ડૉ. દિલીપભાઈ અને પલ્લવીબહેન મહેતા, ગીતાબહેન અને મહેશભાઈ માધાણી, કાશ્મીરાબહેન મહેતા

**પ્રમુખ:**
શ્રીમદ રાજચંદ્ર જન્મભુવન, વવાણીયા
શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, અગાસ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સ્યૂએજ પ્લાન્ટમાં પ્રક્રિયા કરીને દરિયામાં છોડવામાં આવતું મુંબઈનું પાણી શુદ્ધ

## સુધરાઈની સ્યૂએજ લેબોરેટરીના એનએબીએલની માન્યતા મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની સ્યુએજ લેબોરેટરીને નેશનલ એક્રિડેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરી (એનએબીએલ) તરફથી માન્યતા પ્રાપ્ત થતા આ લેબોરેટરીના અહેવાલને જાગતિક સ્તરે વિશ્વસનીયતા પ્રાપ્ત થવાથી હવે ખાનગી સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટધારકો પણ આ લેબોરેટરીમાં પાણીની ગુણવત્તા તપાસી શકશે.

મુંબઈ મહાનગરપાલિકાના સ્યૂએજ ડિપાર્ટમેન્ટની આ લેબોરેટરી ૧૯૩૫થી ચાલી રહી છે. મુંબઈમાં પર્યાવરણનું સંતુલન જાળવી રાખવાના દૃષ્ટિએ કરવામાં આવેલા અનેક પ્રયત્નોમાની એક સ્યૂએજ લેબોરેટરીને અત્યાધુનિક કરવાની સૂચના પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ આપી હતી. તેના એક ભાગરૂપે આ લેબોરેટરીને અત્યાધુનિક બનાવીને તેને માન્યતા મળે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. આખરે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના સુધરાઈની આ લેબોરેટરીને એનએબીએલની માન્યતા મળી છે. તેથી ભવિષ્યમાં હવે ખાનગી સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટધારકો પણ પ્રક્રિયા કરેલાં પાણીના અહેવાલ માટે આ લેબોરેટરીની મદદ લેશે. સ્યૂએજ લેબોરેટરીને એનએબીએલની માન્યતા મળી જતા હવે મુંબઈ મહાનગરપાલિકાની આ લેબોરેટરીનો અહેવાલ હવે ફક્ત ભારતમાં જ નહીં પણ જાગતિક સ્તરે વિશ્વસનિયતા પ્રાપ્ત થશે, કારણકે સ્યૂએજ પ્રોજેક્ટમાં પુનઃ પ્રક્રિયા કરેલા પાણીનાં ટેસ્ટના અહેવાલને માન્યતા મળી ગઈ છે. તો ગંદા પાણી પર પ્રક્રિયા કરવામાં આવેલા પાણીની તપાસ મુંબઈ મહાનગરપાલિકાની પ્રયોગશાળામાં વધુને વધુ સંખ્યામાં થશે અને તેને કારણે પાલિકાની આવકમાં પણ વધારો થવાની શક્યતા છે.

મોટા રેસિડેન્શિયલ કૉમ્પ્લેક્સમાં ગંદા પાણી પર પ્રક્રિયા કરનારા પ્રોજેક્ટ ઊભા કરવાની મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સતત અપીલ કરવામાં આવી રહી છે, કારણકે પુનઃ પ્રક્રિયા કરેલા પાણીનો ઉપયોગ ઉદ્યાન તથા શૌચાલયોમાં વપરાશ માટે કરવું શક્ય છે. તે માટે પાલિકાના સ્યૂએજ ડિપાર્ટમેન્ટની પ્રયોગશાળા લગભગ ૨૨ જેટલા માપદંડોને આધારે પાણીના ટેસ્ટ કરે છે. પુનઃ પ્રક્રિયા કરેલા પાણીને દરિયામાં નહીં છોડતા વિવિધ પ્રકારના ઉપયોગ માટે કરી શકાય છે એ પાણીનાં ટેસ્ટ કરવાનો ઉદ્દેશ્ય છે. ગુણવત્તાવાળા પાણીનો પુનઃ ઉપયોગ કરી શકાય એ આ ટેસ્ટનો ઉદ્દેશ્ય છે. મુંબઈની ખાનગી સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટધારકો પણ પાલિકાની આ લેબોરેટરીમાં પાણીની તપાસ કરાવી શકશે. પાલિકાની પ્રયોગશાળાને માન્યતા મળવાને કારણે પુનઃપ્રક્રિયા કરેલા પાણીની ગુણવત્તાની તપાસ કરાવનારા ટેસ્ટની સંખ્યા ચોક્કસ વધશે એવો દાવો પાલિકાએ કર્યો હતો.

હાલ મુંબઈમાં કોબાલા, બાન્દ્રા, વરલી, મલાડ, ભાંડુપ, ઘાટકોપરમાં સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલા છે. આ પ્લાન્ટમાં પ્રક્રિયા કરવામાં આવેલું પાણી દરિયામાં છોડવા પહેલા આ પ્રોજેક્ટના ઠેકાણે તેને શુદ્ધ કરવામાં આવે છે. ■

# મુંબઈને વધુ એક વંદે ભારત મળી શકેઃ કોલ્હાપુર વાયા પુણે જશે

મુંબઈઃ મુંબઈ-મહારાષ્ટ્રને એક પછી એક વધુ વંદે ભારત ટ્રેનની સુવિધા મળી રહી છે ત્યારે આગામી દિવસોમાં વધુ એક વંદે ભારત ટ્રેન મળશે. મુંબઈગરાને વધુ એક એટલે સાતમી વંદે ભારત એક્સપ્રેસ મળે તેવી શક્યતા છે, જેમાં મુંબઈ-પુણે-કોલ્હાપુર રૂટ દોડાવવાની યોજના છે.

સીએસએમટી-પુણે-સોલાપુર રૂટ પર મુંબઈથી પુણેને જોડનારી આ બીજી વંદે ભારત એક્સપ્રેસ હશે. આ ટ્રેનથી મુંબઈ, પુણે અને કોલ્હાપુર વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે કનેક્ટિવિટી વધશે, મુસાફરી ઝડપી અને વધુ સુવિધાજનક બનશે અને આ શહેરોના વિસ્તારોને આર્થિક વેગ મળશે તેવી અપેક્ષા છે.

મધ્ય રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે હાલમાં મુંબઈ અને કોલ્હાપુર વચ્ચેની સૌથી ઝડપી ટ્રેન મહાલક્ષ્મી એક્સપ્રેસ છે, જે ૫૧૮ કિલોમીટરનું અંતર લગભગ ૧૦.૩૦ કલાકમાં કાપે છે. ટ્રેનની સરેરાશ સ્પીડ ૪૮.૯૪ કિ.મી. પ્રતિ કલાક છે. વંદે ભારત તેની શ્રેષ્ઠ ક્ષમતાઓ સાથે મુસાફરીના સમયને નોંધપાત્ર રીતે ઘટાડશે તેવી અપેક્ષા છે, જો કે ચોક્કસ સમયપત્રક હજી નક્કી કરવામાં આવ્યું નથી.

પુણે-મિરજ લાઇનને બમણી કરવાથી, હવે ઝડપી ટ્રેન સંચાલન માટે વધુ ટ્રેક ઉપલબ્ધ થશે. જે આ રૂટ પરની હાલની સેવાઓની તુલનામાં સમયની નોંધપાત્ર બચત કરશે. આ વધારા સાથે, મધ્ય રેલવે મુંબઈથી પાંચ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોનું સંચાલન કરશે, જ્યારે પશ્ચિમ રેલવેમાં મુંબઈ અને ગુજરાત વચ્ચે દોડતી બે સેવાઓમાં મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર અને મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ રૂટનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોની કુલ સંખ્યા વધીને ૧૧ થશે, જેમાં નાગપુર અને પુણેની હાલની સેવાઓનો સમાવેશ થાય છે. વધુ બે રૂટ નાગપુર-સિકંદરાબાદ અને પુણે-હુબલી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. વંદે ભારત એક્સપ્રેસ, તેની ઝડપ, આરામદાયક અને અદ્યતન સુવિધાઓ માટે વખણાય છે, તે ભારતીય રેલવેના આધુનિકીકરણના પ્રયાસોથી મુસાફરોને શ્રેષ્ઠ મુસાફરીનો અનુભવ કરાવે છે. ■

# મઢ-વર્સોવા પુલનો ખર્ચ ૧૮૦૦ કરોડથી વધીને ૩,૯૯૦ કરોડ કેમ થયો? આ રહ્યો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ ઉપનગરના મલાડ (પશ્ચિમ)ના મઢ બેટના રહેવાસીઓને અંધેરી જવા માટે લગભગ ૧૮.૬ કિલોમીટરનું અંતર પાર કરવું પડે છે, તે માટે દોઢ કલાકથી વધુ સમય લાગે છે. પરંતુ મઢ અને વર્સોવા વચ્ચે આવેલી વર્સોવા ખાડી પર બાંધવામાં આવનારા પ્રસ્તાવિત પુલને કારણે ૧૮.૬ કિલોમીટરનું અંતર પાંચ કિલોમીટર પર આવી જશે અને પ્રવાસનો સમય દોઢ કલાકથી માત્ર ૨૦ મિનિટ થઈ જશે. આ પુલને કારણે ઈંધણની સાથે જ સમયની પણ બચત થશે અને પર્યાવરણનું પણ જતન થશે એવો દાવો મુંબઈ મહાનગરપાલિકાએ કર્યો છે. આ પ્રોજેક્ટનો ખર્ચનો અંદાજ અગાઉ ૧૮૦૦ કરોડ રૂપિયા હતો પણ હવે તે ૩,૯૯૦ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે.

મઢ-વર્સોવા પુલના બાંધકામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે અને તેને કારણે ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો હોવાના સતત આક્ષેપ થઈ રહ્યા છે ત્યારે સુધરાઈએ આ પ્રોજેક્ટ વિશે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટના ટેન્ડર ડિઝાઈન એન્ડ બિલ્ડ આધારિત હતા, જેમાં પ્રોજેક્ટનું મુખ્ય એન્જિનિયરિંગ કામ સ્ટ્રક્ચર, મૅકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કામનો ખર્ચ, એલિવેટેડ રોડ, કેબલ સ્ટે પૂલ, સીસીટીવી, સ્ટ્રીટ લાઈટ, કંટ્રોલ રૂમ સહિતના અનેક કામ માટે ગુડ્સ એન્ડ સર્વિસને બાકાત રખાતા ૨,૦૩૮ રૂપિયાનો ખર્ચ અંદાજિત હતો. આ અંદાજિત ખર્ચ ટેન્ડરની સૂચનામાં પણ જાહેર કરવામાં આવ્યો હતો. ટેન્ડરમાં મેસર્સ. એપકો-આરબીએલ (જેવી) એ સૌથી ઓછી બોલી ૨,૦૨૯ કરોડ રૂપિયા (જીએસટી બાકાત)ની લગાવી હતી. આ બોલી પાલિકાના અંદાજ કરતા ૦.૪૪ ટકા કરતા ઓછી છે. કુલ કામનો સમયગાળો ચોમાસાને પકડીને ૪૨ મહિના છે, જેમાં શરૂઆતના છ મહિનાનો સમય પર્યાવરણ સંબંધી મંજૂરી અને નો ઓબ્જેકશન સર્ટિફિકેટ મેળવવામાં માટે છે અને પ્રત્યક્ષ પ્રોજેક્ટના બાંધકામનો સમયગાળો ૩૬ મહિનાનો છે. આ કૉન્ટ્રેક્ટ મેસર્સ. એપ્કો-આરબીએલને આપવામાં આવ્યો છે.

સુધરાઈના અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટની કુલ કિંમત ૩,૯૯૦ કરોડ રૂપિયા હોઈ તેમાં ૧૮ ટકા જીએસટી સહિત અન્ય પ્રકારના કરવેરા અને કન્સલ્ટન્સી સર્વિસનો સમાવેશ થાય છે. ■

# ડબ્બાવાળાઓ અને ચર્મકારો માટે પરવડી શકે એવાં ૧૨ હજાર ઘર બનાવાશેઃ ફડણવીસ

મુંબઈઃ પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ ત્રણ વર્ષમાં ચર્મકાર સમુદાય અને ડબ્બાવાળાઓ માટે પરવડી શકે એવાં ૧૨ હજાર ઘર બનાવવામાં આવશે, એવું નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. આ માટે હાઉસિંગ પ્રોજેક્ટ માટે ફડણવીસે ડેવલપરો સાથે એમઓયુ સહી કર્યું હતું. અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર મ્હાડાના પ્રોજેક્ટ હેઠળ પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ આ ઘરો બનાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ માટે ૩૦ એકર જમીન ફાળવવામાં આવશે. ૫૦૦ સ્કે. ફૂટના આ ઘરો પચીસ લાખ રૂપિયામાં આપવામાં આવશે, એવું યાદીમાં જણાવવામાં આવ્યું હતું. ડબ્બાવાળાઓએ સેવેલું પોતાનું ઘરનું સપનું સાકાર થશે, એવું ફડણવીસે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ચોરીના અનેક ગુનામાં સંડોવાયેલો આરોપી પકડાયોઃ મોબાઈલ-રોકડ જપ્ત

થાણેઃ મીરા-ભાયંદરમાં ચોરીના અનેક ગુનામાં સંડોવાયેલા આરોપીને પકડી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આરોપી પાસેથી મોબાઇલ અને રોકડ સહિત રૂ. ૯૨ હજારની મતા જપ્ત કરાઇ હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

આરોપીની ઓળખ અબ્દુલ રહેમાન તાહીર બાદુ તરીકે થઇ હતી, જે નાલાસોપારાનો રહેવાસી છે. સ્થાનિક રહેવાસની ફરિયાદને આધારે મીરા રોડના કાશીગાંવ પોલીસ સ્ટેશનના સ્ટાફે આરોપીને પકડી પાડ્યો હતો. ફરિયાદીએ જણાવ્યું હતું કે ૮ સપ્ટેમ્બરે સવારે તેની પત્નીનો મોબાઇલ ઘરમાંથી ચોરાયો હતો. ઘરનો સામાન અસ્તવ્યસ્ત હતો અને મુખ્ય દરવાજો ખુલ્લો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ચોરાયેલા મોબાઇલનું લોકેશન ટ્રેસ કરીને આરોપીને પકડી પાડ્યો હતો. તેની પાસેથી ફરિયાદીની પત્નીના મોબાઇલ સહિત ૧૨ મોબાઇલ તથા અમુક રોકડ મળી આવી હતી. (પીટીઆઇ) ■

## છેલ્લા પાનાનું ચાલુ

### નિયમિતપણે

ભાંડુપ સ્ટેશને ૩.૧૮ વાગ્યે પહોંચી હતી. ૨૭ કિલોમીટરની મુસાફરી રેલવે પ્રધાને આશરે ૪૪ મિનિટમાં પૂરી કરી હતી. આ અંગે મધ્ય રેલવેએ ટ્વીટ પણ કર્યું હતું. રેલવે અધિકારીએ કહ્યું હતું કે રેલવે પ્રધાન આજે એક કાર્યક્રમ નિમિત્તે ભાંડુપ પહોંચ્યા હતા. અંબરનાથની સ્લો લોકલ ટ્રેન રાઈટ ટાઈમ એટલે નિયત સમય પ્રમાણે ભાંડુપ પહોંચી હતી, લોકલ ટ્રેનમાં પ્રવાસીઓની સાથે સાથે રેલવેના અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી હતી.

મધ્ય રેલવેની લોકલ ટ્રેનો રેગ્યુલર મોડી પડતી હોવાની પ્રવાસીઓની ફરિયાદો વચ્ચે પણ આજે રેલવે પ્રધાનની લોકલ ટ્રેન નિયત સમયે પહોંચવા અંગે રેલવે પેસેજન્જર એસોસિયેશને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

મધ્ય રેલવેમાં મે મહિનાના અંતમાં સિગ્નલિંગ સિસ્ટમ સહિત અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામકાજમાં સુધારા માટે એક મહિનાના બ્લોક પછી લોકલ ટ્રેનોનું શેડ્યૂલ ખોટકાયું છે. રેગ્યુલર ટ્રેનો અડધોથી પોણો કલાક મોડી પડતી હોવાથી તહેવારોના દિવસોમાં પ્રવાસીઓને ટ્રાવેલ કરવામાં હાલાકી પડે છે. મધ્ય રેલવેમાં રેગ્યુલર ૧,૮૦૦થી વધુ લોકલ ટ્રેન દોડાવવામાં આવે છે, જ્યારે મેઈન લાઈનમાં ૮૯૪ ટ્રેન દોડાવે છે, જેમાં ૬૨૩ સ્લો અને ૨૭૧ ફાસ્ટ ટ્રેનનો સમાવેશ થાય છે.

વિધાનસભાની ચૂંટણી નજીકમાં છે ત્યારે બહુ ઝડપથી પેન્ડિંગ પ્રોજેક્ટના અમલ માટે કામગીરી કરવામાં આવશે. રાજ્ય સરકાર પાસેથી પણ સારો સહકાર મળી રહ્યો છે, તેથી ટૂંક સમયમાં લોકલ ટ્રેનની કેપિસિટીમાં ટૂંક સમયમાં વધારો કરવામાં આવશે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં એકનાથ શિંદેની સરકારને જનતા મહાયુતિને આશીર્વાદ આપશે, એમ રેલવે પ્રધાને જણાવ્યું હતું. ■

### મુંબઈને

શિંદેએ કહ્યું હતું કે, અમે આ ઠરાવને પૂરો કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. એવું આયોજન કરવામાં આવ્યું છે કે મહારાષ્ટ્ર એક ટ્રિલ્યન ડોલરનું યોગદાન આપશે.

મુંબઈ, પાલઘર, થાણે અને રાયગડ જિલ્લાઓનો સમાવેશ થાય છે, તે વિસ્તારમાં મોટી ક્ષમતાના ડેટા સેન્ટર, વિસ્તરણ, દીઘી બંદર સાથે વિસ્તારની કાયાપલટ કરશે. વિશાળ દરિયાકિનારા પ્રવાસન ઉદ્યોગને પણ વેગ આપશે. મહારાષ્ટ્રમાં ઉદ્યોગો માટે અનુકૂળ વાતાવરણ છે. રોકાણકારોને સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. વિદેશી રોકાણ મેળવનાર મહારાષ્ટ્ર ભારતનું પ્રથમ રાજ્ય છે. મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્ર રોજગાર, સ્ટાર્ટ-અપ અને સ્વચ્છ ઊર્જામાં અગ્રેસર છે. ■

### સેલિબ્રિટી વહાલા

પરિસર જલદી ખાલી કરવા ધક્કે નથી ચડાવવામાં આવતો. બાપ્પા અને ચરણ સ્પર્શના દર્શન થયાની થોડી પળો પછી વીઆઇપી ગણાતા લોકો લાલબાગ ચા રાજાના બીજા પગને સ્પર્શતા તેમજ તેમના પગની બાજુમાં ઊભા રહીને સાથે તસવીરો લેતા જોવા મળ્યા હતા.

સોશિયલ મીડિયાને ફોલો કરતા લોકોએ લાલબાગ ચા રાજા માટે આદર વ્યક્ત કર્યો હતો, પણ આયોજકો પંડાલની મુલાકાત લેતા ભક્તજનો સાથે સરખું વર્તન કરવામાં કથિત રીતે નિષ્ફળ રહ્યા હતા એ વાત પર ભાર મૂક્યો હતો. સોશિયલ મીડિયા પર લખવામાં આવ્યું હતું કે 'ભગવાન ગણેશ પોતે લાલબાગ ચા રાજા મંડળના વર્તનને યોગ્ય ઠેરવે છે કે કેમ તે અંગે ખાતરી નથી! ભગવાન સામે ભક્તો સાથે આટલી હદે અલગ વર્તન ન કરવું જોઈએ.' ■

### ભાજપનુ

વર્ષથી લોકતંત્રને હાનિ પહોંચી હતી, પરંતુ હવે તે ફરી લડી રહ્યું છે.

ભાજપે રાહુલ ગાંધીની 'અનામત વિરોધી' ટિપ્પણી પર રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનનું એલાન કર્યું હતું.

મુંબઈમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપના દહિસરના વિધાનસભ્ય મનીષા ચૌધરીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસના સ્વર્ગસ્થ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુથી લઈને રાહુલ ગાંધી સુધી બધા આરક્ષણના વિરોધી રહ્યા છે.

વિરોધ પ્રદર્શન કરવા બદલ ભાજપની નિંદા કરતા, થોરાતે ભાજપ પર ખોટા અહેવાલો ફેલાવવાનો અને 'નૌટંકી' (નાટક) કરવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ તેમની ટિપ્પણીમાં ક્યારેય કહ્યું નથી કે આરક્ષણ દૂર કરવામાં આવશે.

ભાજપના નેતાઓ શેનો વિરોધ કરી રહ્યા છે? તેઓ માહિતીની ચકાસણી કરવાની જરૂર પણ અનુભવતા નથી. પરંતુ લોકો તેમની બનાવટી વાર્તાઓથી પ્રભાવિત થશે નહીં. લોકો જાણે છે કે આ તે જ ભાજપ છે જે બંધારણ વિરોધી અને અનામત વિરોધી છે, એમ થોરાતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું. ■

### મધ્ય રેલવે

એક્સ હેન્ડલ પર મુસાફરોને માહિતી આપતાં પોસ્ટ કર્યું હતું કે કેટલીક ટેક્નિકલ સમસ્યાઓને કારણે એસી ટ્રેનો શુક્રવારે નોન-એસી તરીકે દોડશે. દરમિયાન મધ્ય રેલવએએ નોન-એસી લોકલ ટ્રેન દોડાવી હતી, પરંતુ દિવસભર લોકલ ટ્રેનો રેગ્યુલર સમયથી મોડી દોડતા પ્રવાસીઓ નારાજ થયા હતા. નોન-પીક અવરમાં પણ લોકલ ટ્રેન અડધોથી પોણો કલાક મોડી દોડવાને કારણે નોન-એસી લોકલના પ્રવાસીઓ પણ રેલવેથી નારાજ થયા હતા. આ અંગે કલ્યાણના રહેવાસીએ સુશીલ પાંડેએ કહ્યું હતું. લોકલ ટ્રેનોના રોજના ધાંધિયાથી પ્રવાસીઓ પરેશાન છે, પરંતુ એના અંગે રેલવે કોઈ જાણકારી આપતું નથી. રોજની લોકલ ટ્રેનો અડધોથી પોણો કલાક મોડી દોડતી હોવા છતાં રેલવે આંખ આડા કાન કરે છે, એમ ડોંબિવલીના પ્રવાસીએ જણાવ્યું હતું. ■

### મને રાજ્યપાલ

નક્કી કર્યું, ત્યારે હું ભાજપમાં જોડાવા માંગતો નહોતો. વરિષ્ઠ નેતાઓએ મને દિલ્હી બોલાવ્યો. હું જ્યારે દિલ્હીમાં હતો ત્યારે મેં જે.પી. નડ્ડા અને વિનોદ તાવડેની હાજરીમાં ભાજપમાં પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે રક્ષા ખડસે પણ હાજર હતાં. તે સમયે તેઓએ મારા ખભ્ભે બીજેપીનો ખેસ પહેરાવ્યો હતો. આ ઘટનાના પાંચથી છ મહિના પછી પણ મારા ભાજપ પ્રવેશની જાહેરાત કરવામાં આવી નથી. હું હજુ રાહ જોઈ રહ્યો છું પણ હજુ સુધી કોઈ જાહેરાત થઇ નથી.

ખડસેએ બીજેપી પર વધુ પ્રહાર કરતાં કહ્યું કે, એમ મેં ક્યારેય કહ્યું નથી કે હું પ્રવેશ કરીશ. મને આવવાનું કહેવામાં આવ્યું હતું. આ પછી હું શરદ પવાર અને જયંત પાટીલ સાથે ચર્ચા કરવા ગયો હતો. ૪૦ વર્ષ સુધી ભાજપ માટે કામ કર્યું. પાર્ટી માટે આખું મહારાષ્ટ્ર જીત્યો. આટલું બધું થયા પછી પણ મારે તમને કહેવું પડે કે મને ભાજપમાં સામેલ કરો તે મારા માટે ખૂબ જ અપમાનજનક છે. ■

### પડોશીઓ

મોકલ્યા બાદ આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો હતો.

ઓપલ એપાર્ટમેન્ટના નવમા માળે આવેલા ફ્લેટમાંથી શુક્રવારે બપોરે ધુમાડો નીકળતો જોયા બાદ પડોશીઓએ અગ્નિશમન દળને તેની જાણકરી હતી. ફ્લેટનો દરવાજો અંદરથી બંધ હોવાથી બીજી ચાવીની મદદથી દરવાજો ખોલવામાં આવતાં અંદર આનંદી મુદલિયાર સોફા પર સળગેલી હાલતમાં નજરે પડી હતી. સોફો પણ સળગી રહ્યો હતો.

દરમિયાન અગ્નિશમન દળના જવાનો પણ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને આગ બુઝાવી દીધી હતી. આનંદીને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

સિનિયર ઇન્સ્પેક્ટર જોશીના જણાવ્યા અનુસાર આનંદી તેના પતિ સાથે અહીં રહેતી હતી, જ્યારે તેનો પુત્ર બીજી જગ્યાએ રહે છે. ઘટના સમયે આનંદીનો પતિ જમવાનું લેવા માટે બહાર ગયો હતો. આનંદી બીમાર રહેતી હતી અને તેની સારવાર ચાલી રહી હતી. તેમના ઘરે દોઢ દિવસના ગણપતિ પણ આવ્યા હતા. આનંદી દવાઓ લઇને કંટાળી ગઇ હતી અને તે દવાઓ બંધ કરવાનું વારંવાર કહેતી હતી, એવું તેમના પુત્રે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું. ■

## હિન્દુ મરણ

**ઘોઘારી મોઢ વણિક**

સુરેન્દ્રનગર નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. કોકીલાબેન દોશી (ઉં. વ. ૮૧) તે સ્વ. ડો. નંદકિશોર ફૂલચંદ દોશીના ધર્મપત્ની. સ્વ. ફૂલચંદ કાળીદાસ દોશીના પુત્રવધૂ. તે ચિ. મુકુન્દ, મહેશ, મનીષના માતુશ્રી. અ. સૌ. વૈશાલી, રૂપલ, દીપાના સાસુબા. ચિ. આયુષી, વત્સલ, પ્રિયાના દાદીબા. તા. ૧૩-૯-૨૪ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પિયરપક્ષે સ્વ. હીરાબેન ચુનીલાલ પારેખના સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૫-૯-૨૪ના રવિવારે ૫થી ૭. ઠે. પાટીદાર વાડી, એલ. બી. એસ. રોડ, ઘાટકોપર, (વે), લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કપોળ**

મહુવાવાળા હાલ ઇન્દોર સ્વ. કંચનબેન વૃજલાલ હરગોવિંદદાસ પારેખના મોટા પુત્ર બળવંતરાય પારેખ (ઉં. વ. ૮૮) તા. ૧૨-૯-૨૪ને ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે મંજુલાબેનના પતિ. શૈલેષ પારેખ, વર્ષા ગોરડિયા, પારૂલ મહેતા, મનીષા સંઘવી, કાજલ મહેતા, મેઘલ અસરાનીના પિતાશ્રી. માયા પારેખ, સ્વ. કિર્તીકુમાર ગોરડીયા, સ્વ. દીપકભાઇ મહેતા, મનીષ સંઘવી, મયંક મહેતા, પરાગ અસરાનીના સસરા. વિનીત, શ્રેયા મોદીના દાદા. જાફરાબાદવાળા સ્વ. કુંવરબેન હરજીવનદાસ કેશુરદાસ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મુળગામ પડોદર હાલ દહીંસર સ્વ. નરોતમદાસ તુલસીદાસ સિરોદરીયા (ઉં.વ. ૭૫) વિનોદભાઈ સિરોદરીયા, સ્વ. નિતીન સિરોદરીયા, ઈન્દુબેન રોહીતકુમાર વિઠલાણીના ભાઈ. સાગર, રોહન, નમ્રતાના પિતાશ્રી. સારિકાબેન, તનવીબેન, અમરકુમાર ગુણવંતરાય ગોવાણીના સસરા. વેનીસાના નાના. ખુશના દાદા. શ્રીજીચરણ પામેલ છે, તેમનું ટેલીફોનીક બેસણુ શનિવારે ૫ થી ૬.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

રાજુલા નિવાસી હાલ કાંદિવલી સ્વ. વસુમતિબેન ભવાનીદાસ મોદીના પુત્રવધૂ તથા પ્રવીણભાઈ મોદીના ધર્મપત્ની અ.સૌ. પ્રતીક્ષાબેન (ઉં.વ. ૬૯) ૯/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ખુશ્બૂ, હેનાના માતુશ્રી. નીરવકુમાર તથા ચિંતનકુમારના સાસુ. કરદેજ નિવાસી હાલ પાર્લા સ્વ. હિંમતલાલ મોહનલાલ મોદીના દીકરી. મહેન્દ્રભાઈ, હિતેનભાઈ, હર્ષાબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રીમાળી સોની**

શિહોર નિવાસી સ્વ. સોની પ્રતાપરાય ઝવેરભાઈ મુંજપરાના મોટાજમાઈ ભાવનગર નિવાસી સોની પ્રદીપકુમાર અનંતરાય ચાંપનેરી (ઉં.વ. ૭૫) ૧૨/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે હસુમતિબેનના પતિ. બિપીનભાઈ, અશોકભાઈ, માલતીબેનના બનેવી. પ્રાર્થનાસભા ૧૪/૯/૨૪ના ૪ થી ૬. જૂનું સ્વામિનારાયણ મંદિર, ૬૦ ફિટ રોડ, અંબાડી રોડ, વસઈ વેસ્ટ.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

મૂળગામ કચ્છ માંડવી હાલ કાંદિવલી સ્વ. વાલીબેન પોપટલાલ નાનાણીના પુત્રવધૂ ગં.સ્વ. ભાનુમતિબેન કિશોરચંદ્ર નાનાણી (ઉં.વ. ૭૭) તે ૧૦/૯/૨૪ના અક્ષરનિવાસી થયેલ છે. ઉર્મિલા, ચંદ્રકાંત, નયના તથા શોભનાના માતુશ્રી. પૂનમ, ભરત ટાંક, શૈલેષ કાચા, શૈલેષ સાગરના સાસુ. દેવાંશ, યશવી, મયુર, નિહાર, ભૂમિ, દિશા, શુભ, દેવ, હિરના બા. પિયરપક્ષે જામનગરવાળા સ્વ. ચંચળબેન મણિલાલ હીરજીભાઈ લાખાણીના દીકરી. સાદડી ૧૪/૯/૨૪ના ૫ થી ૭. અંશુલ હાઈટ્સ, એ વિંગ, બેન્કવેટ હોલ, પહેલે માળે, વસંત કોમ્પ્લેક્સ પાસે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**દશા નીમા વણિક**

બાલાસિનોર નિવાસી હાલ મુંબઈ કનુભાઈ મગનલાલ ધારિયા (સણીયાદવાળા) (ઉં.વ. ૯૨) તે સ્વ. કુમુદબેનના પતિ. ગં.સ્વ. શાંતાબેન તથા ગં.સ્વ. અરુણાબેનના દિયર. ભરત, પંકજ, હરેશ, કલ્પેશ, સંદીપ, નીરેન તથા હિતેષના કાકા. ૧૩/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળગામ ભાવનગર હાલ કાંદિવલી સ્વ. છગનલાલ મોહનલાલ મંકોડીયાના ધર્મપત્ની હીરાબેન મંકોડીયા (ઉં.વ. ૮૯) ૧૧/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે દિનેશભાઇ, કિશોરભાઈ, મુકેશભાઈ, વનીતાબેન જગડ, સ્વ. ઉષાબેન છાટબાર તથા રંજનબેનના માતુશ્રી. જયશ્રી, હર્ષા તથા દક્ષાના સાસુ. નિશિત, હર્ષલ, ધ્રુમિલના દાદી. સ્વ. પ્રભુદાસ, સ્વ. મોહનભાઇ, ચંપકભાઈ જોગીના બહેન. પ્રાર્થનાસભા ૧૫/૯/૨૪ના ૫ થી ૭. હાલાઇ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્ષટેનશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**લોહાણા**

જેજાદ નિવાસી હાલ કલ્યાણ ગં.સ્વ. કુમુદબેન લાલજીભાઈ સેજપાલ (ઉં.વ. ૯૩) તા. ૧૩/૯/૨૪ના શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. તે અશોકભાઈ, પ્રદીપભાઈ, મીનાબેન પ્રવીણકુમાર રૂખીયાણા, જ્યોતિબેન હેમંતકુમાર ઠક્કરના માતુશ્રી. મીતાબેન તથા રશ્મિબેનના સાસુ. ગોપાલ, હિરલબેન ભાવિક મસરાણી, અંકિત, શ્યામ, પિયુષનાં દાદી. વૈશાલી, સ્વાતિ, પુજા, ચાંદનીનાં દાદીસાસુ. સ્વયમ, ધૂન, હિતાર્થ, અશ્વિની, જેનિકાનાં પરદાદી. પ્રાર્થનાસભા તા. ૧૪/૯/૨૪ના ૪.૦૦ થી ૬.૦૦. માતુશ્રી શ્યામબાઈ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કલ્યાણ પશ્ચિમ.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૮ | | ૯ | ૨ | | |
| ૨ | | | ૫ | ૪ | ૧ | | | ૬ |
| | ૯ | | | | | | ૮ | |
| ૬ | | ૯ | | | | ૭ | | ૫ |
| | ૭ | | | | | | ૧ | |
| ૪ | | ૮ | | | | ૩ | | ૯ |
| | ૫ | | | | | | ૩ | |
| ૯ | | | ૧ | ૨ | ૪ | | | ૭ |
| | | ૭ | ૬ | | ૩ | ૧ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૬ | ૯ | ૧ | ૨ | ૭ | ૪ | ૫ |
| ૧ | ૭ | ૯ | ૪ | ૫ | ૬ | ૩ | ૮ | ૨ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૮ | ૭ | ૬ | ૯ | ૧ |
| ૩ | ૬ | ૧ | ૮ | ૪ | ૯ | ૨ | ૫ | ૭ |
| ૫ | ૪ | ૮ | ૨ | ૭ | ૧ | ૯ | ૩ | ૬ |
| ૭ | ૯ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૧ | ૮ |
| ૨ | ૫ | ૩ | ૬ | ૯ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૬ | ૮ | ૭ | ૧ | ૩ | ૪ | ૫ | ૨ | ૯ |
| ૯ | ૧ | ૪ | ૭ | ૨ | ૫ | ૮ | ૬ | ૩ |

### ચતુર આપો જવાબ

ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં અનેક બેટ્સમેને ટ્રિપલ સેન્ચુરી ફટકારી છે. આ સિદ્ધિ ટેસ્ટમાં સૌપ્રથમ કોના નામે બોલે છે એ જણાવો.

### માથું ખંજવાળો

અ) લેન હટન
બ) હનીફ મોહમ્મદ
ક) ડોન બ્રેડમેન
ડ) એન્ડી સંધામ

### નોંધી રાખો

થાય એટલી બધાની સેવા કરો, પણ અપેક્ષા કોઈની પાસે ન રાખો. કારણ કે સેવાની સાચી કિંમત તો ઈશ્વરના જ દરબારમાં થાય છે, માનવીના નહીં.

### માઈન્ડ ગેમ

મોટર કે કાર તરીકે ઓળખાતું ચાર પૈડાંવાળું વાહન વિશ્વમાં સૌપ્રથમ કોણે બનાવ્યું હતું એ કહી શકશો? ત્યારે ગેસ એન્જિનથી વાહન ચાલતું હતું.

અ) કિંચિરો ટોયોટા બ) કાર્લ બેન્ઝ
ક) એન્ઝો ફરારી ડ) ફર્ડીનાન્ડ પોર્શ

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| પ્રખર | ઉગ્ર |
| પ્રચંડ | પુષ્કળ |
| પ્રત | નકલ |
| પ્રતિકાર | સામનો |
| પ્રતિહાર | દ્વારપાળ |

ગુજરાત મોરી મોરી રે
પવિત્ર

**ઓળખાણ પડી**
લેક્રોસ

**માઈન્ડ ગેમ**
સિક્કિમ

**ચતુર આપો જવાબ**
માથું ખંજવાળો
ફેડ સ્પોફોર્થ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ડો. પ્રકાશ કટિકયા (૪) ભારતી પ્રકાશ કટિકયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસઈ (૭) મુલરાજ કપૂર (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) પ્રતીમા પમાણી (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૪) લિજતા ખોના (૧૫) વિભા મહેશ્વરી (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરુ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મીનળ કાપિડયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) પુષ્પા પટેલ (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હર્ષા મહેતા (૩૩) મહેશ દોશી (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અરવિંદ કામદાર (૩૬) પ્રવીણ વોરા (૩૭) અંજુ ટોલિયા (૩૮) વિણા સંપટ (૩૯) દેવેન્દ્ર સંપટ (૪૦) રજનીકાંત પટવા (૪૧) ભાવના કર્વે (૪૨) સુનીતા પટવા (૪૩) નિતીન બજરિયા (૪૪) કલ્પના આશર (૪૫) પુષ્પા ખોના (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) મહેશ સંઘવી

# વીકએન્ડ

## ભાત ભાત કે લોગ

feedback@bombaysamachar.com
જ્વલંત નાયક

## ખલનાયકોનું બીજું પાસુ:
# સિક્કે ઔર ઈન્સાન મેં શાયદ યહી ફર્ક હૈ!

'લેકિન ઠાકુર સાહબ યે દોનો કિસી કામ કે નહિ!... ખોટા સિક્કા તો દોનો હી તરફ સે ખોટા હોતા હૈ'

ફિલ્મ 'શોલે'માં જ્યારે સંજીવ કુમાર એક પોલીસ ઓફિસર પાસે જય અને વીરુની (એટલે કે આપણા અમિતભાઈ-ધમાભાઇ) માગણી કરે છે ત્યારે પેલો વર્દીધારી ઓફિસર બંને 'નમૂનાઓ'ને ખોટા સિક્કા ગણાવતો અભિપ્રાય આપે છે ત્યારે સંજીવ કુમાર જે જવાબ આપે છે એમાં ડાયલોગ રાઈટરની મહારથ છતી થાય છે:

'સિક્કે ઔર ઇન્સાન મેં શાયદ યહી ફર્ક હૈ!'

બીજા શબ્દોમાં કહીએ તો ગમે એવો નકામો-નઠારો માણસ પણ જીવનના કોઈ એકાદ પાસામાં સારપ ધરાવતો હોય એમ બને!

ઇતિહાસના પાને જેમનાં નામ નઠારા કહી શકાય એવા લોકોની યાદીમાં ટોચે છપાયેલા છે એમની કેટલીક સારી બાજુ વિશે આજે વાત કરીએ.

હિટલર. ચાર અક્ષરનું આ નામ વિશ્વના ઇતિહાસમાં અમર છે. લાખો લોકોને ભરખી જનાર બીજા વિશ્વયુદ્ધના જનક તરીકેનું 'શ્રેય' હિટલરને આપવામાં આવે છે, પણ અવગણી ન શકાય એવડો વર્ગ એવું માને છે કે હિટલરે ય વિશ્વના બીજા નેતાઓ જેવા જ ગુણ ધરાવતો હતો. એનામાં સારા અને ખરાબ, બંને પ્રકારના ગુણ હતા, અને વિશ્વયુદ્ધ માટે એ એકલો થોડો જવાબદાર હતો? બીજા ય ઘણાં પરિબળો હતાં. જો એણે રશિયા પર હુમલો કરવાની ભૂલ ન કરી હોત તો બ્રિટનને હરાવીને જર્મનીને મહાસત્તા તરીકે સ્થાપિત કરી શક્યો હોત. વિજેતાઓ જ ઇતિહાસ લખે છે એ ન્યાયે આપણે સહુ હિટલરને 'હીરો' ચીતરતા. ને ઇતિહાસ ભણીને એના ગુણગાન ગાતા હોત! ખેર, આ બધી તો 'જો અને તો' ની વાત થઇ, પણ હિટલરે અમુક ખરેખર સારાં કામ પણ કર્યાં છે.

હિટલર પોતે શાકાહારી હતો.એટલું જ નહિ, એણે જર્મનીમાં પ્રથમ વાર 'એનિમલ પ્રોટેક્શન એક્ટ'(૧૯૩૩) પસાર કરેલો. આ કાયદા હેઠળ એવા લોકોને કડક સજા થતી, જે પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા દાખવતા હોય! એમાં સર્કસ અને ઝૂ વાળાને ય આવરી લેવામાં આવ્યા હતા. કાયદા હેઠળ જંગલી પ્રાણીઓના શિકાર ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ઘણા ટીકાકારો માને છે કે પ્રાણીઓ પ્રત્યેનો હિટલરનો પ્રેમ 'જર્મન પ્યોરિઝમ'ની એની વિચારસરણીને આભારી હતો. જર્મન ભૂમિની સાથે આ ભૂમિ પર વસતાં પ્રાણીઓને પણ એ સાંસ્કૃતિક વારસા તરીકે જોતો હતો. મગજ ઠેકાણે રાખીને વિચારો તો સમજાશે કે કોઈ માણસ પશુ-પક્ષીઓને કે જંગલોને પોતાના દેશના સાંસ્કૃતિક વારસા તરીકે નિહાળતો હોય તો એમાં ખોટું કશું નથી. એનાથી


હિટલર


પાબ્લો એસ્કોબાર


સદ્દામ હુસેન


અલ કપોન

કુદરતનું સંવર્ધન જ થાય છે ને? આપણો આદિવાસી સમાજ પણ દુનિયાનો દરેક પ્રાચીન સમાજ પ્રકૃતિનાં તત્ત્વોને જ દેવતા ગણીને પૂજતો આવ્યો છે. એનાથી પ્રકૃતિનું સંવર્ધન થાય તો ખોટું શું છે!

નેપોલિયન એક સમયે આખા યુરોપ પર રાજ કરવા માગતો હતો. ઇતિહાસમાં એની છાપે ય બહુ સારી નહિ. એવું કહેવાય છે કે ૧૭૯૦ થી ૧૮૧૦ વચ્ચેના એના વિવિધ લશ્કરી કાર્યવાહીને પાપે તેર લાખ જેટલા ફ્રેંચ નાગરિકો ઉકલી ગયેલા! બીજી તરફ નેપોલિયનના શાસન હેઠળ કેટલાક અદ્ભુત કાયદા ચલણમાં આવ્યા. આ નેપોલિયન કોડ્સ નાગરિકો વચ્ચે ખરા અર્થમાં સમાનતાની તરફેણ કરનારા હતા. ફ્રેંચ સમાજના નીચલા વર્ગો સદીઓથી સામંતશાહી વ્યવસ્થા હેઠળ કચડાઈ મૂએલા. નેપોલિયન કોડ્સે આ સામંતશાહીને કાઢવામાં પાયાની ભૂમિકા ભજવી હતી.

નેપોલિયનની માફક જ ઈરાકના કુખ્યાત સરમુખત્યાર સદ્દામ હુસેને પણ કંઈ કેટલાય લોકોને દફનાવી દીધેલા. અત્યંત ક્રૂર સરમુખત્યાર તરીકે જાણીતા સદ્દામે ઈરાકમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં બહુમૂલ્ય ફાળો આપ્યો. એણે રસ્તાઓ બનાવડાવ્યા, ખાણ-ખનીજ ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું અને સાથે જ ઈરાકમાં બીજી અનેક ઇન્ડસ્ટ્રીઝ શરૂ કરાવી. જાણીને આશ્ચર્ય થશે, પણ સદ્દામ પૂર્વેના ઈરાકમાં ઈલેક્ટ્રીસિટી કઈ બલાનું નામ છે એ મોટા ભાગની પ્રજાને જોવા-જાણવા નહોતું મળ્યું. સદ્દામે દેશનાં અનેક સ્થળોએ વીજળી પહોંચાડી. એણે શિક્ષણ પર ભાર મૂક્યો અને શિક્ષણને ફરજિયાત બનાવ્યું. સૌથી મોટું આશ્ચર્ય તો એ બાબતનું છે કે સદ્દામના શાસનમાં સ્ત્રીઓની 'ક્વોલિટી ઓફ લાઈફ'માં સુધારો નોંધાયો. સદ્દામનો દીકરો ઉદય અને કંઈક અંશે સદ્દામ ખુદ સ્ત્રીઓ પર અત્યાચાર કરનારાની ઈમેજ ધરાવે છે, પણ સદ્દામ પહેલાના સમયમાં ઈરાકી સ્ત્રીઓની દશા માઠી હતી એ ય હકીકત છે. સદ્દામના શાસન હેઠળ સ્ત્રીઓને લગ્ન, તલાક અને વારસાઈ જેવા હકો પ્રાપ્ત થયા!

સરમુખત્યારોની વાત કરીએ તો નામીચા ગેન્ગસ્ટર્સ શું કામ પાછળ રહી જાય? માનો યા ના માનો, મુસીબત સમયે પ્રજાને મદદરૂપ થવાનું હોય ત્યારે ભારતના ભાઈલોગ મોટે ભાગે પોતાના પંથ, જ્ઞાતિ કે ધર્મ પૂરતા સીમિત રહી જાય છે, પણ બીજા દેશોમાં એવું નથી.

૧૯૩૦માં અમેરિકા ભયંકર મંદીમાં સપડાયેલું. મોટા ભાગની પ્રજા ભૂખે મરે. એ વખતે શિકાગોમાં ઐતિહાસિક ગેંગસ્ટર અલ કપોનના નામના સિક્કા પડતા. અલ કપોને કદાચ બાળપણમાં બહુ ભૂખમરો વેઠ્યો હશે કે કેમ, એની ખબર નહિ, પણ લોકોને ભૂખે મરતા જોઈને એનું કાળમીંઢ પથ્થર જેવું હૃદય દ્રવી ઉઠ્યું. વિરોધી ગેંગસ્ટર્સને ભાજી-મૂળાની જેમ ઉડાડવા માટે કુખ્યાત કપોન શિકાગોના લોકોને બચાવવા મેદાને પડ્યો. એણે તળ શિકાગોમાં એક કિચન શરૂ કર્યું. આ કપોન કિચનમાં ભૂખ્યા લોકોને પૌષ્ટિક સૂપ પીરસવામાં આવતો ય સાવ મફત! સરકારી સહાય મેળવવા માટે લોકોએ જાતજાતના ફોર્મ ભરવા પડતા અને પોતે ખરેખર ભૂખે મરે છે એ સાબિત કરવું પડતું, જ્યારે કપોન કિચનમાં જઈને હાથ ધરો એટલે તમને કશી પૂછપરછ વિના સૂપનો બાઉલ પકડાવી દેવાતો. આ રીતે અલ કપોને મંદીના કપરા કાળમાં અનેક ભૂખે મરતા લોકોનું પેટ ભરેલું!.

આવો જ એક બીજો ખતરનાક ડોન એટલે 'કિંગ ઓફ કોકેન' તરીકે કુખ્યાત પાબ્લો એસ્કોબાર. કોલંબિયાનો આ ગેન્ગસ્ટર પણ પોતાના વિરોધીઓને પૂરા કરવા માટે મુહૂર્તની રાહ ન જોતો. એ જ રીતે, કોઈ ગરીબ- જરૂરિયાતમંદને જોઈને એની અંદરનો 'રોબિનહુડ' જાગી ઉઠતો. એણે પોતાની કમાણીનો એક મોટો હિસ્સો લોકોની જરૂરિયાત પૂરી કરવામાં, હોસ્પિટલ્સ બનાવવામાં વાપર્યો હોવાનું કહેવાય છે. પોલીસ અને સરકારી તંત્ર ભલે પાબ્લોનું દુશ્મન બની બેઠેલું, પણ આમ જનતા પોતાના આ રોબિનહુડ પર ફિદા હતી. પાબ્લો સ્પોર્ટ્સમાં પણ રુચિ લેતો, અને એણે એક સોકર ટીમને પણ સ્પોન્સર કરેલી.


બીજી બાજુ, જાપાની માફિયા તો વળી સમાજસેવામાં બધા કરતાં ચડે એવા. જાપાનમાં માફિયાને 'યાકુઝા' તરીકે ઓળખવામાં આવે છે. આવા યાકુઝા પોતાના આખા શરીરે છુંદણા ત્રોફાવતા હોય છે. ૨૦૧૧માં જાપાનમાં મહાવિનાશક ભૂકંપ આવ્યો ત્યારે યાકુઝા મંડળીઓએ પોતાની નાણાંની કોથળી ખુલ્લી મૂકી દીધેલી. ખોરાક, પાણીથી માંડીને બીજી અનેક જીવન જરૂરી સામગ્રીની ટ્રકો ભરી ભરીને લોકોને સાવ મફતમાં વહેંચી દેવામાં આવી. આ પ્રકારની પ્રવૃત્તિથી અનેક લોકોને ખરે ટાણે મદદ મળી ગઈ. જાપાનમાં અનેક લોકો આજે ય યાકુઝાને માનની નજરે જુએ છે.

અહીં ખલનાયકોને સારા ચીતરવાનો કોઈ ઉપક્રમ નથી. હિટલર, નેપોલિયન, સદ્દામ હુસેન, પાબ્લો એસ્કોબાર, અલ કપોન વગેરે જેવાએ આચરેલા હત્યાકાંડનો કોઈ બચાવ થઇ શકે એમ નથી. વાત માત્ર એટલી જ છે, કે ખોટા સિક્કા ભલે હી દોનો તરફ સે ખોટા હો, પણ ખોટો આદમી જીવનના અમુક પાસામાં જેન્ટલમેન નીવડી શકે છે. ■

## મસ્ત રામની મસ્તી

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી

# પપ્પા, મગર જોવા લઈ જાવ



બે દિવસમાં ગણપતિ ઉત્સવ પૂર્ણ થઈ જશે અમુક આયોજકોએ સફેદ ઉંદરોને ગણપતિ બાપા પાસે રાખ્યા છે. લોકો માટે તે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.એ આયોજક ની વ્યવસ્થા છે પરંતુ અમુક નેતાઓએ પ્રજા માટે એવી વ્યવસ્થા કરી છે કે ધીમે ધીમે પ્રાણી સંગ્રહાલયના પ્રાણીઓ શહેરમાં ફરવા લાગ્યા છે .ગીરના સિંહ જૂનાગઢની સોસાયટીમાં આંટા મારે, મસમોટા અજગર રાજકોટના રહેણાક વિસ્તારમાં તો વડોદરામાં જાણે લોકો ભાખરવડી ખાવા માટે ફરતા હોય તેમ રસ્તા ઉપર મગર એન્ડ ફેમિલી આંટા મારતા દેખાયા.

આ બાજુ અમારા પાડોશીના દીકરાએ છેલ્લા બે દિવસથી ઉપાડો લીધો છે-રોતો જાય ને એક જ વાક્ય બોલતો જાય: 'પપ્પા, મગર જોવા લઈ જાવ!'.

આવા બધા મુદ્દા વાયા ચુનિયા મારા લગી આવે. સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મુંબઈ જેવો ભારે વરસાદ પડ્યો અને સૌરાષ્ટ્ર - ગુજરાતવાળા ત્રાહિમામ પોકારી ગયા. અમારે તો મિલીમીટરથી ઉપર સેમી.માં વરસાદ જાય એટલે હારેલી ટીમના કેપ્ટન જેવું મોઢું થઈ જાય.

પખવાડિયા પહેલાં તો ગુજરાતમાં ફૂટમાં વરસાદ પડ્યો.વડોદરા શહેરમાં વિશ્વામિત્રી નદી એટલે મગરોનું મોસાળ.મગરોના મનમાં પણ શું થયું હશે કે મોજમાં આવીને શહેર આખામાં ચાલ શક્તિની પરાકાષ્ઠા સમા મોહરા પહેરેલા માણસોને જોવા નીકળી પડ્યા.

વિશ્વામિત્રીમાં નાહી ધોઈ અને શહેર આખામાં ફુલ પ્રૂફ પ્રમાણિક નેતાઓની કૃપાથી મગરો મોજથી શહેરમાં ફર્યા. એમાં પણ મીડિયાવાળા પણ મગર કોઈ દિવસ જોયા ન હોય તેમ ઝૂમ કરી કરી અને એકને એક મગરને ૫૦ વાર ૨૪ કલાક સુધી દેખાડ્યો. મગર પણ ટીવીમાં પોતાની સુંદરતા જોઈ અને બીજા મગરોને મોસાળમાંથી ફરવા બોલાવી લીધા . અને પછી તો ગુજરાતીમાં કહેવાય છે ને કે તમાસે કો તેડાં નહીં હોતા. જોકે મગર પણ બહુ કોપરેટિવ હતા. તેણે કોઈ માણસોને નુકસાન ન પહોંચાડ્યું અને નેતાઓ ઘરની બહાર નીકળ્યા નહોતા. ટીવીમાં મગર જોઈ અને કંજૂસ કડકા કુમુદ કાકાના દીકરાના દીકરાએ ઘર માથે લીધું કે મને આ બધા મગરો જોવા લઈ જાવ..'

છોકરાને સમજાવવા જ્યારે હું ગયો ત્યારે સાચી હકીકતની મને ખબર પડી કે કુમુદકાકા સાથે જૂની અને બારમો ચંદ્રમા અને ભૂતકાળમાં 'ચોર કે ઘર મોર' ની જેમ ચુનિયાને કુમુદકાકા ચાર - પાંચ વાર બાટલીમાં ઉતારી નુકસાન પહોંચાડી ચૂક્યા હતા. શાતિર ચુનિયો મોકાની રાહ જોતો હતો અને છોકરાના છોકરા એક ચોકલેટ ચગળીને પૂરી કરે ત્યાં સુધીમાં એવો સમજાવ્યો કે પ્રાણી સંગ્રહાલયમાં જે મગર હોય છે તે ખોટા હોય છે સાચા મગર અત્યારે વડોદરામાં છે . એવું પણ સમજાવ્યું કે મગરને ખાવાના બિસ્કિટ સાથે લઈ જવાના તો મગરની સવારી કરવા મળે. ઘરના ચાર -પાંચ લોકો છોકરા સમજાવતા હતા.મગર જોવાની જિદ પકડેલો છોકરો માની જવાની તૈયારીમાં હતો ત્યાં ચુનિયો પાછો પહોંચી ગયો. ઉમેદવારી પત્ર પાછું ખેંચવા ગયેલા ઉમેદવારને રોકડા રૂપિયાની બેગ બતાડી ઝનુનથી લડવા માટે તૈયાર કરે તેવું કામ બીજી ચોકલેટે કર્યું.

છોકરાએ રોતા રોતા ચુનિયાને પણ સાથે લેવાની જીદ કરી. કુમુદ કડકાએ સમજાવવાની બહુ કોશિશ કરી, પરંતુ માનતા ન હોય તે જલ્દી માને નહીં. બીજે દિવસ સવારે મગર જોવા જવાનું નક્કી થયું. ચુનિયાએ મને પણ ધરાર સાથે લીધો.

બીજી બાજુ, મગરની દુનિયામાં પણ સમાચાર ફેલાઈ ગયા. એ બધાને ચુનિયાને જોવાની તાલાવેલી હતી. મગર સમાજમાં વાત ફેલાઈ ગઈ કે કાલે એક અજીબ પ્રાણી વડોદરામાં પ્રવેશ કરવાનું છે. મગરોની મીટિંગ ભરાઈ . વરિષ્ઠ મગરે હાથમાં માઈક પકડી અને આખી જિંદગીમાં કશુંક નવું જોવાની તક માટે શુભકામનાઓ પાઠવી, પરંતુ સાથે સાથે સચેત રહેવા પણ કહ્યું. દરેક મગરએ પોતાની મગરીને સાચવવી. મગર કન્યાઓએ ગારા કીચડમાં જ રહેવું. નાહી- ધોઈ ખોટા મેકઅપ કરી ચુનિયા સામે ન જાવું. જુવાન મગર મગરીઓએ વરિષ્ઠ મગરને મોઢું મચકોડતા અણગમો વ્યક્ત કર્યો, કારણ કે જુવાન મગર- મગરીને ખુલ્લેઆમ કરવા માટે માંડ મોકો મળ્યો હતો.

ચુનિયાએ જેમ વડોદરા ફરવા માટે છોકરાને ચડાવ્યો હતો તેમ મગર વર્લ્ડમાં પણ વડોદરા ફરી લેવાનો ઉમંગ હતો. કુમુદ કડકાના ઘરે મીટિંગ થઈ કે મગર જોયા પછી બીજું વડોદરામાં શું શું જોવા જવું? કુમુદે મફત જોવા જવાની જગ્યાઓનું લિસ્ટ બનાવ્યું.

બીજી બાજુ જુવાન મગર ભેગા થઈ વડોદરામાં કઈ કઈ જગ્યાએ ફરવા જેવું છે અને કેટલું રોકાવું? વગેરે બાબતમાં ચર્ચામાં લાગ્યા. જુવાન મગરીઓ નવરાત્રી સુધી વડોદરામાં રોકાવાના પ્લાનમાં હતી. વડીલોએ પાણીઓસરતા જ ખાડાવાળા રોડ પર ચાલી ચાલીને થાકી જશો તેવી દલીલ કરતા જુવાર મગરીઓ અંબાલાલની આગાહીવાળું છાપું ક્યાંકથી ગોતી આવી.

વડીલ મગરો ભેગા થઈ અને ચુનિયાને જોવાનાં પ્લાન બનાવવા લાગ્યા. સવારે ગેંડા સર્કલ ભેગા થઈ ગયા અને મગરોમાં ભાગાભાગી શરૂ થઈ. ભૂલેચૂકે પણ જો પાણી ઓસરવાના ચાલુ થાય ને ચુનિયાની નજર પડી જાય ને પછી જો એને સવારી કરવાનું મન થાય તો મગરોની દુનિયામાં બેસણાં - ઉઠમણાં ચાલુ થઈ જાય.

મગર પ્રમુખે તમામને નજીક બોલાવી અને ફરી મોસાળ તરફ ધકેલતા કહ્યું કે જીવતા રહીશું તો અઠવાડિયા પછી ફરી વડોદરા ફરવા લઈ આવીશ. ઘણી દલીલો થઈ કે અઠવાડિયા પછી વરસાદ થાય અને પાણી ન ભરાય તો ? પરંતુ પ્રમુખ મગરએ નેતાઓ ઉપર વિશ્વાસ જતાવતા તમામ મગરને વચન આપ્યું કે જ્યાં સુધી પક્ષ- વિપક્ષ રહેશે ત્યાં સુધી આપણો આવરો- જાવરો વડોદરા રહેશે. ■

### વિચારવાયુ:

*હવે ડાયનોસોર રહ્યા નથી, પરંતુ મગર અને ગેંડા વચ્ચે ચર્ચા ચાલી રહી હતી કે કોની ચામડી જાડી...*

*પૂરપાટ ઝડપે એક નેતાની ગાડી નીકળી ને પેલા બંને મૌન થઈ ગયા...*

## અરાઉન્ડ ધ વર્લ્ડ

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી

# એલ કોટિલ્લોમાં કુદરતે બનાવેલા સ્વિમિંગ પૂલ્સ...

**ફુઅર્ટેવેન્ટુરાથી** પાછાં જવાનો દિવસ આવી ગયો હતો. છેલ્લો દિવસ એલ કોટિલ્લોના લાઇટહાઉસ પાસે એક આકર્ષક બીચ પર વિતાવવા અમે નીકળી પડ્યાં હતાં. તે બીચથી નજીકનું ગામ થોડું દૂર હતું અને અહીં આટલા દિવસનો અનુભવ હવે એટલું તો શિખવાડી ચૂક્યો હતો કે અહીં નિશ્ચિત સ્થળો અને ટાઉન્સ ને બાદ કરતાં બધે ખાવા-પીવાનું સાથે લઈને ચાલવું. આ વખતે અમે હોટલથી જ મીલ પેક કરાવ્યું. અપેક્ષા તો એક સાધારણ પણ સુંદર બીચની જ હતી. ત્યાંનું લાઇટહાઉસ જરા વધુપડતું જ બ્યુટીફુલ લોકેશન પર હતું, પણ એલ કોટિલ્લોના નેચરલ પૂલ્સ આવા હશે તેની કલ્પના ન હતી. આ પહેલાં આઇસલેન્ડમાં અને સ્કોટલેન્ડના આયલ ઓફ સ્કાયમાં આ પ્રકારના પૂલ્સ જોયા હતા. ત્યાંનો અનુભવ જરા અલગ હતો. ઉપરાંત ત્યાંનો અનુભવ બરાબર ઠંડીનો હતો. આ વખતે પહેલી વાર આવા પૂલ્સમાં પાણીમાં પડવાની મજા લેવા મળવાની હતી.

રોજ જ્યારે હોટલથી ફરવા નીકળતાં ત્યારે રસ્તામાં એક સોલ્ટ મ્યુઝિયમ આવતું. દર વખતે નક્કી કરતાં કે પાછાં આવતાં ત્યાં જતાં આવીશું. જોકે આટલા દિવસમાં એક વાર પણ એ મોકો નહોતો મળ્યો. તે દિવસે સોલ્ટ મ્યુઝિયમ બંધ થાય તે પહેલાં પાછાં આવવાનો પ્લાન હતો. એલ કોટિલ્લો પહોંચવાના રસ્તાનો છેલ્લો ભાગ સાવ કાચો હતો. ત્યાં પાર્કિંગ કરીને પૂલ્સનું ચક્કર લગાવ્યું પછી ખબર પડી કે આ સ્થળ કોઈ જાદુઈ નગરીથી કમ નથી. આ સ્થળને નેચરલ પૂલ્સ નહીં ફેરી પૂલ્સ જ કહીને બોલાવવા જોઈએ. દરિયાની એક તરફ બીચના બદલે ખડકોની હારમાળા હતી. ખડકોની બીજી તરફ દરિયાનું બ્લુ પાણી નાના અને સાવ છીછરા પૂલ્સ બનાવતું હતું. સાંજ પડ્યે ભરતીમાં આ ખડકો પર પાણી ફરી વળતું. એવામાં આ પૂલ્સ રોજ રાત્રે જાતે જ ક્લિન થઈ જતા. એક રીતે જોવા જાઓ તો કુદરતે બનાવેલા આ સ્વિમિંગ પૂલ્સ જોઈને લાગતું હતું કે આખી ટ્રિપની હાઇલાઇટ જ આ છે.

આવી ઓવર પાવરિંગ બ્યુટી પૂરતી ન હોય તેમ, પૂલની એક તરફથી જરા અંતરે લાઇટહાઉસ દેખાય છે. ફોનથી પાડેલો ફોટો પણ કોઈ પેઇન્ટિંગ જેવો લાગતો હતો. પૂલ પાસે ખડકોથી આપમેળે બની જતી હોય તેવી નાની ગુફાઓ છે. લોકો તેમાં પિકનિક મેટ પાથરીને બેઠાં હતાં. અમે તો સીધું પાણીમાં જ ઝંપલાવ્યું. એક સમયે એવી વાત પણ થઈ કે નેક્સ્ટ ટાઇમ અહીંથી નજીક રહેવું અને રોજ અહીં આવવું. જાણે એક નાનકડો દરિયો સ્વિમિંગ પૂલના રૂપમાં ખાસ તમારા માટે જ બન્યો હોય તેવું લાગતું હતું. જોકે ટૂરિસ્ટી સિઝનમાં આ પૂલ્સ પર કેટલી ભીડ રહેતી હશે તેની તે સમયે તો અમારે કલ્પના જ કરવી રહી. અમારા જેવાં જે પણ મુલાકાતીઓ ત્યાં હતાં તે બધાં માટે પ્રાઇવેટ પૂલ્સ હતા. એક ચક્કર લગાવ્યું ત્યારે કમસે કમ સાત પૂલ્સ તો હતા જ. ઘણાં મુલાકાતીઓ તો આ લા ઓલિવા વિસ્તારનાં રહેવાસી જ હોય તેવું લાગતું હતું. અહીં ટૂરિઝમ ઇન્ડસ્ટ્રી સિવાય ભાગ્યે જ કોઈ અંગ્રેજી બોલતું. એવામાં કોઈની સાથે વાત શક્ય ન હતી.


ફુઅર્ટેવેન્ટુરામાં બીજા ઘણા છૂટાછવાયા આવા કુદરતી પૂલ્સ છે. જોકે આટલી ભવ્ય જગ્યા અને પૂલની સંખ્યા ક્યાંય નથી. એક વાર પાણીમાંથી બહાર નીકળ્યાં, ત્યાંનું ચક્કર લાગી ગયું, સાથે લાવેલું ખાવાનું ખાધું, લાઇટ હાઉસના ફોટા પાડ્યા, ત્યાં સુધી હજી માંડ બપોર પડી હતી. તે પછી ત્યાં લાંબું બેસીને વાંચવાની અને કશું ન કરવાની પણ મજા આવી. અંતે ત્યાં ગરમી અને તડકો જરા વધારે લાગવા માંડ્યાં, પછી સોલ્ટ મ્યુઝિયમ યાદ આવ્યું. આ પૂલ્સ પાસે કોઈ બીચ લાઉન્જ કે અમ્બ્રેલા જેવું નથી. અહીં જો ભરતડકામાં કલાકો ગાળવા હોય તો સાથે બીચ અમ્બ્રેલા લાવવી પડે. પૂલ્સને ભારી હૃદયે અલવિદા કહીને અમે સોલ્ટ મ્યુઝિયમ તરફ ઊપડ્યાં.

કેનેરી ટાપુઓ પર મીઠું ક્યારથી એક કોમોડિટી છે, તેને બનાવવાની પ્રક્રિયા, પ્રકારો, બધું આ નાનકડા મ્યુઝિયમમાં અત્યંત વિગતે રેકોર્ડ કરવામાં આવ્યું છે. એટલું જ નહીં, અહીં ઓગણીસમી સદીની શરૂઆતમાં અગરિયાઓ આ જગ્યાએ કેવા ઘરમાં રહેતાં, કેવાં કપડાં પહેરતાં, કેવાં સાધનો વાપરતાં, તે બધું અમને જાતે જોવા મળ્યું. સાથે અલગ અલગ સ્ટેજમાં પાકેલું મીઠું અત્યંત સિમેટ્રિકલ રીતે બનાવેલા અગરમાં જોવા મળ્યું. મ્યુઝિયમમાં સોલ્ટ બનાવવાની પ્રોસેસની એક નાનકડી ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ છે જ. મ્યુઝિયમની એન્ટ્રી સાઇડની બીજી તરફ તો બીચ જ છે. આ બીચની દિશામાં એક મોટી વ્હેલનું સ્કેલેટન એક થાંભલા પર લગાવેલું છે. મ્યુઝિયમ ભલે નાનકડું હોય, તેની ડિઝાઇન અને એક્સપિરીયન્સ ખરેખર મજાનાં નીકળ્યાં. અહીં એક નાનકડી મ્યુઝિયમ સુવિનિયર શોપ પણ હતી. ત્યાંથી અહીંનું પારંપરિક સી સોલ્ટ અને સાથે ઘણા પ્રકારનાં લેવર્ડ સોલ્ટનાં ગિફ્ટ બોક્સ મળ્યાં. અહીં સ્થાનિક આર્ટિઝને બનાવેલાં ઘણાં સુવિનિયર પણ મળી ગયાં. મ્યુઝિયમનું પોતાનું રેસ્ટોરાં પણ છે. અહીં કેક અને કોફી માટે ઘૂસ્યાં. ત્યાંથી બીચનો વ્યુ મજેદાર હતો અને અંદર એસી ચાલુ હતું. અંતે તો દરિયા કિનારે પણ વધુ પડતી ગરમીમાં એસીવાળી જગ્યા આશીર્વાદ રૂપ જ લાગતી હોય છે. એટલે જ કદાચ કેનેરી ટાપુઓ પર ઉનાળામાં ભાગ્યે જ કોઈ જાય અને જાય તો રિસોર્ટ અને વોટરપાર્કમાં વિતાવીને પાછાં આવે છે. આ એપ્રિલમાં અમે ફુઅર્ટેવેન્ટુરામાં શક્ય હતા તે બધા અનુભવો કરીને પણ અહીં કોઈ પણ સિઝનમાં પાછાં આવવા તૈયાર હતાં. હજી લાન્ઝારોટે જવાનું બાકી હતું. ઘણાં અહીંથી ફેરી લઈને ત્યાં એક-બે દિવસ જઈ આવે છે. ત્યાંની અલગ ટ્રિપ મગજમાં રાખીને અમે ઘરે પાછાં ફર્યાં. હજી આ વર્ષનો ટૂરિસ્ટી સમય શરૂ જ થઈ રહ્યો હતો. ■









# ‘મુંબઈ સમાચાર’ની દસ્તાવેજી ફિલ્મના અનાવરણ પ્રસંગે સહારા સ્ટારમાં વાચકોએ માણ્યો ડાયરાનો રંગ

‘મુંબઈ સમાચાર’ની દસ્તાવેજી ફિલ્મના અનાવરણ નિમિત્તે મુંબઈની પંચતારાંકિત હોટેલ સહારા સ્ટારમાં આ અખબારના નિષ્ઠાવંત વાચકોએ ડાયરાનો રંગ માણ્યો હતો. સામાન્ય રીતે ડાયરામાં આરાધના, સંગીત, સાહિત્યની વાતો અને પાછા સંગીતની મહેફિલ જામતી હોય છે અને આ જ ડાયરાનો સંપૂર્ણ આનંદ મુંબઈ સમાચારના હજારો વાચકોએ સહારા સ્ટાર હોટેલમાં માણ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ગણેશવંદનાથી કરવામાં આવી હતી, ત્યાર બાદ દેવાધિદેવ મહાદેવની આરાધના કરવામાં આવી હતી. માતાજીની આરાધના કરવામાં આવી હતી અને રામ લલ્લાને પણ યાદ કરવામાં આવ્યા હતા.

લોક-કલાકાર સાંઈરામ દવેએ કહ્યું હતું કે એક ગુજરાતી અખબાર મુંબઈ સમાચારે પ્રકાશનની દ્વિશતાબ્દી નોંધાવી એ સાંભળીને એક ગુજરાતી તરીકે મારી છાતી ગજ ગજ ફૂલે છે. હિમાંશુ ચૌહાણે પોતાના રણકાભેર અવાજમાં કેટલાંક જાણીતાં ગુજરાતી ગીતો ગાઈને વાતાવરણ જમાવ્યું હતું. જ્યારે તેમણે મન મોર બની થનગાટ કરે... જમાવ્યું ત્યારે ઓડિયન્સ એટલું ઝૂમી ઊઠ્યું હતું કે તાળીઓના કડકડાટથી આખો હોલ ગુંજી ઊઠ્યો હતો.

મસ્ત મિલન તરીકે સાહિત્યની દુનિયામાં જાણીતા મિલન ત્રિવેદીએ મુંબઈ સમાચાર માટે ગૌરવોદ્‌ગાર કાઢતાં કહ્યું હતું કે ઐતિહાસિક સિદ્ધિ મેળવનારા અખબારનો હિસ્સો હોવા અંગે મને ગર્વ છે. સાંઈરામ દવેએ જણાવ્યું હતું કે ગુજરાતીઓનો એક જાણીતો ગરબો છે, જેમાં આપણે કહીએ છીએ કે પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ’તી... એમાં આપણા ગુજરાતી ભાયડા કહે છે કે ..નહીં તો મારી પાવલી પાછી દે. આવી રીતે માતાજી પાસેથી પોતાની પાવલી પાછી માગનારા ગુજરાતીઓ સત્તાના ટોચના સ્થાને બેઠા છે ત્યારે આપણો પાડોશી દેશ (પાકિસ્તાન) આપણી પાસે કાશ્મીર માગી રહ્યો છે. તેમની આ વાત પર ઑડિયન્સે ઊભા થઈને દાદ આપી હતી.

મુંબઈ સમાચારના ૨૦૦ વર્ષના ઈતિહાસની આછીપાતળી રૂપરેખા આપતાં કાર્યક્રમના સંચાલક શોભિત દેસાઈએ વિખ્યાત ગુજરાતી શાયર અને મુંબઈ સમાચારના ભૂતપૂર્વ પત્રકાર શૂન્ય પાલનપુરી (અલી ખાન ઉસ્માન ખાન બલોચ)નો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે મુંબઈ સમાચારની જેમ જ શૂન્ય પાલનપુરીએ ગુજરાતીની ઘણી સેવા કરી હતી, તેમણે રૂબાઈઓનો ગુજરાતી અનુવાદ કર્યો હતો અને તે એટલો સજ્જડ હતો કે ઉમર ખૈયામ પણ સાંભળે તો નવી (ઓરિજિનલ) કૃતિ સમજીને દાદ આપી દેત.

મુંબઈ સમાચારના મેનેજિંગ ડિરેક્ટર હોરમસજી કામા અને મહેરવાનજી કામાના હસ્તે અમિતભાઈ શાહનું સ્વાગત સ્મરણિકા આપીને કર્યું હતું. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું મેનેજિંગ ડિરેક્ટર હોરમસજી કામા અને ડિરેક્ટર મહેરવાનજી કામાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મુંબઈ સમાચાર દ્વિ-શતાબ્દી ઉજવણી સમિતિના પ્રકાશ મહેતા, જિતુ મહેતા, દિલીપ જોશી, યોગેશ લાખાણી અને જેઠાલાલ દેઢિયાના હસ્તે અમિતભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

મુંબઈ સમાચારની ડોક્યુમેન્ટરી ફિલ્મની નિર્માણ અને પ્રચાર સમિતિના સભ્યો તથા ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવે, ડિરેક્ટર રજની આચાર્ય, દુષ્યંત સોની, અમિત સોની, સોનલ પંચોલી અને અર્જુન ધાનક દ્વારા અમિતભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.



**દીપપ્રાગટ્યઃ** ‘મુંબઈ સમાચારના ૨00 નોટ આઉટ’ કાર્યક્રમમાં ડોક્યુમેન્ટરીના અનાવરણ પ્રસંગે દીપપ્રાગટ્ય કરી રહેલા દેશના ગૃહપ્રધાન અમિત શાહ. આ સમયે મુંબઈ સમાચારના મેનેજિંગ ડિરેક્ટર હોરમસજી કામા અને ડિરેક્ટર મહેરવાનજી કામા, મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તંત્રી નીલેશ દવે નજરે ચડે છે.




**અમને ગૌરવ છેઃ** મુંબઈ સમાચાર અખબારે ૨00 વર્ષ પૂરાં કર્યાં અને એ નિમિત્તે તૈયાર કરાયેલી ડોક્યુમેન્ટરી ફિલ્મને લઈને અમે ગૌરવ અનુભવીએ છીએ, એવું મુંબઈ સમાચારના ડિરેક્ટર મહેરવાનજી આર. કામાએ જણાવ્યું હતું.



















## બિલ્ડર ઓફ મોડર્ન ઈન્ડિયા અમિતભાઈઃ હોરમસજી કામા

મુંબઈ સમાચારના મેનેજિંશગ ડિરેક્ટર હોરમસજી કામાએ મરાઠી ભાષામાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું સ્વાગત કરીને બધાને ચોંકાવી દીધા હતા. તેમણે આ પ્રસંગે કહ્યું હતું કે મુંબઈ સમાચારને ૨૦૦ વર્ષ પૂરાં થયાં ત્યારે તે નિમિત્તે સ્ટેમ્પ રિલીઝ કરવાના સમારંભમાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવ્યા ત્યારે તેમણે એવું કહ્યું હતું કે તમારી પાસે ૨૦૦ વર્ષનો ઈતિહાસ છે તો આ યાત્રાને ડોક્યુમેન્ટ કરવી જોઈએ. વડા પ્રધાનનું આ સપનું હતું એટલે મેં મારા તંત્રી નીલેશ દવેને બોલાવીને કહ્યું હતું કે નરેન્દ્રભાઈની આ ઈચ્છા છે તો આપણે તેને પૂરી કરવી છે અને આમાંથી દસ્તાવેજી ફિલ્મનો વિચાર આવ્યો હતો અને આજે તે પૂરી થઈ છે ત્યારે તેનું વિમોચન કરવા માટે દેશના ગૃહ પ્રધાન અમિતભાઈ શાહ આવ્યા છે. ૨૦૦ વર્ષમાં મુંબઈએ ઘણું જોયું છે અને મુંબઈ સમાચારે પણ ઘણું જોયું છે. હું આ પ્રસંગે કહેવા માગું છું કે અમિતભાઈ ફક્ત દેશના ગૃહ પ્રધાન નથી તેઓ બિલ્ડર ઓફ મોડર્ન ઈન્ડિયા છે. તેમણે અમિતભાઈના ધન્યવાદ કર્યા હતા.

## ઝાંસીની રાણીની શહાદત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શપથ છાપનારું એકમાત્ર અખબાર

વિશ્વસનીયતાના નવાં શિખરો મુંબઈ સમાચારે પોતાના ૨૦૦ વર્ષની યાત્રામાં સિદ્ધ કર્યાં છે, એમ જણાવતાં દેશના ગૃહપ્રધાન અમિત શાહે ‘મુંબઈ સમાચાર’ની ૨૦૦ વર્ષની યાત્રાને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે ઝાંસીની રાણીની શહાદત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦૧૪માં થયેલા શપથને પ્રકાશિત કરનારું એક માત્ર અખબાર ‘મુંબઈ સમાચાર’ છે.

એક અખબાર અને તેમાં પણ સ્થાનિક ભાષાનું અખબાર ૨૦૦ વર્ષ ચાલે તે સામાન્ય વાત નથી. લોઢાના ચણા ચાવવા જેવું આકરું કામ છે. કામા પરિવારે એક દાખલો બેસાડ્યો છે કે પત્રકારત્વ કેવી રીતે કામ કરી શકે છે.

‘મુંબઈ સમાચાર’ અને વિશ્વસનીયતાનો સંબંધ સમજાવતા તેમણે કહ્યું હતું કે હું મુંબઈમાં જન્મ્યો છું અને અહીં અવરજવર કરતો હતો. એક વાત ત્યારથી સાંભળું છું, જે તમારા કાન સુધી પણ પહોંચી હશે કે ‘મુંબઈ સમાચાર’માં છપાયું એટલે સાચું. આ વાક્ય અખબારની વિશ્વસનીયતા દર્શાવે છે અને આવી વિશ્વસનીયતા મેળવવા માટે આકરું તપ કરવું પડે છે. વિશ્વસનીયતા માટે કોઈ એક વિચારધારા સાથે જોડાયા વગર કામ કરવું પડે છે. કોઈ વિચારધારા વગર રાજકીય પાર્ટી ચાલી શકે નહીં, પરંતુ રાજકીય વિચારધારા સાથે સંકળાયેલું અખબાર સારું કામ કરી શકે નહીં. આટલા વર્ષોમાં મુંબઈ સમાચાર કોઈપણ વિચારધારા સાથે સંકળાયું નથી. અને તેથી જ આ સિદ્ધિ હાંસલ કરી શક્યું છે. નિષ્પક્ષ અને સાચી વાત છાતી ઠોકીને કહેવા માટે મુંબઈ સમાચાર પ્રખ્યાત છે. હું લાલબાગના રાજાનાં દર્શન કરવા માટે મુંબઈ આવ્યો હતો. છેલ્લાં ૧૪ વર્ષથી સળંગ હું મુંબઈ આવું છું. આજે મને આ પુણ્ય કાર્યમાં સામેલ થવાનું સૌભાગ્ય મળ્યું છે તે માટે હું બધાનો આભારી છું.

‘મુંબઈ સમાચારના’ ડિરેક્ટર એચ. એન. કામાને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા તેનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે જો તમને પદ્મ પુરસ્કાર ન મળ્યો હોત તો પદ્મ પુરસ્કારને ઓછું પડી જાત. ‘મુંબઈ સમાચાર’ની ૨૦૦ વર્ષની યાત્રા પર આધારિત દસ્તાવેજી ફિલ્મ ‘મુંબઈ સમાચાર-૨૦૦ નોટઆઉટ’નું અનાવરણ કરતાં તેમણે કહ્યું હતું કે આ દસ્તાવેજી ફિલ્મ એક ભાષાકીય અખબારની અનેરી સિદ્ધિ દર્શાવે છે, તેથી આ ફિલ્મને હિંદી અને અંગ્રેજી ભાષામાં ડબ કરવાની મારા તરફથી વિનંતી કરું છું કેમ કે એક ભાષાકીય અખબારની સિદ્ધિ આખી દુનિયા સુધી પહોંચવી જોઈએ.

૧૮૫૭માં ઝાંસીની રાણીની શહાદતના સમાચાર અને ૨૦૧૪માં નરેન્દ્ર મોદીના શપથગ્રહણના સમાચાર જો કોઈ એક અખબારમાં છપાયા હોય તો તે એકમાત્ર મુંબઈ સમાચાર છે. ૧૮૫૭નો બળવો, કૉંગ્રેસની સ્થાપના, તિલકનો આઝાદી માટેનો સંઘર્ષ, ગાંધીજીનો મીઠાનો સત્યાગ્રહ, ભારત છોડો આંદોલન, દેશની આઝાદી અને દેશની આઝાદી બાદના ૭૫ વર્ષનું રિપોર્ટિંગ કોઈ અખબારે કર્યું હોય તો તે એકમાત્ર મુંબઈ સમાચાર છે. ચીન યુદ્ધ, કચ્છનો ભૂકંપ, ઈમરજન્સી આ બધા સમાચારો મુંબઈ સમાચારમાં છપાયા છે અને તે પણ પોતાના ઉદ્દેશો પર અકબંધ રહીને. કામા પરિવારે મુંબઈ સમાચારને નિષ્પક્ષ પત્રકારત્વના આધાર પર ચલાવ્યું છે.

મુંબઈ સમાચારના પારસી માલિકોની વાત કરતા તેમણે કહ્યું હતું કે આ સંસ્થાની માલિકી પારસીઓ પાસે જ રહેલી હતી એટલે જ કદાચ ૨૦૦ વર્ષની સફર ખેડી શક્યા છે. દેશમાં દરેક ક્ષેત્રમાં પારસીઓના યોગદાનને બિરદાવતા તેમણે કહ્યું હતું કે દેશની એક લઘુમતી કોમ એવી જેણે ક્યારેય અધિકારો માટે લડાઈ નથી કરી. દેશને યોગદાન આપ્યું છે. દેશની બધી જ લઘુમતી આવી હોય એવી હું પ્રાર્થના કરું છું.

દેશમાં ભાષાને જીવંત રાખવાની આવશ્યક્તા વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે મુંબઈમાં ૨૦૦ વર્ષથી ગુજરાતી ભાષાની સેવા કરનારા અખબાર મુંબઈ સમાચારને ધન્યવાદ છે. માતૃભાષાના ખાસ આગ્રહી શાહે લોકોને આગ્રહ કરતાં કહ્યું હતું કે તમારા ઘરમાં તમારી જ ભાષામાં વાત કરવાની ટેવ રાખો. ભાષા સાથે આપણી લાગણી, આપણી સંસ્કૃતિ જોડાયેલી છે. જો દાદા અને પૌત્રની ભાષા એક નહીં હોય, બન્ને એક ભાષામાં સંવાદ કરી શકતા નહીં હોય તો એકબીજાથી જોડાશે કઈ રીતે અને જો આમ નહીં થાય તો પરિવારોમાં અંતર આવશે અને દેશમાં વૃદ્ધાશ્રમ વધશે.

તેમણે કહ્યું કે હું દરેકને વિનંતી કરું છું કે ઓછામાં ઓછું ઘરે માતૃભાષામાં જ વાત કરો, જેથી નવી પેઢી પણ ભાષા શીખી શકે. જો આપણે આપણી માતૃભાષાથી અલગ થઈ જઈશું તો દેશમાં વૃદ્ધાશ્રમ વધી જશે, કારણ કે બે પેઢીઓ ભાષાથી અલગ થઈ જશે. આપણી જવાબદારી યુવા પેઢીને ભાષા સોંપવાની છે.

તેમણે વિશેષમાં જણાવ્યું કે મુંબઈ સમાચારે ગુજરાતી ભાષાનો વારસો સંભાળ્યો છે. આપણી ભાષાઓ આપણી ધરોહર છે. આપણા જેટલું સમૃદ્ધ વ્યાકરણ બીજા કોઈ દેશમાં નથી, આપણે આ વારસો ગુમાવવો જોઈએ નહીં. તેથી જ અમારી સરકારે નવી શિક્ષણ નીતિ લાગુ કરી છે, કદાચ ઘણા લોકોને તેનાથી તકલીફ હશે. પરંતુ અમે આ નવી શિક્ષણ નીતિમાં સુનિશ્ચિત કર્યું છે કે દરેક બાળકોના પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષાનો સમાવેશ થાય, ઉચ્ચ શિક્ષણ પણ માતૃભાષામાં મળી રહે.

તેમણે પોતાના વ્યક્તિગત જીવન વિશે વાત કરતાં જણાવ્યું હતું કે હું મારી બન્ને પૌત્રીઓ સાથે સમય વિતાવું છું અને તેમને ગુજરાતી અને સંસ્કૃત બરાબર આવડે છે કે નહીં તેનું ધ્યાન રાખું છું. તેમનાં શિક્ષકને પણ મળું છું અને જો તેમણે ગુજરાતીમાં કોઈ ભૂલ કરી હોય તો તેમનું ધ્યાન પણ દોરું છું. દાદા-દાદી પૌત્ર-પૌત્રીઓ સાથે સમય પસાર કરતા હોય છે આથી તેમના વચ્ચે ભાષાનું જોડાણ હોવું ખૂબ જરૂરી છે.

તેમણે આ સાથે જણાવ્યું કે ભાષા સમાવેશક હોવી જોઈએ, નવા શબ્દો અપનાવવા જોઈએ. મરાઠી ભાષામાંથી કોઈ પણ શબ્દ ગુજરાતી ભાષા અપનાવે તો ગુજરાતી ભાષા વધુ સમૃદ્ધ બને છે અને જ્યારે મરાઠી ભાષા ગુજરાતી શબ્દો અપનાવે છે ત્યારે મરાઠી વધુ સમૃદ્ધ બને છે. આવું આદાન-પ્રદાન ચાલુ રહેવું જોઈએ. ભાષાઓ એકબીજાની સખી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મુંબઈ સમાચારે બે સેન્ચુરી મારી છે અને ચોક્કસ તે ત્રીજી સેન્ચુરી પણ મારશે.

## અમે સત્યની સાથે રહ્યાઃ નીલેશ દવે

મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવેએ દેશના ગૃહ પ્રધાન અમિતભાઈ શાહ અને અન્યોનો આભાર વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે ૨૦૧૪માં એવું મથાળું કર્યું હતું કે રોમ રાજ્ય ગયું, રામ રાજ્ય આવ્યું. તે સમયે આ મથાળાને કારણે ઘણી ચર્ચા થઈ હતી અને થોડો સમય માટે કૉંગ્રેસની જાહેરાતો પણ બંધ થઈ ગઈ હતી, પરંતુ અમે સત્યની સાથે રહ્યા હતા. અહીં મારી સામે યોગેશ સાગર, મંગલ પ્રભાત લોઢા, આશિષ શેલાર, પ્રકાશભાઈ, કિરીટભાઈ વગેરે હાજર છે, તેઓનો પણ આભાર વ્યક્ત કરું છું. હવે આપણે ૩૦૦મા વર્ષની ઉજવણી વખતે જે હઈશું તે હાજર રહીશું.



**રંગ રાખ્યો:** મુંબઈ સમાચારના સહારા સ્ટાર ખાતે આયોજિત ડાયરામાં સાંઈરામ દવે અને હાસ્ય કલાકાર મિલન ત્રિવેદીએ રંગ રાખ્યો હતો.



**આ ટીમ છે અમારી:** મુંબઈ સમાચાર આજે અડીખમ ઊભું છે એ એની ટીમને કારણે જ. કાર્યક્રમને સફળ બનાવવા માટે મુંબઈ સમાચારની આખી ટીમે કોઈ પણ કચાશ બાકી નહોતી રાખી.








(તમામ તસવીરો : જયપ્રકાશ કેળકર અને અમય ખરાડે)








## અમારો સંબંધ બે પેઢીનો છેઃ સંજય છેલ

મુંબઈ સમાચાર અખબાર સાથે અમારો સંબંધ બે પેઢીનો છે. મુંબઈ સમાચાર ગુજરાતી ભાષા માટેનો એક મોટો દરવાજો છે, મોટો ગેટ છે જેનો ઈતિહાસ ૨૦૩ વર્ષથી આપણી સંસ્કૃતિ, સંસ્કાર ને ભાષાની સેવા કરે છે. નાનપણથી સંબંધ છે. મારા ઘરે આવતું હતું અને આવતું રહેશે. નાનપણમાં ફેન્ટમ વાંચતો હતો. એશિયાનું એકમાત્ર એવું અખબાર છે જે ૨૦૩ વર્ષથી નિષ્પક્ષ રહીને સત્યના માર્ગે ચાલે છે. આ અખબારમાં મને લખવાની તક મળી છે એ મારા માટે સૌભાગ્ય છે. જે અખબારમાં મારા પપ્પાનું છેલ પરેશનું નામ છપાતું તે દર શનિવારે વાંચતો હતો અને પછી તે જ છાપામાં મારું નામ પણ છપાવા લાગ્યું તે મારા માટે ગર્વસમાન પળો હતી, એમ પણ સંજય છેલે કહ્યું હતું.

## આ ઐતિહાસિક ક્ષણે હાજર રહ્યો તે મારું સૌભાગ્યઃ ઓજસ રાવલ

રાજાધિરાજથી અત્યારે ઘર ઘરમાં પહોંચી ગયેલા જાણીતા કલાકાર ઓજસ રાવલે 'મુંબઈ સમાચાર'ની દસ્તાવેજી ફિલ્મના વિમોચન પ્રસંગે કહ્યું હતું કે અત્યારે હું ઘણો ભાવવિભોર થઈ ગયો છું અને તેના બે કારણ છે, એક તો હું ભૂતપૂર્વ પત્રકાર અને આ ફિલ્મમાં નરેટર (સૂત્રધાર) તરીકે મને ફરજ બજાવવાની તક મળી છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ત્રણેય ભાષામાં શૂટ કર્યું છે. આ ઐતિહાસિક ક્ષણે સાક્ષી બનવાની તક મળી હોવાથી ભાગ્યવાન માનું છું. મારું તો એટલું જ કહેવું છે કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં વંચાય ગુજરાતી અને જ્યાં જ્યાં વંચાય ગુજરાતી ત્યાં ત્યાં વંચાય 'મુંબઈ સમાચાર'.

## પિતાના સમયથી મુંબઈ સમાચાર ચાલુ છેઃ અરવિંદ વેકરિયા

'મુંબઈ સમાચાર'માં આવતા સાચા અને નીતરેલા સમાચાર બીજે ક્યાંય વાંચ્યા નથી. દુનિયામાં પરિવર્તન થતું રહે છે અને તે નિયમ છે. મારા પિતા હતા તેઓ 'મુંબઈ સમાચાર' વાંચતા હતા તેઓ ગયા પણ હજી 'મુંબઈ સમાચાર' આવે છે. કામા શેઠને અભિનંદન છે. અત્યારના તંત્રી નીલેશ દવેને અભિનંદન જેમણે સારામાં સારું કેવી રીતે કરી શકાય તેના પર વિચાર કરે છે. મને અખબારમાં લખવાની વિનંતી કરી હતી કે રંગભૂમિની ૫૦ વર્ષની યાત્રાના કિસ્સા વાચકો સુધી પહોંચાડીએ. પાંચ વર્ષ પૂરા થઈને આજે છઠ્ઠું વર્ષ ચાલે છે. માનનીય અમિત શાહને હસ્તે ડૉક્યુમૅન્ટરીનું વિમોચન થઈ રહ્યું છે તેનાથી હું પોરસાઈ રહ્યો છું.

## અમારા માટે પ્રાણવાયુ છે આ અખબારઃ દર્શન જરીવાલા

'મુંબઈ સમાચાર' અખબારની દસ્તાવેજી ફિલ્મના વિમોચન વખતે જાણીતા કલાકાર દર્શન જરીવાલાએ કહ્યું હતું કે આ અભૂતપૂર્વ સિદ્ધિ છે. ગુજરાતી ભાષા માટે જેટલું સાહિત્યકારોએ કર્યું છે તેટલું કે તેનાથી વિશેષ 'મુંબઈ સમાચારે' કર્યું છે. આમ જનતા સુધી આટલાં વર્ષો સુધી ગુજરાતી ભાષામાં દેશવિદેશના સમાચારો, વિચારતા કરી શકે તેવા તંત્રીલેખો 'મુંબઈ સમાચારે' આપ્યા છે. અમારા માટે પ્રાણવાયુ એટલા માટે કેમ કે અમારા નાટ્યકલાકારોને તો 'મુંબઈ સમાચાર'માં જાહેરાત વાંચીએ ત્યારે ખાતરી થાય કે આજે શૉ છે. ૨૦૩ શું 'મુંબઈ સમાચાર' ૩૦૨ કહો, જ્યારે હું નહીં હોઉં, જ્યારે તમે નહીં હો ત્યારે પણ 'મુંબઈ સમાચાર' રહેશે એવી હું શ્રદ્ધા રાખું છું. ૧૯૭૬માં પહેલી વખત મારા નાટકની જાહેરાત આવી ત્યારે તેમાં મારું નામ વાંચ્યું ત્યારે ખાતરી થઈ કે હવે હું નાટ્યકલાકાર બની ગયો.

## ટેવ થઈ ગઈ છેઃ સરિતા જોશી

મુંબઈમાં પહેલી વખત પગ મૂક્યો ત્યારે મારા સાસુ 'મુંબઈ સમાચાર' વાંચતા હતા ત્યારે મને નવાઈ લાગી હતી. બુધવાર, શનિવાર, રવિવાર સંતુ સરિતાના સિક્કા પડે જાહેરાત છપાય તે ગૌરવ. આજે પણ મારા ઘરમાં 'મુંબઈ સમાચાર' વાંચું છું. ગમે તેટલી જાહેરાતો હોય, પરંતુ 'મુંબઈ સમાચાર' એ 'મુંબઈ સમાચાર'. મોદી સાહેબ આવ્યા અને આજે જે દસ્તાવેજી ફિલ્મનું અનાવરણ થઈ રહ્યું છે એ તેમની જ ઈચ્છા હતી અને તેમણે જે રિસ્પેક્ટ આપી. અમને કલાકારને 'મુંબઈ સમાચાર' વગર ચાલે જ નહીં ટેવ પડી ગઈ છે. મોંઘું પડે પણ મુંબઈ સમાચાર વગર ચાલે નહીં.

## 'મુંબઈ સમાચાર' મારા ઘરે ૧૦૦ વર્ષથી આવે છેઃ વાચકો

'મુંબઈ સમાચાર'ની ડૉક્યુમૅન્ટરી પ્રસંગે આવેલા વાચકોએ કહ્યું હતું કે 'મુંબઈ સમાચાર' તેમના ઘરે ૧૦૦ વર્ષથી આવે છે. 'મુંબઈ સમાચાર' અમારા ઘરે ૧૦૦ વર્ષથી આવે છે હું પોતે ૭૦ વર્ષનો થયો ત્યારથી જોઉં છું, તેની પહેલાં ૩૦ વર્ષથી અમારા ઘરે આવે છે. અમે 'મુંબઈ સમાચાર'ના સૌથી જૂના અને લોયલ વાચકો છીએ. સ્ટેજ પરથી અમિતભાઈએ કહ્યું એ બિલકુલ સાચું છે કે 'મુંબઈ સમાચાર'ના સમાચાર આધારભૂત હોય છે. ફેક ન્યૂઝ ક્યારેય નહીં. એક વાચક પરેશ વોરાએ કહ્યું હતું કે મારા ઘરે ૫૫-૬૦ વર્ષથી 'મુંબઈ સમાચાર' આવે છે. અમે ગુજરાત સમાચાર અને જન્મભૂમિ પણ મગાવ્યા હતા, પરંતુ અમારું પ્રાધાન્ય 'મુંબઈ સમાચાર'ને છે. અમને 'મુંબઈ સમાચાર' વાંચવાની આદત પડી ગઈ છે. ગુજરાતીના પ્રચાર-પ્રસાર માટે પ્રયાસો કરવાની આવશ્યકતા છે.

## બે સદી પહેલાં પાયો નાખનારાને અભિનંદનઃ સાંઈરામ દવે

મુંબઈ સમાચારને ખૂબ ખૂબ શુભેચ્છા કે ગુલામીના કાળમાં પાયો નાખનારા પારસી શેઠને ધન્યવાદ આપું છું. મુંબઈ સાથેનું ગુજરાતીઓનું લેણદેણ ઘણું જૂનું છે. અખબારે આ સિદ્ધિ મેળવી છે અને તે પ્રસંગે અભિનંદન. ગુજરાતી ભાષા આ પૃથ્વી પરથી ૯૦૦ વર્ષથી છે.



## ૪. ધાર્મીક સંબંધી

**સામૂહિક શ્રીમદ્ ભાગવત કથા**
સમદર્શન સેવા પરિવાર 300 પરિવાર - અન્નદાન, દહાણુ- આદિવાસી 3000 વિદ્યાર્થીઓના લાભાર્થે, વ્યાસપીઠ ઈશ્વરચંદ્ર વ્યાસજી, પવિત્ર પિતૃપક્ષમાં - 25 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર, યમુનાષ્ટકમ, પોથી પૂજા, કથા- વિશ્વકર્મા AC Hall, વિલેપાર્લે વેસ્ટ. પોથી યજમાન, અમાસ- પિતૃતર્પણ, હવન. 9324250850. (૧૪૯૪૩/એ)

**નવચંડી યજ્ઞ હવન**
કાર્યક્રમનું આયોજન, નવરાત્રિ દરમિયાન 06/10/2024 રવિવારે કાંદિવલીમાં રાખેલ છે. શ્રી હરી ઈચ્છા ફાઉન્ડેશન - મુકેશભાઈ મજીઠીયા - 9082825482, 9321693211. (૧૪૪૭૫/બી)

**સર્વ પિતૃતર્પણ**
વિષ્ણુપૂજન તથા બ્રહ્મ ભોજન કાર્યક્રમનું આયોજન શ્રાદ્ધપક્ષમાં બુધવારી અમાસ 02/10/2024 કાંદિવલીમાં રાખેલ છે. શ્રી હરી ઈચ્છા ફાઉન્ડેશન - મુકેશભાઈ મજીઠીયા - 9082825482, 9321693211. (૧૪૪૭૫/ડી)

## ૭. ખુશખબર

**સિનિયર સિટિઝન**
મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૧૫૨)

## ૯. લગ્ન સંબંધી

**જૈન યુવતી**
મુંબઈની, અપરણિત, એડવોકેટ, 37/5'4" માટે યોગ્ય યુવક આવકાર્ય. 9137293116. (દહેજ નહીં.). (એસએ/૨૬૧૧-એ)

**જૈન વૈષ્ણવ**
બધા Age ગ્રુપના યુવક-યુવતીઓના Bio-data whatsapp ગ્રુપમાં મળશે. Rs. 500/- "Kapil Sagpan" 9324863855. Sunday Get together છે. (દહેજ નહીં). (બી-૧૪૭૪૩)

**''બ્રાહ્મણ''**
**સુંદર, દેખાવડી 5'-7", 1990 બોર્ન BE (ExTc) ડાયવોર્સી કન્યા માટે વેલ સેટલ ઉચ્ચ જ્ઞાતિનો મુંબઈ/ પરદેશ રહેતો યુવક આવકાર્યઃ 8850406554/ 7666833830. (દહેજ નહીં). (૧૪૯૮૦-એ)**

■ ડિવોર્સી મરાઠી કન્યા ઉંમર 29, શિક્ષણ - 12મી, કંપનીમાં કામ કરે છે, પગાર - 10,000/- આંતરજાતીય ચાલશે. અપેક્ષા - મહેનતુ છોકરો/ ડિવોર્સી ચાલશે. તાત્કાલિક લગ્નઃ મોબાઈલઃ 7058846590. (દહેજ નહીં). (બી-૧૪૮૭૧)

**50થી ઉપરના**
મહિલા/ પુરુષો સાથી માટે સંપર્ક - પરિચય કેન્દ્ર - 9967894750. (દહેજ નહીં). (બી-૧૪૮૭૦)

■ બેંગલોરની કંપનીમાં જોબ કરતી BPharm વૈષ્ણવ ભાટીયા 1997 કન્યાને મુંબઈનાં/ પૂનાનાં/ સૂરતનાં/ બરોડાનાં યુવકો આવકાર્ય. રાજેશ ઠક્કર, રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૮૭૫)

■ અમેરીકા - H1-B CALIFORNIA સ્થાનકવાસી જૈન 1992/ 6'-4" સોફ્ટવેર એન્જિનિયર યુવકને ફક્ત અમેરીકા સ્થિત ડિવોર્સી/ કુંવારી કન્યા આવકાર્ય રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૮૭૬)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (14990-A)**

## ૧૦. મહિલાઓ માટે

**રોજના ધોરણેથી મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી એક્ઝિબિશન માટે 9821112796. (૧૪૯૫૭-બી)

**કાનનાં મોટાકાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૪૭૬૪)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૧૫૪)

■ **નવીજ ઇનોવા ક્રિસ્ટા, કિયા કરન્સ, અર્ટિગા 6 સીટર ભાડે મળશે. ''નીલ - તેજ - ટ્રાવેલ્સ'' - 8828221010 / 9322694599. (બી-૧૪૭૭૯)**

**સંપૂર્ણ રાજસ્થાન દર્શન**
ચિત્તોડગઢ ઉદયપુર શ્રીનાથજી રાણકપુર જોધપુર જેસલમેર રણુંજા બિકાનેર પુષ્કર જયપુર પ્રવાસ દિવસ ૧૩, ૩ જાન્યુઆરી. જય અંબે ટૂર 9930929799 / 9869509133. (૧૪૯૫૭-સી)

**સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે**
રાજસ્થાની મહારાજના હાથનું ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, ચાઈનીઝ, સ્વાદિષ્ટ ભોજન, ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ, બેડ ટી થી મસાલા દૂધ સુધીની બધીજ સુવિધાઓ.
3/4 સ્ટાર ડીલક્સ હોટલ સાથેના પ્રવાસો

**ડીલક્સ કાશ્મીર 8N/9D**
દૂધ પથરી, શિકારા સહેલ, મોગલ ગાર્ડન ની ટિકિટ ચંદનવાડી, બેતાબ વેલી, આરુ વેલી, એપ્પલ વેલી
Oct - 29 / Nov - 3, 9, 12
Dec - 15, 22, 25, 30

**નેપાલ 7N/8D**
કાઠમંડુ, ચિત્તવન, પોખરા
Oct - 30 / Nov - 3, 9, 16
Dec - 5, 22, 25

**આસામ - મેઘાલય - અરુણાચલ 11N/12D**
Nov-18, Dec-22 / January to June

**દાર્જિલિંગ-સિક્કિમ 8N/9D**
Oct - 30 / Nov - 3, 12, 20
Dec - 12, 24, 30

Holiday MAKER 9867745678 9029994849 7900118786
S-140, Raghuleela Mall, 2nd Floor, Kandivali West, Mumbai - 400067.
(બી-૧૪૭૭૭)

**KASHTABHANJAN HOLIDAYS**
ચારધામ 17,500/- ઓક્ટોબરમાં, શક્તિપીઠ વૈષ્ણોવદેવી 9000 ડિસેમ્બરમાં - 9773117451/ 9820795493. (બી-૧૪૭૯૪)

**નેપાલ યાત્રા**
15 જાન્યુઆરી - પોખરા, કાઠમંડુ, જનકપુર, ચિતવન, અયોધ્યા, કાશી વિશ્વનાથ. 9870222106. (૧૪૯૬૩-એ)

**મીનીમમ બેથી**
વધુ પ્રવાસીઓને અનુકૂળ તારીખે પ્રસ્થાન માટે સ્પેશિયલ વાહન દ્વારા સાઈટસીઈંગ અને સ્ટાર ઉતારા સાથેના પેકેજો 1) અયોધ્યા, વારાણસી, પ્રયાગસ્નાન, ચિત્રકૂટ 2) બેંગલોર, મૈસૂર, ઉટી 3) નેપાલ 4) કાશ્મીર 5) ગોવા 6) મહાબળેશ્વર 7) વ્રજયાત્રા 8) આસામ, મેઘાલય, અરુણાચલ, ત્રિપુરા - 9967894750. (ગ્રુપ પણ આવકાર્ય). (બી-૧૪૮૬૯)

**DEEPAWALI PACKAGES**
દુબઈ - 37,500/-, ગોવા - 7999/- સાઈટસીઇંગ વેજીટેરીયન ડીનર. 9820002810. (૧૪૯૮૭-બી)

## ૧૪. નોકરી ખાલી છે

**મસ્જિદબંદર વેસ્ટમાં**
Tally અને BRS Account જાણકાર જોઈએ, Walking Interview - Vaibhav Marketing 275, Samuel Street, Shreeji Bhawan Building, Vadgadi. 8452920204. (બી-૧૪૮૫૨)

**અંધેરીમાં**
**રસોઈ, ઘરકામ અને અપંગ માસીની સારસંભાળ માટે ગુજરાતી, વૈષ્ણવ, બ્રાહ્મણ, જૈન બહેનની જરૂર છે. 8971972599. (એસડીબી-૨૧૫૦)**

■ **કાર માટે અનુભવી ગુજરાતી ડ્રાઈવર પાર્ટ ટાઈમ જોઈએ છે. ૮૯૭૧૯૭૨૫૯૯. (એસડીબી-૨૧૫૧)**

**અકાઉન્ટન્ટ**
**પાર્ટટાઈમ અંધેરી મરોલમાં (શેઅર્સ અને મ્યુચ્યુઅલફંડની કાર્યવાહીના અનુભવી) બેલેન્સશીટ Experienced Accountant જોઈએ છે. CV મોકલો Whatsapp - 9820034861. (એસડીબી-૨૧૬૫)**

■ **કાંદિવલીમાં નવરાત્રીના કપડાં સિલાઈ માટે માસ્ટરની જરૂર છે. સંપર્ક 8169156573. (૧૪૯૮૪-એ)**

WANTED CANDIDATE TO work at our BSE Office, with Computer knowledge, especially knowledge of Share Dealing & Back Office preferred. Post Your CV on 9821115814. (220)

**REAL ESTATE**
Sales Wanted 10 Male candidates to Work at a reputed Real Estate Company at Juhu Scheme Earn 10 lacs annually, On Commission basis. Field job 10 am to 7 pm Profile-Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (14982-G)

**REQUIRE EXPERIENCED**
Account / Back Office Clerk, with proficiency in MS Office and Accounting Software for Full / Parttime at Vileparle Office. Email: tac.hrd@hotmail.com (14988-A)

## ૧૭. જગ્યા આપવી છે

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ/ ટાવર્સ /૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ ભાડેથી- ૯૬૧૯૦૧૪૫૫૫/ ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૭૧૭)

**જુહુધારા કોમ્પલેક્ષ**
જેવી લીંક રોડ, ૨-૩ બેડરૂમ ઓનરશીપથી, ૩-૪ બેડરૂમ લીઝથી ૧½ બેડરૂમ, વીરા દેસાઈ રોડ- વેંચાણથી. બી. નરેંદ્ર જોષી ૯૮૨૦૨૯૪૯૨૨ / ૦૨૨૭૯૬૧૭૮૯૧. (૧૪૯૭૦-બી)

**ઘાટકોપરમાં ગેરંટી**
**વિચારીને લેશો તો સિંગપાકનાં ભાવમાં કાજુકતરી મળશે, ગમે તેજ લ્યો, ગમ્મે તે ન લ્યો, બજાર-ભાવે ફ્લેટ લેવા-વેચવાના સોદાની ૩૦ દિવસની ગેરંટી. ''ભીમાણી'' 9820814333, 9920814333. (૧૪૫૫૩-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**60' રોડ, કાર પાર્કિંગ સાથે, નવા બિલ્ડિંગમાં, 2.5 બેડરૂમ, હોલ, કિચન- 800' કારપેટ-2.75 CR, 3 બેડરૂમ, હોલ, કિચન-845' કારપેટ - 3.05 CR, 920' કારપેટ-2.99 CR, 1050' યુઝેબલ, ફુલ્લી ફર્નીશ્ડ-3.51 CR, 2+2 બેડરૂમ, હોલ, કિચનની જોડી-1215' કારપેટ, 4.25 CR. HOMEALONE PROPERTY, ''જુગ્નું શાહ'' 9833352224. (૧૪૯૭૪-એ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**બજાજ રોડ, ઓનરશીપથી ૪ બેડરૂમ અને ૨ બેડરૂમના ફ્લેટસ ૧૧મે માળે, નવું બિલ્ડિંગ, ઓ.સી. સાથે. એજન્ટઃ અશ્વીન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૨૧૫૬)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**લક્ષ્મીનગર-૧ બેડરૂમ, હોલ, કિચન, 500' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ ૧ રીઝર્વ્ડ કાર પાર્કિંગ. 90 LAKH. ''જુગ્નું શાહ''-"HOME ALONE PROPERTY''-9833352224. (૧૪૮૬૨/ઈ)**

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
લિંકીંગ રોડ - આર્ય સમાજ પાસે - ૩ બેડરૂમ ફ્લેટ એરીયા ૧૨૦૦' યુઝેબલ કારપેટ, હાયર ફ્લોર, લીફ્ટ, પાર્કિંગ, સી-સીટી વ્યુ, ૫,૮૫,૦૦,૦૦૦/- લેવા/વેચવા લીઝથી ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪ / ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૪૮૫૦)

**લોનાવાલા**
૩૨૦૦ પ્લોટ એરિયા ૬ બેડરૂમનો બંગલો વેચાણમાં અન્ય ઘણી પ્રપોઝલ. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૪૮૫૧)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૪૮૫૦)

**VILE PARLE - WEST**
RERANO : P51800052339
Ganesh Chaturthi Special Rate Offer
@ 45,000/- PSF All inclusive
(Limited Period Offer)
S.V. Road Work In Full Swing
2BHK-3BHK- 4BHK- 5BHK
• RERA CARPET •
754 - 995 - 1458 - 1725 - 2498 Sq.ft
Available for sale Total
TOTAL GUJRATI - MARWADI COMMUNITY Nr. SONY-MONY
Plinth Level Completed
TARGET POSSESSION DEC-2025
Broker welcome
Call Builder
8422006711-9326900766
(B-14864)

**અંધેરી (વેસ્ટ)**
લલ્લુભાઈ પાર્ક, 1 BHK લીવલાયસંસથી - 50,000/- ભાડુ તથા પંચવટી, ગુલ્શન, હિમાચલ, હીલ કોર્ટ, એસ.વી. રોડ 1થી 4 BHK ઓનરશીપ/લીવલાયસંસથી લેવા-વેચવા મળો ''ગૌતમ જોષી'' 93222 36433- ''મેહુલ'' 98210 69632. (૧૪૯૭૦-એ)

■ **૨ બીએચકે વેચવાનો છે, મીરા રોડ- પૂનમ સાગર કોમ્પલેક્ષમાં માલિક- ૯૩૨૩૨૮૫૮૫૫. (બી-૧૪૮૧૯)**

**વર્લી - પ્રભાદેવી**
અમારા ક્લાઈન્ટ માટે જોઈએ છે. 2 થી 6 બેડ. SFRC પ્રોપર્ટી લેવા/ વેચવા. 203 યુનિક ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ. Twin Tower Lane, પ્રભાદેવી 400025. www.squarefeetrealty.in/ info@squarefeetrealty.in, 9821036552/ 9820855056. (૧૪૯૬૬-એ)

**બોરીવલી (ઈસ્ટમાં)**
એક બેડરૂમ - ૫૦૦ ફ્લેટ, હેમરાજ સ્કૂલ સામે, વેચાણથી. જીતુભાઈઃ 9820613128. (૧૪૯૬૪-સી)

**કાંદિવલી (વેસ્ટ)**
પટેલ નગરની સામે એમ. જી. ક્રોસ નંબર ૪, ૩૨૨' કારપેટ, ૧ બેડરૂમ હોલ વેચવાનો. 9167008918. (૧૪૯૬૩-સી)

**પાર્લા (વેસ્ટમાં)**
ત્રણ બેડરૂમ ફ્લેટ ભાડેથી/ વેચાણથી તથા નાની મોટી ઓફીસો લેવા. પવઈમાં રિઝર્વેશનનો પ્લોટ મળશે. જીતુભાઈ શાહઃ 9820613128. (૧૪૯૬૪-એ)

**''ખાર''-''મધુ પાર્ક''**
**૩ બેડરૂમ-૧૧૫૦', ૨ પાર્કિંગ, ૬ બેડરૂમ-૨૩૦૦', ૪ પાર્કિંગ, નવું બિલ્ડીંગ, O.C. સાથે, જીમ, ફક્ત ગુજરાતીઓ માટે, કોનટેક. "KUNAL PAREKH" 9819100243. (બી-૧૪૭૪૧)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**સ્પેશીયલ ઓફર**
**૬૦' રોડ, લેન્ડમાર્ક ન્યુ ટાવર, ૨ બેડરૂમ અનટચ રીસેલ ફ્લેટ લેવા. કોલ ઓનર - 7208215105. (૧૪૯૮૧-એ)**

**''કેમ્પસ કોર્નર, મુકેશ ચોક''**
**કન્વર્ટ 2 બેડરૂમ - 600' કાર્પેટ - ફુલ્લી ફર્નિશ્ડ, પાર્કિંગ, દલાલો માફઃ 9867794205. (૧૪૯૮૦-બી)**

**ખાર વેસ્ટ**
મધુ પાર્કની બાજુમાં 3 બેડરૂમનો ફ્લેટ તદ્દન નવા મકાનમાં ફક્ત ગુજરાતીને ભાડેથી આપવાનો છે. ભાડું - ૨,૦૦,૦૦૦/- નેગોશીયેબલ. ફોનઃ- ''ઓનર'' 9820156133. (૧૪૪૭૪-એ)

**ગ્રાન્ટ રોડ**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - જૂનું ભાડું 2,50,00,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૪૪૭૩-એ)

**ગ્રાન્ટ રોડ**
3 બેડરૂમ - 1500' - કાર્પેટ - જૂનું ભાડું 4,50,00,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૪૪૭૩-એ)



(14944-A)

**ગ્રાન્ટ રોડ**
3 બેડરૂમ - 785' - કાર્પેટ - ફરનીસ્ટ. 2,75,00,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૪૪૭૩-એ)

**ગામદેવી**
2 બેડરૂમ - 900' - કાર્પેટ - લીવ લાયસન્સથી ભાડું 1,35,000/= શાહ - 9820068382. (૧૪૪૭૩-બી)

**ગોવાલીયા ટેંક**
2 બેડરૂમ - 775' - લીવ લાયસન્સથી ભાડું 80,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૭૩-બી)

**તારદેવ**
3 બેડરૂમ- 1600'- કાર્પેટ - પાર્કીંગ 7,00,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-સી)

**તારદેવ**
3 બેડરૂમ- 1350'- કાર્પેટ - પાર્કીંગ 7,00,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-સી)

**વાલકેશ્વર**
3 બેડરૂમ- 1250'- કાર્પેટ - પાર્કીંગ - ફરનીસ્ટ 8,00,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-સી)

**વાલકેશ્વર**
2 બેડરૂમ- 920'- પાર્કીંગ - સી.વ્યું. 6,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-ડી)

**ગામદેવી**
2 બેડરૂમ- 825'- કાર્પેટ- પાર્કીંગ- 3,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-ડી)

**તારદેવ**
2 બેડરૂમ- 850'- કાર્પેટ - પાર્કીંગ 4,30,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-ડી)



(14969-A)

**ગોવાલીયા ટેંક**
2 બેડરૂમ- 700'- ફરનીસ્ટ - કાર્પેટ - પાર્કીંગ 3,65,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-ઈ)

**કેમ્સકોર્નર**
2 બેડરૂમ- 800'- કાર્પેટ - ગેરેજ - પાર્કીંગ 4,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-ઈ)

**બ્રીચકેન્ડી**
2 બેડરૂમ- 730'- કાર્પેટ - ગેરેજ - 4,35,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૭૩-ઈ)

**ગોવાલીયા ટેંક**
2 બેડરૂમ- 840' ફરનીસ્ટ-પાર્કીંગ. 5,50,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૪૪૭૩-એફ)

**ગોવાલીયા ટેંક**
3 બેડરૂમ- 1000' કાર્પેટ- પાર્કીંગ 6,50,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૪૪૭૩-એફ)

**તારદેવ**
3 બેડરૂમ- 1000' કાર્પેટ- ફરનીસ્ટ 5,00,00000/= નેગોશીએબલ. શાહ- 9820068382. (૧૪૪૭૩-એફ)

**મુલુંડ (વેસ્ટ)**
હેરિટેજ સોસાયટી, ૫ માળે, રોહીદાસ નગર, ગણેશ ગાવડે રોડ, 1RK (૨૭૬ બિલ્ટ અપ), ૨૦ વર્ષ જૂની સોસાયટી, ફ્લેટ વેચાણથી (લિફ્ટ, ગેસ લાઈન) - 9619199336. (બી-૧૪૮૬૨)

**વિલેપાર્લે (ઈસ્ટ) વેચાણથી**
આઝાદ રોડ - ફાયર બ્રિગેડની બાજુમાં, મીલન સબવે નજીક 3-બેડરૂમ - 1025' - હાયરફ્લોર, રેડી પઝેશન નવા બિલ્ડીંગમાં 3.70 Cr. All Inclusive, For Videos "Navkar Estate" - 9619674640. (જેપી/૪૯૪૦-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ) ભાડેથી**
પ્રબોધન ઠાકરે નજીક, બજાજ સુભદ્રા સ્પેશીયસ 3 બેડરૂમ 1200' હાયરફ્લોર- 2 પાર્કીંગ સાથે- ''નવકાર રીઅલ એસ્ટેટ'' - 8879129237. (જેપી/૪૯૪૦-ડી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી પી.એમ. રોડ- સુવિધા પર્લ, ફર્નિસ્ડ 2-બેડરૂમ 800' પાર્કીંગ સાથે- 2.75 Cr. ''નવકાર એસ્ટેટ''- 9619674640. (જેપી/૪૯૪૨-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
વેચાણથી- બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3-બેડરૂમ તેમજ 4-બેડરૂમ એમિનિટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન વિથ OC. ''નવકાર રીઅલ એસ્ટેટ''- 8356990950. (જેપી/૪૯૪૨-બી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
વેચાણથી- ઈર્લા, KLS હોસ્પિટલ પાસે, 9 માળના ટાવરમાં 3-બેડરૂમ 890' અને 5-બેડરૂમ 1800' હાયરફ્લોર બુકિંગમાં લેવા- 9819117722. (જેપી/૪૯૪૨-એ)

**''બોરીવલી''-''ઈસ્ટમાં''- ''વૈભવશાળી''**
''3 બેડરૂમ'' ''(2,58,000,00)'' ''અગિયારમો ફ્લોર'' ''સ્ટેશન નજીક'' ''તાત્કાલિક'' ''ખરીદવા'' ''સુનિલભાઈ - 9821477177''. (૧૪૯૭૯-એ)

**બોરીવલી (વેસ્ટ)**
Bathia bldg no 2 બ્રાન્ડ ન્યૂ બિલ્ડીંગ 9 માળનું ટાવર 1લો માળ વિજય સેલ્સની પાછળ રેડી પઝેશન, 3 બેડરૂમ 850' +128 terrace 2.81 cr package, 2 પાર્કિંગ, લકઝરીયશ એમિનિટઝવાળું બિલ્ડીંગ ભરતભાઈ-(Broker) 9821061741 - 9619191741. (જેપી/૪૯૪૧-બી)

**ગોવાલીયા ટેંક**
2 બેડરૂમ - 840' - લીવ લાયસન્સથી ભાડું 1,55,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૪૪૭૩-બી)

**દહિસર (ઈસ્ટ)**
ચાંડક નિશ્ચય, નવા હાઈરાઈઝ ટાવરમાં, 1 બેડરૂમ, 368' કાર્પેટ (88,00,000/- નેગોશીયેબલ), હાયર ફ્લોર, મોર્ડન એમેનીટીસ - 9769353435. (૧૪૯૮૩-એ)

**અંધેરી (ઈસ્ટ)**
વિશાલહોલ નજીક 2 બેડરૂમ 725 કારપેટ ''રીમા એસ્ટેટ'' 9820000627/ 7045660627. (એસડીબી-૨૧૬૪)

**જુહુ**
**3 બેડરૂમ 1900', 1230', 1130', 4 બેડરૂમ 2912', 6 બેડરૂમ ડુપ્લેક્સ 3800' વેચાણથી. રજનીકાંત - 8657131155. (બી-૧૪૮૬૬)**

**મરીનલાઈન્સ**
ફર્નીશ્ડ 1 બેડ ૩જા માળે (લિફ્ટ નથી) 75,000 ભાડે. સ્ટુડન્ટ માટે યોગ્ય. સ્ટેશન પાસે. 9819569698. (૧૪૯૯૩-સી)



(B-14833)

**સાંતાક્રુઝ વેસ્ટ**
**3 બેડરૂમ 1140', 1250', 1460', 4 બેડરૂમ 2750', વેચાણથી. રજનીકાંત - 8657131155. (બી-૧૪૮૬૭)**

**ખાર વેસ્ટ**
**ફક્ત ગુજરાતીઓ માટે 3 બેડરૂમ 1150', કાર્પેટ, 2 પાર્કિંગ તથા 2300' જોડી, 4 પાર્કિંગ નવા બિલ્ડિંગમાં મધુપાર્કની બાજુમાં વેચાણથી. રજનીકાંત - 8657131155. (બી-૧૪૮૬૮)**

**અંધેરી વેસ્ટ**
**જે.પી. રોડ**
**૧ બેડરૂમ, - ૩૮૫' Carpet - પાર્કિંગ, OC સાથે, વેચવો છે. જીમ, બાળકો માટે પ્લે એરિયા, ટેરેસ ગાર્ડન ''પ્રેયસ મહેતા'':- 9920039767. (બી-૧૪૮૬૫)**

■ વડોદરાનાં અટલાદરા-બિલ વિસ્તારમાં ફુલ્લી ફર્નિશ્ડ પેન્ટ હાઉસ વેચવાનું છે, એરિયા-1200 સ્કેવર ફુટ, કિંમત-40 લાખ. મો. 9662063925. (બી-૧૪૮૭૨)

**ફ્લેટ વેચાણથી**
Swastik house 330' કારપેટ 1 રૂમ કિચન (કોમર્શિયલ યુઝ શક્ય) એચપી રોડ ટચ કાંદીવલી વેસ્ટ સંપર્ક 8169358143. (જેપી/૪૯૪૧-ડી)

**કાંદિવલી (વેસ્ટ)**
3 બેડરૂમ, 1040' એમજીરોડ, સ્ટેશન, દેરાસર નજીક વેચાણથી. વિનોદભાઈ 8097960449. (૧૪૪૭૫/એ)

**Ghatkopar East**
**(1) 1 BHK 360 Carpet @99 Lakhs, M. G. Road with Lift (2) 1 BHK 540 Carpet @1.11 Cr.++ at PANTNAGAR (3) 2 BHK 800 Carpet @2.79 Cr., fully furnished Sudhapark (4) 2 BHK 715 Carpet @2.30 Cr., higher floor Aaradhya One Earth Naidu Colony (5) 2 BHK 725 Carpet @2.30 Cr., V. B. Lane Extension (6) 2 BHK 710 Carpet @2.25 Cr. at 90 Feet Road (7) 3 BHK 822 Carpet on paper useable 950 Carpet @2.97 Cr. at off 60 Feet Road (8) 3 BHK 950 Carpet @3.81 Cr. 60 Feet Road new brand building higher floor (9) 3 BHK 945 Carpet @3.60 Cr. Vallabh Baug Lane new building with OC & 2 Parking (10) 3 BHK 980 Carpet @3.41 Cr.++ at Vallabh Baug Lane New building higher floor (11) 3 BHK 1100 Carpet @3.51 Cr. mid-higher floor with balcony, V. B. Lane extension. New building (12) 3 BHK 1100 Carpet @ 4.75 Cr. at Kukreja Palace fully furnished (13) 3 BHK 1350 Carpet @ 5.40 Cr. at 60 Feet Road higher floor with balcony (14) 4 BHK 1210 Carpet @4.23 Cr. at 90 Feet Road new building higher floor (15) 4 BHK 1550 Carpet @5.04 Cr. at new brand complex with 5 star amenities (16) 4 BHK 2000+ Carpet useable & 5.94 Cr. at off Tilak Road higher floor. Also call for Rent any Commercial Offices & Residential 1, 2, 3, 4 BHK at Ghatkopar East/West.**
**Nilesh R. Shah +91 9820267488**
(B-14837)

**વિલેપાર્લા (વેસ્ટ)**
4 બેડરૂમ, 2300' લકઝરીયસ, પીસફૂલ લોકેશન, સ્ટેશન, માર્કેટ, દેરાસર નજીક, વેચાણથી. વિનોદભાઈ 8097960449, ભાવેશભાઈ 9324001110. (૧૪૪૭૫/સી)

**ગામદેવી ખાતે**
''સુગન હાઈટ્સ'', હરિશ્ચંદ્ર ગોરેગાંવકર રોડ, ગ્રાન્ટ રોડ, જૈન મંદિર અને શિવ તાપી બિલ્ડિંગ પાસે 1200 ચોરસ ફૂટ, ચોપાટી પાસે 3 BHK ફ્લેટ, 6 મહિનામાં કબજો, દલાલોનું પણ સ્વાગત છે. સંપર્કઃ 9967333000. (જેપી/૪૯૪૨-ડી)

**3 બેડ**
**વરલી સી ફેસિંગ, બ્રાંડ ન્યુ, 40 માળની ઈમારત તાત્કાલિક વેચાણ માટે. સંપર્કઃ- 9619190361. (બી-૧૪૮૭૭)**

**ચીરા બજાર**
**1 બેડરૂમ, બે બાથરૂમ, કારપાર્કિંગ, હાયરફ્લોર, સીવ્યુ, રેડીપજેશન, વેચાણમાં નટુભાઈ દવે - 9892971331. (૧૪૯૮૯-એ)**

**વી.પી. રોડ - ચર્નીરોડ**
**તૈયાર-બંધાતા મકાનમાં ઓનરશીપથી વેચાણમાં-ભાડામાં લેવા-આપવા નટુભાઈ દવે - 9892971331. (૧૪૯૮૯-ડી)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની નજીક, મોર્ડન એમેનીટીઝવાળા પ્રોજેક્ટમાં મોટા 2/3 બેડરૂમ તથા જોડી ફ્લેટો જેમાં 100 ફેમિલીએ બુકિંગ કરાવેલ છે. તેવા A/B/C/D ટાવરમાં વેચાણથી લેવા. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૧૬૨)**

**ખેતવાડી**
300 સ્કે. ફૂટ (કન્વર્ટ 1 બેડરૂમ છે.) સારી સોસાયટી 9821030822. (૧૪૯૯૪-એ)

■ વિલેપાર્લે (વેસ્ટ), બાપુભાઈ વશી રોડ, નવા બંધાયેલ બિલ્ડિંગમાં, 2 BHK 634 Sq.ft. કાર્પેટ, ૧ પાર્કિંગ સાથે તુરંત ભાડે આપવાનો છે. (દલાલ માફ). Contact- 9820731663, 9820427514. (બી-૧૪૮૭૩)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંતનગર, રાજશ્રી11, 2 બેડરૂમ, - 638' કારપેટ, હાયર ફ્લોર પાર્કિંગ સાથે, રૂફટોપ એમેનીટીશ, રેડી. OC સાથે. વિશાલ મહેશ ઠક્કર- (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૪૯૯૧-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી સ્ટેશન પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન, 1260' કારપેટ, સ્પેશ્યસ ફ્લેટ સાથે પાર્કિંગ અને રૂફટોપ એમેનીટીશ, રેડી. વિશાલ મહેશ ઠક્કર- (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૪૯૯૧-એ)**

**લોઅરપરેલ**
લોઢા પાર્ક/ લોઢા વલ્ડવન/ મેરેથોનમાં 2/3/4 બેડરૂમ લેવા. 9821030822. (૧૪૯૯૪-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંતનગર, 2 બેડરૂમ, હોલ, કિચન, 590' કારપેટ, હાયર ફ્લોર, રૂફટોપ એમેનીટીશ, કબજો ઓક્ટોમ્બર- ૨૦૨૪. વિશાલ મહેશ ઠક્કર- (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૪૯૯૧-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. M.G. રોડ, હવેલી પાસે, ૧ બેડરૂમ, હોલ, કિચન-540' કારપેટ, સેમી ફર્નીશ્ડ, લીફ્ટ, રેડી કબ્જો. વિશાલ મહેશ ઠક્કર- (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૪૯૯૧-એ)**

**ખેતવાડી**
2 બેડરૂમ/3 બેડરૂમ રેડી પઝેશન લેવા/વેચવા. 9821030822. (૧૪૯૯૪-એ)

**મરીનલાઈન્સ**
ફર્નીશ્ડ 1 બેડ ૩જા માળે (લિફ્ટ નથી) 75,000 ભાડે. સ્ટુડન્ટ માટે યોગ્ય. સ્ટેશન પાસે. 9819569698. (૧૪૯૯૩-સી)

**વાલ્કેશ્વર**
1730' 4 બેડ ફર્નીશ્ડ સીવ્યુ 2 પાર્કિંગ ભાડે/ વેચાણથી મળશે. 9819569698. (૧૪૯૯૩-ડી)

**ગ્રાન્ટરોડ**
બાલારામ સ્ટ્રીટ 2 બેડરૂમ એરિયા 800 વીથ પાર્કિંગ. 3 બેડરૂમ એરિયા 765 ફુલ્લી ફર્નીશ્ડ ફ્લેટ. 9821030822. (૧૪૯૯૩-એ)

**ભાયખલા**
દેરાસર કોમ્પ્લેક્સ 2/3/4 બેડરૂમ રેડી/ અંડર કન્સ્ટ્રક્શનમાં એમિનિટિસ સોસાયટીમાં. 9821030822. (૧૪૯૯૩-બી)

**ભુજ ફ્લેટ વેચાણથી**
વિજયનગર, હોસ્પિટલ રોડ તથા જૈન દેરાસર નજીક. 3 સાઈડ ખુલ્લો, 2 BHK ફ્લેટ, 2 ટોઈલેટ, અલગ ડાઈનિંગ રૂમ, 2 બાલ્કની, 24 કલાક પાણી, નવી લિફ્ટ. સંપર્ક-. 9820016348, 9825122956. (૧૪૯૯૨-એ)

**જુહુસ્કીમમાં વેચાણથી**
૧૪૦૦' યુઝેબલ કારપેટ, પહેલે માળે, ફક્ત કોમર્શીઅલ/ ડૉક્ટર માટે. એક પાર્કીંગ, લીફ્ટ. જયંત ભાલરીયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૪૯૮૬-સી)

**જુહુસ્કીમ**
રોડ નં. ૩, પાંચમે માળે, વેચાણથી, ૧૦૫૦' યુઝેબલ કારપેટ, ૨.૫ બેડરૂમ કન્વર્ટેડ. જયંત ભાલરીયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૪૯૮૬-બી)

**પાર્લા (વેસ્ટમાં)**
ઓફિસો ભાડેથી. ૧૧૦૦'/૬૭૨૦' ફર્નીશ્ડ તથા ૪ બેડરૂમ વેચાણથી. અંધેરીમાં ઓફિસ ૧૬૦'. સંપર્કઃ જીતુભાઈ શાહઃ 9820613128 (૧૪૯૮૬-એ)

(જુઓ પાનું ૧૨) ▸▸

# ‘આપ’એ કેજરીવાલના જામીન પર સુપ્રીમના નિર્ણયની પ્રશંસા કરતાં કહ્યું ‘સત્યમેવ જયતે’

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટીએ શુક્રવારે એક્સાઇઝ પોલિસી કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને જામીન આપવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયની પ્રશંસા કરી હતી. તેમજ નિર્ણયને ‘સત્યનો વિજય’ ગણાવ્યો હતો.

સીબીઆઇ દ્વારા એક્સાઇઝ પોલિસી કેસમાં કેજરીવાલને જામીન આપ્યા બાદ કેજરીવાલની મુક્તિનો રસ્તો સાફ થઇ ગયો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા એક્સાઇઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કેજરીવાલને પહેલાથી જ સુપ્રીમ કોર્ટ દ્વારા વચગાળાના જામીન આપવામાં આવ્યા છે. આપએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે ‘સત્યમેવ જયતે’. દિલ્હી અને હરિયાણામાં ચૂંટણીઓની તૈયારી કરી રહેલી પાર્ટી માટે તિહાર જેલમાંથી કેજરીવાલની મુક્તિ એક મોટી ઉપલબ્ધિ સાબિત થશે.

ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા, જેમને તાજેતરમાં ઇડી અને સીબીઆઇના એક્સાઇઝ પોલિસી કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા છે, તેમણે એક્સ પર કહ્યું કે આજે ફરી એકવાર ખોટું અને કાવતરાઓ સામેના જંગમાં સત્યનો વિજય થયો છે. હું ફરી એક વાર બાબાસાહેબ આંબેડકરની વિચારસરણી અને દૂરદર્શિતાને નમન કરું છું. જેમણે ૭૫ વર્ષ પહેલા સામાન્ય માણસને કોઇપણ સરમુખત્યાર સામે મજબૂત બનાવ્યો હતો.

આપના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ આ નિર્ણય પર સુપ્રીમ કોર્ટનો આભાર વ્યક્ત કર્યો હતો. દિલ્હીના પ્રધાન આતિશીએ એક્સ પર કહ્યું કે ‘સત્યમેવ જયતે’. સત્યને પરેશાન કરી શકાય છે, પરાજિત નહીં. તેમજ આપના રાજ્યસભાના સાંસદ હરભજન સિંહે પણ કેજરીવાલની મુક્તિને આવકારતા કહ્યું કે તેઓ પોતાની જાતને લોકોની સેવામાં સમર્પિત કરતાં રહેશે. ■

# કેજરીવાલને જામીન મળતાં પત્ની સુનીતાએ ‘આપ’ પરિવારને અભિનંદન પાઠવ્યા



નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતાએ શુક્રવારે તેમના પતિને જામીન આપવાના સુપ્રીમના નિર્ણય પર આમ આદમી પાર્ટીને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ તિહાર જેલમાં બંધ અન્ય નેતાઓની મુક્તિ માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેજરીવાલને એક્સાઇઝ પોલિસી કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં જામીન આપ્યા હતા. દિલ્હીના પૂર્વ પ્રધાન સત્યેન્દ્ર જૈન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)ના અલગ મની લોન્ડરિંગ કેસમાં જેલમાં છે. સુનીતાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આપ પરિવારને અભિનંદન! મજબૂત રહેવા બદલ અભિનંદન. હું આપણા અન્ય નેતાઓની જલ્દી મુક્તિની પણ કામના કરું છું. ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ભુયાનની ખંડપીઠે કેજરીવાલને ૧૦ લાખના જામીન બોંડ અને બે જામીનોના આધારે રાહત આપી હતી. વડી અદાલતે કેજરીવાલને કેસની યોગ્યતાઓ પર કોઇ જાહેર ટિપ્પણી ન કરવાનો નિર્દેશ આપ્યો હતો. ■

# અરવિંદ કેજરીવાલના જામીન મામલે ભાજપનો પ્રહાર, સુપ્રીમ કોર્ટે કટ્ટર બેઇમાનને બતાવ્યો ‘અરીસો’

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને કથિત દારૂ કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા છે. કેજરીવાલ હવે કેટલીક શરતો સાથે જેલમાંથી બહાર આવશે. એક તરફ આમ આદમી પાર્ટી કેજરીવાલના જામીનને સત્યની જીત ગણાવી રહી છે અને તપાસ એજન્સીઓ પર સવાલો ઉઠાવી રહી છે તો બીજી તરફ ભાજપે પણ આમ આદમી પાર્ટી અને કેજરીવાલ પર નિશાન સાધ્યું છે. ભાજપે કેજરીવાલને જામીન પર બહાર રહેલા મુખ્ય પ્રધાન ગણાવ્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કેજરીવાલ પર પ્રહાર કરતા કહ્યું કે સુપ્રીમ કોર્ટે કટ્ટર બેઈમાન આપ કન્વીનર અરવિંદ કેજરીવાલને ફરીથી અરીસો બતાવ્યો છે. જે આદેશ આપવામાં આવ્યો છે તેમાં ભ્રષ્ટાચારી અરવિંદ કેજરીવાલને શરતી જામીન મળી ગયા છે. જેલમાં બંધ મુખ્ય પ્રધાન હવે જામીન પર બહાર ‘મુખ્ય પ્રધાન’ બની ગયા છે. હવે અરવિંદ કેજરીવાલે તેમના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ, પરંતુ અરવિંદ કેજરીવાલ આમ નહીં કરે કારણ કે તેમનામાં કોઈ નૈતિકતા બાકી નથી. હવે એમ કહેવું ખોટું નહીં હોય કે સીએમ પર ભ્રષ્ટાચારનો આરોપ છે. હવે તે આરોપીઓની કેટેગરીમાં છે. ગૌરવ ભાટિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જે રીતે જામીન પર બહાર આવેલા તમામ કેદીને કેટલાક નિયમોનું પાલન કરવું પડે છે તે બધા નિયમો અરવિંદ કેજરીવાલ પર પણ લાગુ થવાના છે. જામીનની શરતો કેજરીવાલ પર પણ લાગુ પડશે. અરવિંદ કેજરીવાલનો પાસપોર્ટ કોર્ટમાં રહેશે.

તેઓ વિદેશ પ્રવાસે જઈ શકતા નથી.અરવિંદ કેજરીવાલે દર સોમવાર અને ગુરુવારે તપાસ અધિકારી સમક્ષ હાજર થવું પડશે. ■

# કેન્દ્રીય કેબિનેટે ‘મિશન મૌસમ’ને આપી મંજૂરી, જળવાયુ પરિવર્તનના પ્રભાવોનો સામનો કરવામાં મળશે મદદ

નવી દિલ્હીઃ કેન્દ્રીય કેબિનેટે બુધવારે હવામાનની આત્યંતિક ઘટનાઓ અને જળવાયુ પરિવર્તનની અસરોની ભવિષ્યવાણી કરવા અને તેનો આપવાની ભારતની ક્ષમતાને વધારવા માટે ‘‘મિશન મૌસમ’’ ને મંજૂરી આપી હતી. આ માટે પ્રથમ તબક્કા માટે ૨૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે જે માર્ચ ૨૦૨૬ સુધી રહેશે. ‘મિશન મૌસમ’ શું છે અને તેની શા માટે જરૂર છે?

જળવાયુ પરિવર્તનના કારણે દેશમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. દેશમાં ક્યાંક ભારે વરસાદ પડી રહ્યો છે તો ક્યાંક પૂરની સ્થિતિ સર્જાઈ છે. તો ક્યાંક આપણે દુષ્કાળનો સામનો કરી રહ્યા છીએ. વાદળ ફાટવાના બનાવો પણ વધ્યા છે. આને ધ્યાનમાં રાખીને સરકારે એક મોટું પગલું ભર્યું છે. જેથી સમયસર હવામાનની સચોટ માહિતી મેળવી શકીએ. આ સંદર્ભમાં મિશન મૌસમ જેવું મોટું પગલું ભરવામાં આવ્યું છે. આ માટે ૨ હજાર કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે.

તેમાં કૃત્રિમ વાદળો વિકસાવવા લેબ બનાવવી અને રડારની સંખ્યામાં ૧૫૦ ટકાથી વધુ વધારો કરવાની સાથે નવા ઉપગ્રહ, સુપર કોમ્પ્યુટર અને ઘણી બધી નવી ચીજો સામેલ કરવામાં આવશે.

પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયનું કહેવું છે કે હવામાનની આગાહી હજુ પણ પડકારજનક છે. આ વાતાવરણીય પ્રક્રિયાઓની જટિલતા અને મોડલ રિઝોલ્યુશનની મર્યાદાઓના કારણે ઉષ્ણકટિબંધીય હવામાનની આગાહી કરવી એટલી સરળ નથી.

નિરીક્ષણ ડેટા પણ પૂરતો નથી. ન્યુમેરિકલ વેધર પ્રિડિક્શન મોડલના રિઝોલ્યુશનને કારણે નાના પાયે હવામાનની ઘટનાઓની ચોક્કસ આગાહી કરવી સરળ નથી. આ મોડલ હાલમાં ૧૨ કિલોમીટર સુધી વિસ્તરે છે.આ સાથે વાતાવરણમાં થતા ફેરફારને કારણે પર્યાવરણ વધુ અવ્યવસ્થિત બની રહ્યું છે. જેના કારણે કેટલીક જગ્યાએ દુષ્કાળ અને અન્ય સ્થળોએ ભારે વરસાદ પડી રહ્યો છે. વાદળ ફાટવું, વીજળી પડવી, તોફાન અને વાવાઝોડા એ દેશમાં સૌથી ઓછા સમજી શકાય તેવી હવામાન ઘટનાઓ છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પરિસ્થિતિનો સામનો કરવા માટે વાદળોની અંદર અને બહાર, સપાટી પર, ઉપરના વાતાવરણમાં, મહાસાગરો પર અને ધ્રુવીય પ્રદેશોમાં થતી દરેક હવામાન સંબંધિત ગતિવિધિઓ પર સંશોધનની જરૂર છે.

કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના એમ. રવિચંદ્રને જણાવ્યું હતું છે કે આ પાંચ વર્ષનું મિશન બે તબક્કામાં લાગુ કરવામાં આવશે. પ્રથમ તબક્કો માર્ચ ૨૦૨૬ સુધી ચાલશે. આમાં ઓબ્ઝર્વેશન નેટવર્કને વિસ્તારવા પર ફોકસ કરવામાં આવશે. તેમાં લગભગ ૭૦ ડોપ્લર રડાર, સારા કમ્પ્યુટર અને ૧૦ વિન્ડ પ્રોફાઇલર અને ૧૦ રેડિયોમીટર લગાવવામાં આવશે. બીજા તબક્કામાં નિરીક્ષણ ક્ષમતાઓને વધુ વધારવામાં આવશે. આ માટે સેટેલાઇટ અને એરક્રાફ્ટને જોડવા પર ફોકસ કરવામાં આવશે.

મિશન મૌસમનો ઉદ્દેશ ટૂંકાથી મધ્યમ ગાળાની હવામાન આગાહીની ચોકસાઈને સુધારવાનો છે, જેનું હાલમાં લક્ષ્ય પાંચથી ૧૦ ટકા છે. આ સાથે તમામ મોટાં મહાનગરોમાં હવાની ગુણવત્તાના અનુમાનમાં ૧૦ ટકાનો સુધારો કરવો પડશે. ■

# કર્ણાટકના માંડ્યામાં હિંસા મામલે પોલીસ ઈન્સ્પેક્ટર સસ્પેન્ડ, વધુ ત્રણની કરાઇ ધરપકડ

નાગમંગલા (કર્ણાટક): કર્ણાટકના નાગમંગલામાં ભગવાન ગણેશજીની શોભાયાત્રા દરમિયાન થયેલી હિંસાના મામલે સરકારે મોટી કાર્યવાહી કરી હતી. સરકારે આ કેસમાં બેદરકારી રાખવા બદલ એક પોલીસ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કર્યા હતા. આ મામલે વધુ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે માંડ્યા જિલ્લાના આ શહેરમાં પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. અહીં બુધવારે રાત્રે બે જૂથો વચ્ચે અથડામણ પછી સ્થિતિ તંગ બની હતી. ટોળાએ અનેક દુકાનો અને વાહનોને નિશાન બનાવી તોડફોડ કરી હતી અને આગ ચાંપી હતી.

પોલીસે જણાવ્યું હતું કે હાલમાં શહેરમાં પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે. શહેરમાં વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે અને સાવચેતીના પગલાં રૂપે ૧૪ સપ્ટેમ્બર સુધી ચારથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મૂકતા પ્રતિબંધિત આદેશો લાગુ કરાયા છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ કેસમાં વધુ ત્રણની ધરપકડ કરાઇ છે. આ સાથે હિંસા મામલે ધરપકડ કરાયેલા કુલ લોકોની સંખ્યા ૫૫ થઈ ગઈ છે. અગાઉ ધરપકડ કરાયેલા ૫૨ લોકોને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. ગુરુવારે ફોરેન્સિક ટીમે પણ પૂરાવા એકત્ર કરવા સ્થળની મુલાકાત લીધી હતી. માંડ્યાના પોલીસ અધિક્ષક મલ્લિકાર્જુન બાલદંડીએ પીટીઆઈને જણાવ્યું કે નાગમંગલા ટાઉન પોલીસ સ્ટેશનમાં તૈનાત પોલીસ ઈન્સ્પેક્ટર અશોક કુમારને ગુરુવારે સાંજે શોભાયાત્રા દરમિયાન થયેલી હિંસા સંબંધમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. કેન્દ્રિય પ્રધાન એચડી કુમારસ્વામીએ શુક્રવારે શહેરની મુલાકાત લીધી હતી. તેઓ માંડ્યાથી લોકસભાના સભ્ય પણ છે. ■

# દક્ષિણ દિલ્હીમાં જીમ માલિકની ગોળી મારી હત્યા, ગેંગવોરની આશંકા

નવી દિલ્હીઃ ગેંગવોરના એક શંકાસ્પદ કેસમાં દક્ષિણ દિલ્હીના ગ્રેટર કૈલાશ વિસ્તારના પોશ વિસ્તારમાં ગુરુવારે રાત્રે બે બાઇક સવાર હુમલાખોરોએ ૩૫ વર્ષીય જીમ માલિકની ગોળી મારી હત્યા કરી હતી. આ જાણકારી શુક્રવારે અધિકારીઓએ આપી હતી.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે શુક્રવારે આ કેસના સંબંધમાં છ લોકોની અટકાયત કરી હતી, કારણ કે જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇની ગેંગના સભ્યો હત્યામાં સામેલ હોવાની શંકા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ પોલીસને ઉત્તર-પૂર્વ દિલ્હીના ગેંગસ્ટરોની સંડોવણીની પણ શંકા છે. મૃતકની ઓળખ નાદિર શાહ તરીકે થઇ છે. જે અગાઉ લૂંટ અને હત્યાના પ્રયાસ સહિતના ફોજદારી કેસોનો સામનો કરી રહ્યો હતો. તે ગ્રેટર કૈલાશ ભાગ ૧માં ભાગીદારીમાં જીમ ચલાવતો હતો.

પોલીસે જણાવ્યું કે એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં શાહને ત્રણ-ચાર ગોળી વાગી હતી. તે તેના શાર્ક જીમની બહાર કોઇ સાથે વાત કરી રહ્યો હતો ત્યારે તેના પર રાત્રે લગભગ ૧૦-૪૪ વાગ્યે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘટનાની કેટલીક મિનિટો બાદ ગેંગસ્ટર રોહિત ગોદારા નામના એકાઉન્ટ પરથી સોશિયલ મીડિયા પર કથિત પોસ્ટમાં શાહને ગોળી મારવાની જવાબદારી સ્વીકારવામાં આવી હતી. પોસ્ટમાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇના સહયોગીઓ રોહિત ગોદારા, ગોલી બ્રાર, ગોગી ગેંગ અને કાલા રાણા ગેંગના નામનો પણ ઉલ્લેખ છે. પોલીસને આ અદાવતનો મામલો હોવાની આશંકા છે, પરંતુ ગેંગવોરની શક્યતા નકારી શકાય તેમ નથી. પોલીસ તમામ સંભવિત એંગલથી તપાસ કરી રહી છે. ■



**બહુરાષ્ટ્રીય કવાયતઃ** ઑસ્ટ્રેલિયાના ડાર્વિન ખાતે યોજવામાં આવેલી બહુરાષ્ટ્રીય કવાયત ‘કાકાડૂ ૨૦૨૪’માં ભાગ લઈ રહેલા ભારતીય નૌકાદળના પીટએલ ઍરક્રાફ્ટના ક્રૂ મેમ્બરો સાથે ફ્લેગ ઑફિસર કમાન્ડિંગ ઈસ્ટર્ન ફ્લિટ (એફઓસીઈએફ) રિઅર ઍડમિરલ સુશીલ મેનન. (એજન્સી)

# પાઈલટ સાથેનો વિવાદ વકરતા સરકારને દખલગીરી કરવાની ઍર કેનેડાની વિનંતી

ઑટ્ટાવાઃ રોજગાર અંગેની વાટાઘાટને મામલે પાઈલટ સાથેનો વિવાદ વકરતાં શટડાઉન ટાળવા કેનેડાની સૌથી મોટી ઍરલાઈન્સ ઍર કેનેડાએ સરકારને દખલગીરી કરવાની ગુરુવારે વિનંતી કરી હતી.

જોકે કેનેડાના શ્રમ ખાતાના પ્રધાને બંને પક્ષને વાટાઘાટ મારફતે સહમતી સાધવા જણાવ્યું હતું.

ઍર કેનેડાના પ્રવક્તા ક્રિસ્ટોફ હૅનેબૅલેએ કહ્યું હતું કે ઍરલાઈન્સ વાટાઘાટ કરવા માટે કટિબદ્ધ છે, પરંતુ ઍરલાઈન્સના પાઈલટના એસોસિયેશન દ્વારા પગાર અંગેની કરવામાં આવેલી માગણી તે પૂરી કરી શકે એમ નથી.

તેમની પગાર વધારાની માગણી અયોગ્ય છે અને તે અમે પૂરી કરી શકીએ એમ નથી, એમ તેમણે કહ્યું હતું.

૫,૨૦૦ કરતા પણ વધુ પાઈલટનું પ્રતિનિધિત્વ કરી રહેલા એસોસિયેશનનું કહેવું છે કે ઍરલાઈન્સ સતત વિક્રમજનક નફો કરી રહી છે છતાં પાઈલટો આ ક્ષેત્રમાં મળતા સરેરાશ કરતા ઓછાં પગાર સ્વીકારે એવી અપેક્ષા રાખી રહી છે. અમેરિકાની અન્ય ઍરલાઈન્સના પાઈલટોને મળતા પગાર ધોરણ મુજબનો પગાર અમને પણ મળે એવી અમારા પાઈલટોની અપેક્ષા છે, એમ એસોસિયેશને કહ્યું હતું.

ઍરલાઈન્સ અને પાઈલટ એકમેક સાથે એક વર્ષ કરતા પણ વધુ સમયથી કરારબદ્ધ છે અને પાઈલટો અમેરિકાની ઍરલાઈન્સના પાઈલટોને મળતા પગાર ધોરણ મુજબનો પગાર મેળવવાની અપેક્ષા રાખી રહ્યા છે.

રવિવારથી શરૂ થતા ૭૨ કલાક દરમિયાન બંને પક્ષ હડતાળ કે લૉકઆઉટની નૉટિસ આપવાની સ્થિતિમાં હશે. કેનેડા ઍરલાઈન્સ દરરોજ ૧,૧૦,૦૦૦ કરતા પણ વધુ પ્રવાસીનું વહન કરે છે.

કેનેડાવાસીઓના હિત માટે પણ આ ઍરલાઈન્સ બંધ ન પડે તેની ખાતરી કરવા સરકારે દખલગીરી કરવા તૈયાર રહેવું જોઈએ, એમ ઍરલાઈન્સના પ્રવક્તાએ કહ્યું હતું. જો ઍરલાઈન્સ બંધ પડશે તો તેની અસર દેશના અર્થતંત્ર પર પણ પડશે, એમ તેમણે કહ્યું હતું. ■

# અમેરિકામાં બોઇંગ ફેક્ટરીના કામદારો હડતાળ પર

સિએટલઃ અમેરિકાના પશ્ચિમ કિનારે આવેલા બંદર શહેર સિએટલ નજીક બોઇંગ ફેક્ટરીમાં વિમાન એસેમ્બલી કર્મચારીઓએ કામ કરવાનું બંધ કરી દીધું છે. કર્મચારી યુનિયનના સભ્યોએ હડતાળ પર જવાની તથા એક કામચલાઉ કરારને નકારવાની તરફેણમાં ભારે મતદાન કર્યું હતું. આ કરાર અંતર્ગત ચાર વર્ષમાં પગારમાં ૨૫ ટકાનો વધારો થવાનો હતો.

હડતાળ મધ્યરાત્રિએ ૧૨-૦૧ વાગ્યે શરૂ થઇ હતી. ૯૬ ટકાએ કામ બંધ કરવાને સમર્થન આપ્યું છે. આ જાહેરાતના ત્રણ કલાકથી ઓછા સમયમાં હડતાળ શરૂ થઇ હતી. ■

# વિયેતનામમાં ચક્રવાત ‘યાગી’નો કેરઃ મૃતકોની સંખ્યા વધીને ૨૩૩ પર પહોંચી

હનોઈ : વિયેતનામમાં ચક્રવાત ‘યાગી’નો કહેર જોવા મળ્યો હતો. તોફાનને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારોમાંથી વધુ મૃતદેહો મળી આવ્યા બાદ શુક્રવારે મૃત્યુઆંક વધીને ૨૩૩ થઈ ગયો છે. દેશના સરકારી મીડિયાએ આ જાણકારી આપી હતી.

વિયેતનામની સરકારી ટીવી ‘વીટીવી’એ જણાવ્યું હતું કે ઉત્તરી લાઓ કાઈ પ્રાંતમાં મંગળવારે પર્વત પરથી વહેતા પૂરના પાણીમાં લાંગ નુ ગામ તબાહ થઈ ગયું હતું અને અહીં રહેતા ઘણા લોકો તણાઇ ગયા હતા. બચાવકર્મીઓએ ૪૮ મૃતદેહો બહાર કાઢ્યા હતા.

વિયેતનામમાં હજુ પણ ૧૦૩ લોકો ગુમ છે અને ૮૦૦થી વધુ ઘાયલ છે. વાવાઝોડું ‘યાગી’ એ દાયકાઓમાં વિયેતનામમાં ત્રાટકેલું સૌથી શક્તિશાળી તોફાન છે. તે શનિવારે ૧૪૯ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દરિયાકાંઠે અથડાયું હતું. રવિવાર સુધીમાં તે નબળું પડ્યું હોવા છતાં ધોધમાર વરસાદ ચાલુ રહ્યો અને નદીઓ ભયજનક સપાટી પર વહી રહી છે. લાંગ નુ સુધીના રસ્તાઓને નુકસાન પહોંચ્યું છે જેના કારણે બચાવ કાર્યમાં મદદ કરવા માટે ભારે સાધનો લાવવાનું અશક્ય બની ગયું છે. સ્નિફર ડોગ્સ સાથે લગભગ ૫૦૦ કર્મચારીઓ રાહત બચાવ કામગીરીમાં જોડાયેલા છે. ઘટનાસ્થળની મુલાકાત દરમિયાન વડા પ્રધાન ફામ મિન્હ ચિન્હે કહ્યું હતું કે તેઓ હજુ પણ ગુમ થયેલા લોકોની શોધમાં ઝડપથી અભિયાન ચલાવશે. તેમના પરિવારો ખૂબ દુઃખી છે. સરકારી વીએનએક્સપ્રેસ ન્યૂઝપેપરના રિપોર્ટ અનુસાર, શુક્રવારે વહેલી સવારે બે ઘરોમાંથી આઠ લોકો સુરક્ષિત મળી આવ્યા હતા. ■

# સંરક્ષણ ક્ષેત્રમાં ભારતને મળી મોટી સફળતા, બે દિવસમાં બે મિસાઇલનું કર્યું સફળ પરીક્ષણ

બાલાસોર (ઓડિશા) ભારતે શુક્રવારે ઓડિશાના દરિયાકાંઠે ચાંદીપુર સ્થિત ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (આઇટીઆર) પરથી સતત બીજા દિવસે ‘વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઇલ’ નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ સૂત્રોએ આ માહિતી આપી હતી. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) ના એક નિવેદનમાં પુષ્ટિ કરવામાં આવી હતી કે ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવેલા બંને પરીક્ષણો સફળ રહ્યા હતા.

નિવેદન અનુસાર, ‘‘બંને પરીક્ષણોમાં મિસાઈલે ‘સી સ્કિમિંગ’ હવાઈ લક્ષ્યનું અનુકરણ કરતા હાઈ સ્પીડ અને ઓછી ઊંચાઈવાળા હવાઈ લક્ષ્યને સફળતાપૂર્વક સાધ્યું હતું.’’ બાલાસોર જિલ્લાનાં છ ગામોના ૩૧૦૦ લોકોને અસ્થાયી રૂપે સ્થાનાંતરિત કર્યા છે. એક મહેસૂલ અધિકારીએ જણાવ્યું હતું કે ચાંદીપુરમાં અધિકારીઓ સાથે પરામર્શ કરીને આ સાવચેતીઓનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. ■

# ચીનની સરકારે નિવૃત્તિ વયમાં વધારો કરવાની મંજૂરી આપી

બેઇજિંગઃ ચીન આવતા વર્ષથી તેમના કર્મચારીઓની નિવૃત્તિ વય વધારવા જઇ રહ્યું છે. ઘટતી જતી વસ્તી અને વૃદ્ધ કાર્યબળનો સામનો કરી રહેલા દેશમાં આ વિસ્તરણને લાંબા સમયથી અપેક્ષિત માનવામાં આવી રહ્યું હતું.

નીતિમાં ફેરફાર ૧૫ વર્ષમાં ધીમે ધીમે લાગુ કરવામાં આવશે. જેમાં પુરુષો માટે નિવૃત્તિની ઉંમર વધારીને ૬૩ વર્ષ કરવામાં આવશે. જ્યારે મહિલાઓ માટે નિવૃત્તિની વય તેમની ભૂમિકાના આધારે ૫૫ અને ૫૮ વર્ષ કરવામાં આવશે. વર્તમાન નિવૃત્તિ વય પુરુષો માટે ૬૦ વર્ષ છે. ■



**ગ્રૂપ ફોટોઃ** ગ્રૂપ ફોટોમાં પૅરાઑલિમ્પિક્સ ૨૦૨૪માં ભાગ લેનારા સ્પર્ધકો સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રમતગમત ખાતાના પ્રધાન મનસુખ માંડવિયા. (એજન્સી)

# આઈએએસ અધિકારી અને અન્યને ત્યાં દરોડા, ૯૦ લાખની રોકડ અને ૧૩ કિલો ચાંદીના સિક્કા જપ્ત

પટના/નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)એ બિહાર કેડરના આઇએએસ અધિકારી સંજીવ હંસ, પૂર્વ આરજેડી ધારાસભ્ય ગુલાબ યાદવ અને કેટલાક અન્ય લોકો વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે પાડેલા તાજા દરોડા દરમિયાન લગભગ ૯૦ લાખ રૂપિયા રોકડા અને ૧૩ કિલો ચાંદીના સિક્કા જપ્ત કર્યા છે. સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી હતી.

આ અઠવાડિયાની શરૂઆતમાં દિલ્હીમાં બે સ્થળો અને કોલકાતા અને મુંબઇમાં કેટલાંક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર બિહાર ઊર્જા વિભાગના મુખ્ય સચિવ તરીકે કામ કરતા ૧૯૯૭ બેચના ભારતીય વહીવટી સેવા (આઇએએસ) અધિકારી હંસના કેટલાક કથિત જૂના સહયોગીઓની બે દિવસ સુધી તપાસ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે તાજા દરોડા દરમિયાન લગભગ ૯૦ લાખ રૂપિયા રોકડા અને ૧૩ કિલો ચાંદીના સિક્કા જપ્ત કરવામાં આવ્યા છે. ■

## ૧૭. જગ્યા આપવી છે

**''કાંદિવલી-બોરીવલી''**

**''(વેસ્ટમાં) 1/2/3 બેડરૂમના મોટા કાર્પેટવાળા ફ્લેટ્સ વેચવાના/ભાડેથી''- 7710979702/ 9930626313. (૧૪૯૮૭-એ)**

**FORJETT/TARDEO**

Residence/Commercial Properties Available For Rent Sale Atul: 9820070445, 9920070445. (B-14839)

**RAJASTHAN ESTATE AGENCIES**

**2,3,4,5 BHK Available Buying Selling Gopalbhai Jaipurvala 9322898994/ Mukesh Mehta 9967502537. (218)**

**DOSTI FRIENDSHIP MONTH**

Xclusive offer and prices 0% Stamp Duty at Wadala Eastern Bay 2 Bed 2.65 Cr. 3 Bed 3.70 Cr. 4 Bed Jodi Flats 5.15 Cr. 7 Star amenities Free hold Land. +91 89761 02382. (B-14750)

**BORIVALI - KANDIVALI**

Available Spacious, Luxurious 3/4/5 Bed and Bungalows for Purchase. Saraswati Estate - 7977266472 / 9820555494. (B-14863)

**PARLA JUHU**

Andheri Buying selling Rental Flat's Gujarati Localities Ready Booking Quick Deal Call Dharmesh Parekh-9892701450/9821118893. (JP 4941/C)

**FLAT FOR SALE**

**An Ownership 1 BHK, 515 sq. ft. Flat, Newly Renovated for Sale at Reasonable Rate in Andheri East. Lift available for Parsees only. Please Call 9892561522. (219)**

**PARLE EAST**

Ready Possession 2 Bed & 4 Bed Near Derasar, Off Nehru Road, East - West Open # 8097839330 / 8779694199. (B-14838)

**JUHU SCHEME / VILE PARLE**

West. To Buy and Sell 2, 3, 4 Bedroom Flats. Contact: B Vijay Associates 9930304515, (B-14857)

**JUHU UNDER CONSTRUCTION**

4/5/6 bedroom high end towers with amenities like, Pool, Gym, Banquet 2000' to 10000' carpet, 1 to 1.5 years occupancy, high floor, sea view 50000 to 65000 psf. Mihir 7021919014. (14982-A)

**PARLE (E) UNDER CONSTRUCTION**

New launch, with Swimming Pool, Gym, Banquet, Garden, 3/4/5/6 bed 1000' to 4500' near Jain Temple. 45,000 psf. (Negotiable). Mihir 7021919014. (14982-B)

**JUHU CIRCLE**

Projects@DN Nagar with infinity Pool, gym, Terrace, Garden, Banquet, indoor games, Mini Theatre, Cricket turf, 3 Bed 1100/1200 4 bed 1600/2000 5/ 6 bed 2200 to 2500@ 40000 psf. possession in 12-18 months Mihir 7021919014. (14982-C)

**VILEPARLE WEST**

Ready Flats Brand New Building Opposite SV Road 4 Bed 1500'-2000' 8-10 Cr. Furnished 3 Bed 1100'-1400'@ 48000 psf. Possession in 6 Months with Gym + Terrace Garden Also @ Lalubhai Park. Mihir 7021919014. (14982-D)

**SANTACRUZ / KHAR**

Luxury Projects 4/ 5/ 6- Bed/ Penthouse with Infinity Pool, Gym, Banquet, Mini Theatre, Terrace Garden 2000 to 6000 Carpet Near Madhupark, Opposite Link Road, Sea View, Ample Surface Parking. Budget 10-30 Crore. Mihir 7021919014. (14982-E)

**JUHU-PLOTS**

Clear title bungalow N.S. Road- JVPD, 500/700/800/-1000 Square Yards, Budget 40 to 100 Crores, More than 20 Plots, Road No. 5 to 12. and Seafacing 100 + "Pravin Dedhia" 8779630044. (14982-F)

**GAMDEVI**

Dharam Castle, New Tower, OC will come, 3 BHK, 3 Bath, Full Sea View, Parking, 825 carpet, 4.75 Cr. Or Rent 1.10 Lakh. 9892387267. (14994-B)

500' CARPET AREA SELF contain 1st Floor, Off/Res. Jambulwadi/JSS Rd. Corner. Main Road facing Marine Lines for Outright Sale. Contact 9820049499. (B-14874)

## ૧૮. જગ્યા જોઈએ છે

**ઓબેરોય -સ્કાયસિટિ**

**સોનીભાઈ - 7030503050**

**બોરીવલી ઈસ્ટમાં 3/4 બેડરૂમના ફ્લેટો લેવા-વેચવા-ભાડે થી. (૧૪૯૭૧-એ)**

**વિદ્યાવિહાર**

**સ્ટેશન/સોમાણી સ્કુલ નજીક ૨ બેડરૂમ હોલ કિચન લીવલાયસંસથી જોઈએ છે. તેમજ કાંજુરમાર્ગ રૂનવેલ બ્લીસમાં ૨ બેડરૂમ હોલ કિચન વેચાણથી લેવા સંપર્ક 9820013772. (એસડીબી-૨૧૬૧)**

**3 બેડ 2,50,000**

જોઈએ લોઅરપરેલ, વર્લી, પ્રભાદેવી, હાજીઅલી. નોનવેજ ફેમેલી અને પાલતું પ્રાણી. 9819569698. (૧૪૯૯૩-ઈ)

■ દાદર (ઈસ્ટ), માટુંગા (ઈસ્ટ), સાયન અથવા ગુલમહોર રોડ- જુહુ, અમારા માટે 2 BHK ફ્લેટ આઉટરાઈટથી જોઈએ છે. માલીકો Call: 24072465. 9324791393. (૨૨૧)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય. 9326470109. (એસડીબી-૨૧૪૭)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હોસ્પિટલ ડૉક્ટર બેંક માટે કોમરશીયલ જગ્યા ૧૧૦૦' ભાડેથી આપવાની છે. ''કરણ નીતિન દવે'' 7738741851. (૧૪૯૨૬-એ)**

**પાંજરાપોળ**

**કમર્શિયલ જગ્યા ૨૪૦' ૧લે માળે, ૩જી પાંજરાપોળ લેન, સી. પી. ટેન્ક વેચવાની છે. સંપર્ક ઓનર: 9819084680. (એસડીબી-૨૧૫૮)**

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવલાઈસન્સથી કોમર્શિયલ બિલ્ડિંગમાં ફર્નિશ્ડ/અનફરનિશ્ડ ઓફિસો સ્ટેશન રોડ, 1150' તથા એસ. વી. રોડ 1600' અને 663' આપવી છે. એજન્ટ: અશ્વીન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૨૧૫૭)**

**■ મંગલદાસ માર્કેટ ત્રીજી ગલીમાં મેડા સાથે દુકાન વેચવાની છે. 9892537980. (૧૪૪૭૬/બી)**

**શો રૂમ- ઓફિસ- ફ્લેટ**

અમદાવાદ ધરણીધર દેરાસર બાજુમાં, પાલડી મેઈન રોડ, 25 વર્ષ જુનો લેડીઝ આઈટમનો રનીંગ શો રૂમ, 260 સ્કે ફુટ કાર્પેટ + 1000 સ્કે ફુટ ઓફીસ તથા તેની ઉપરના માળમાં રેસીડેન્ટ ફ્લેટ આશરે 2300 સ્કે ફુટ વેચવાનો છે. (કિંમત 2.5 કરોડ) 9427056121. (૧૪૪૭૬-એ)

**કાંદીવલી**

ગાળા - ઓફિસ ૪૨૫', ૮૫૦', ૧૬૦૦' ચારકોપ ૩૦૦૦' - ૫૦૦૦' ભાડેથી લેવા. દિનેશ - 9324402779. (એસડીબી-૨૧૬૩)

**અંધેરી (ઈસ્ટમાં)**

લીવલાયસંસથી. રીજેન્સી હોટલ પાસે, ફર્નીશ્ડ ઓફીસ ૧૦૦' કારપેટ લેવા. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૪૯૮૫-એ)

**LOWER PAREL**

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2145)

## ૨૩. મનોરંજન

■ આપના ગ્રુપમાં નવરાત્રીના દાંડીયારાસ હોનહાર કલાકારો દ્વારા કરવા. હીન્દી ગુજરાતી MIXED તેમજ સંગીતસંધ્યા માટે: CALL: પ્રફુલ. 9324791393. 24072465. (૨૨૨)

**''બજેટ મુજબ''**

''ગણપતિ ભજન'', ''જૈન સાંજી'', ''નવરાત્રી દાંડિયા'', ''લગ્નગીત'', ''સંગીતસંધ્યા'', ''બથડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા''- 9820889938. (૧૪૯૮૭-સી)

## ૨૫. શૈક્ષણીક

**સંગીત શીખો**

હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779. ગદાધર. (બી-૧૪૮૫૯)

## ૨૭. ઔષધ ઉપચાર

**દુખાવો**

ઘુંટણ, કમર, હાથપગ, ગર્દન, ખભો ઘરમાંજ દવા વગર મટાડો. 9867226594. (૧૪૯૮૮-સી)

## ૩૧. નાણાંકીય

■ ''લોન- ડીફોલ્ટર્સ'' બેંકથી સેટલમેન્ટ / ઈન્સ્ટોલમેન્ટ (કોઈપણ-મેટર) (વકીલ મારફત). 9137725086. (બી-૧૪૮૪૪)

MUTUAL FUND, INSURANCE, Mediclaim, Corporate Fixed Deposits. Call: 8169967020. (G-2499-A)

## ૩૨. જમીન - મિલકત

**સાપુતારા-નાશિક**

**હાયવે ટચ, 12 એકર (3 લાખ ગુંઠા) 1 એકર પણ મળશે, સ્કૂલ, કોલેજ, બંગલો સ્કીમ, ફાર્મ હાઉસ. 9823362229. (૧૪૯૬૭-એ)**

**રીડેવલપમેન્ટ**

**નામાંકીત ડેવલપર્સને મુંબઈમાં સોસાયટી / જુના ભાડાની જગ્યા / લેન્ડલોર્ડ જોઈન્ટ વેન્ચર / અધુરા પ્રોજેક્ટ રીડેવલપમેન્ટ કરવા / આપવા ટાઇટલ ક્લીયર પ્લોટ જોઈએ છે. ભાનુ પાર્ટનર્સ એડવાયસરી એલએલપી - હિતેશ મારૂ - 9820153208. (૧૪૯૮૧-બી)**

**WANTED TO PURCHASE Tenanted / non Tenanted Building South Mumbai. 9969000999. (SDB-2160)**

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૪૮૫૬)

**ડ્રાફ્ટિંગ એક્સપર્ટ**
- ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ
- કન્વેયન્સ ડિડ
- એગ્રીમેન્ટ ફોર સેલ
- સેલ ડીડ
- ગિફ્ટ / રિલીઝ ડીડ
- વિલ
- પાવર ઓફ અટોર્ની

**હમે કરી આપીશું**

**ઉર્વી : 9309061443**

(બી-૧૪૮૦૮)

**એકાઉન્ટ**

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૪૭૭૮)

**કબુતરની જાળી**

ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડ નેટ સર્વીસ, નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ ''જીતુભાઈ''- 7900191232 (બી-૧૪૮૩૦)

**સર્ચ રીપોર્ટ**

**ઓલ્ડ એગ્રીમેન્ટ**

**ઓલ્ડ OC પ્લાન્સ**

**એરીયા સર્ટીફિકેટ**

**પોંઈટ એડવાઈઝરી**

**9029077715**

(બી-૧૪૮૩૫)

**PEDDAR ROAD**

Doctor House Full Floor 2000 sqft 14 Cr 4 Parking Owner 9892710071/9619048555. (B-14861)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**

**લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/9833390898/ 02228898500. (૧૪૯૬૮-એ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ડીપી પેસ્ટકન્ટ્રોલ**

(1997) મિનિમમ ચાર્જિસ - કોક્રોચ 550/-, માકડ 650/-, ઉધઈ સ્પ્રે 750/-, ઉંદર 450/-, સોફા ક્લિનિંગ 250/- : 9322504177 / 8080575877. (જેપી-૪૯૪૦-બી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૯૬૩-ઈ)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૯૨૨-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**વસઈમાં પેટ્રોલ પમ્પના માલિકની હત્યા અને લૂંટના કેસમાં ડ્રાઈવર સહિત બે પકડાયા**

# હીરાની વીંટી, મોંઘી ઘડિયાળના લેવાલ ન મળતાં હત્યારાઓ યુપી ઘરે પાછા ફરતાં પકડાઈ ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઉલ્હાસનગરના પેટ્રોલ પમ્પના માલિકનું કથિત અપહરણ કરી વસઈ નજીક હત્યા બાદ લૂંટ ચલાવવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ડ્રાઈવર સહિત બે આરોપીની ધરપકડ કરી હતી. આરોપી નેપાળ ફરાર થવામાં સફળ રહ્યા હતા, પરંતુ મૃતક પાસેથી લૂંટેલી હીરાજડિત વીંટી અને કીમતી ઘડિયાળનું કોઈ ખરીદદાર ન મળતાં ઉત્તર પ્રદેશ પાછા ફરેલા બન્ને આરોપી પોલીસને હાથે ઝડપાઈ ગયા હતા.

મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ અને સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી પકડી પાડેલા આરોપીઓની ઓળખ મૂકેશ ગોવર્ધનદાસ ખૂબચંદાની અને અનિલ રાજકુમાર ઉર્ફે નેપાળી મલ્લાહ ઉર્ફે સહાની ઉર્ફે થાપા તરીકે થઈ હતી. તેમનો સાથી રામલાલ જૈનક યાદવ ફરાર હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે. આરોપીઓ પાસેથી હીરાજડિત વીંટી, કીમતી ઘડિયાળ અને રોકડ રકમ હસ્તગત કરવામાં આવી હતી.

વસઈ નજીકના નાગલે ગાવની હદમાંથી ઉલ્હાસનગરમાં રહેતા અને સાત પેટ્રોલ પમ્પના માલિક રામચંદ્ર ગુરુમુખદાસ કાકરાણીનો મૃતદેહ ૨૫ ઑગસ્ટે તેમની કારમાંથી મળી આવ્યો હતો. ઘટનાસ્થળ નજીકથી પોલીસને કાકરાણીનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓની ઓળખ મેળવી હતી. આ હત્યામાં કાકરાણીનો ડ્રાઈવર મૂકેશ અને તેના બે સાથી અનિલ અને રામલાલની સંડોવણી હોવાનું જણાતાં પોલીસે તેમની શોધ હાથ ધરી હતી.

ગુનો આચર્યા પછી આરોપી નેપાળ ભાગી જવાની તૈયારીમાં હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થ નગર પહોંચી હતી. પોલીસ પહોંચે તે પહેલાં મૂકેશ અને અનિલ નેપાળના લૂંબીની શહેર રવાના થઈ ગયા હતા. જોકે નેપાળમાં વીંટી અને કીમતી ઘડિયાળના યોગ્ય ખરીદદાર ન મળતાં બન્ને આરોપી યુપીના ગોરખપુર પાછા આવી રહ્યા હોવાની માહિતી મળતાં પોલીસે સ્થાનિક પોલીસની મદદથી છટકું ગોઠવ્યું હતું.

પકડાયેલા બન્ને આરોપીની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ડ્રાઈવર મૂકેશે વારંવાર ગાળો આપનારા કાકરાણીની હત્યા ત્યાં જ કરીને લૂંટ ચલાવવાની યોજના અગાઉ બનાવી હતી, પરંતુ કોઈ કારણવશ તેમાં સફળતા મળી નહોતી. ઘટનાને દિવસે તે કાકરાણી સાથે પેટ્રોલ પમ્પની રકમ લેવા વિરાર આવ્યો હતો. પાછા ફરતી વખતે બન્ને સાથીને ભિવંડીના પારોળે ગામ નજીક ઊભા રહેવાની સૂચના મૂકેશે આપી હતી. કાર ભિવંડી પહોંચી ત્યારે મૂકેશે બન્ને સાથીને કાકરાણીના વિરોધ છતાં કારમાં બેસાડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ ઉલ્હાસનગર જવાને બદલે આરોપીએ કાર ફરી વસઈની દિશામાં વાળી હતી અને કારમાં જ રૂમાલથી કાકરાણીનું ગળું દબાવ્યું હતું. ગળું દબાવ્યા છતાં શ્વાસ ચાલતા હોવાનું જોઈ આરોપીઓ કાર વસઈના નાગલે ગાવ સુધી લઈ આવ્યા હતા. આખરે કાકરાણી મૃત્યુ પામ્યો હોવાની ખાતરી થતાં આરોપી ૧.૪૮ લાખ રૂપિયા, ૧૫ લાખ રૂપિયાની હીરાજડિત વીંટી અને કીમતી ઘડિયાળ લૂંટી ફરાર થઈ ગયા હતા. નાગલે ગાવથી મુંબઈ-અમદાવાદ હાઈવે પર ચાલતા વસઈ ફાટા પાસેથી રિક્ષામાં બેસી વિરાર ફાટા ગયા હતા, જ્યાંથી ગુજરાત જતી લક્ઝરી બસમાં બેસી તલાસરીની અપોલો હૉટેલ પાસે ઊતર્યા હતા. પછી બીજા વાહનમાં ગુજરાતની દિશામાં રવાના થયા હોવાનું પોલીસને સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં નજરે પડ્યું હતું. ■

# દાદર-વિરાર લોકલમાં મહિલા દ્વારા ચપ્પલથી મારપીટનો વીડિયો વાઈરલ



મુંબઈ: પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનમાં દિવ્યાંગ કોચમાં પ્રવાસીને મારપીટનો બનાવ બન્યો હતો. દાદર-વિરાર ડબલ ફાસ્ટ લોકલ ટ્રેનના દિવ્યાંગ કોચમાં મહિલા પ્રવાસીએ અન્ય એક પ્રવાસીને ટ્રેનના કોચમાં પ્રવેશવા મુદ્દે વિરોધ કર્યો હતો, ત્યાર બાદ મહિલાએ તેની સાથે ગેરવર્તણૂક કરી હતી, ત્યારબાદ મામલો વધુ બિચકવાને કારણે તેને ચંપલથી માર્યો હતો. આ સમગ્ર મુદ્દાને એક પ્રવાસીએ મોબાઈલના કૅમેરામાં કેદ કર્યું હતું.

આ બનાવ પછી પ્રવાસીએ રેલવે પોલીસને બોલાવી હતી. દિવ્યાંગ કોચમાં ચઢેલી બ્લુ અને રેડ કલરના સૂટમાં સજ્જ મહિલાએ પ્રવાસી સાથે વિવાદ કર્યો હતો, ત્યારબાદ ગાળાગાળી કર્યા પછી તેની ચપ્પલથી મારપીટ કરી હતી. આ બનાવ પછી લોકલ ટ્રેન વસઈ પહોંચ્યા પછી પોલીસને મહિલા સોંપવામાં આવી હતી. જોકે, એનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો.

આ બનાવ ક્યારે બન્યો એના અંગે કોઈ વિશેષ જાણકારી મળી નહોતી, પરંતુ દિવ્યાંગ હોય કે મહિલા કોચમાં લોકો ગેરકાયદે ટ્રાવેલ કરવાના કિસ્સા બનતા હોય છે. અમુક કિસ્સામાં પ્રવાસીઓ વચ્ચે મારામારીના બનાવો બનતા હોય છે.

સોશિયલ મીડિયા પર પણ એનો વીડિયો અને તસવીરો વાઈરલ થયા પછી અનેક યુઝરે મહિલાની ટીકા કરી હતી. જ્યારે અમુક પ્રવાસીએ લખ્યું હતું કે ધિસ ઈઝ ટુ એક્ઝામ્પલ ઓફ વુમન એમ્પાવરમેન્ટ ઈન ઈન્ડિયા.

પશ્ચિમ રેલવેમાં રોજ ૧,૩૦૦થી વધુ લોકલ ટ્રેન દોડાવાય છે, જેમાં મહિલા વિશેષ લોકલ સાથે એસી લોકલ ટ્રેનનો પણ સમાવેશ થાય છે. મહિલાઓ વિરુદ્ધ વધતા અત્યાચારોને લઈને મહિલાઓ પણ ટ્રેનોમાં મહિલાઓ સામે લડી લે છે, જ્યારે અમુક કિસ્સામાં પુરુષો સામે ભીડી જતી હોય છે, તેથી એમાં કોઈ નવાઈની વાત નથી, એમ એક પેસેન્જરે જણાવ્યું હતું.

# જિયો પારસી કાર્યશાળાનું ૧૪ સપ્ટેમ્બરે આયોજન

**કેન્દ્રીય લઘુમતી ખાતાના પ્રધાન પારસી સમુદાય સાથે વાતચીત કરશે**

મુંબઈ: કેન્દ્ર સરકારના લઘુમતી કલ્યાણ બાબતોના મંત્રાલય દ્વારા યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન સભાગૃહ મુંબઈ ખાતે શનિવાર ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૩૦ વાગ્યા સુધી જીયો પારસી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરન રિજિજુ, રાજ્યના લઘુમતી કલ્યાણ ખાતાના પ્રધાન અબ્દુલ સત્તાર આ પ્રસંગે પારસી સમુદાય સાથે વાત કરશે. લઘુમતી કલ્યાણ વિભાગે પારસી સમાજના નાગરિકોને આનો લાભ લેવાની અપીલ કરી છે.

પારસી મુખ્ય ઉપદેશક ઉદવાડાના દસ્તૂરજી અને રાષ્ટ્રીય લઘુમતી પંચના અધ્યક્ષ ઈકબાલસિંહ લાલપુરા તેમ જ ઉપાધ્યક્ષ કેરસી કે. દેબુ આ પ્રસંગે હાજર રહેશે.

ભારતમાં પારસી વસ્તીને સ્થિર કરવા અને પારસી વસ્તી વધારવાના ઉદ્દેશ સાથે કેન્દ્રએ જિયો પારસી યોજના શરૂ કરી. પારસી યુગલોને તબીબી અને સામુદાયિક આરોગ્ય ઘટક હેઠળ નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના હેઠળની સહાય રાજ્ય સરકાર દ્વારા બાયોમેટ્રિક અને અન્ય ચકાસણી પછી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા નાગરિકોને આપવામાં આવી રહી છે. આ વર્કશોપનું આયોજન એ હેતુથી કરવામાં આવ્યું છે કે આ યોજનાની માહિતી સમાજના મહત્તમ નાગરિકો સુધી પહોંચે. ■

# મોદીની ચીફ જસ્ટિસના ઘરે ગણેશ આરતીને પગલે પ્રોટોકોલના પ્રશ્નો: ઉદ્ધવ-સેના

મુંબઈ: ગણેશ ઉત્સવ નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચુડના નિવાસસ્થાને મુલાકાતથી પ્રોટોકોલ અંગે પ્રશ્નો ઉભા થયા હોવાનું શિવસેના (યુબીટી)એ શુક્રવારે જણાવ્યું હતું. પક્ષના મુખપત્ર 'સામના'ના તંત્રીલેખમાં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળના પક્ષે ભારતીય રાજનીતિના છેલ્લા સ્તંભની ગરિમા ઘટાડવાનો આરોપ મોદી પર કરી દેશની હાલત 'બગડી ગઈ' હોવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

વિવાદાસ્પદ નીવડેલી બુધવારની મોદીની ચંદ્રચૂડના નિવાસસ્થાને મુલાકાતનો ઉલ્લેખ કરી મુખપત્રમાં કહેવામાં આવ્યું છે કે વડા પ્રધાન અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેની અંગત બેઠકથી પ્રોટોકોલ સામે સવાલ ઊભા થાય છે. સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે નિવૃત્તિ પછી મળતા લાભો ન્યાયતંત્ર માટે ખતરાની ઘંટડી છે. ચંદ્રચૂડ પર કટાક્ષ કરી શિવસેના (યુબીટી)એ રજૂઆત કરી છે કે નિવૃત્તિ પછી વડા પ્રધાન તેમને 'ક્યાં મૂકે છે' તે જોવું રસપ્રદ રહેશે. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ મુજબ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ચંદ્રચૂડ ૧૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ નિવૃત્ત થશે.

લોકશાહી અને બંધારણને 'કચડી નાખવામાં' સરકારને મદદરૂપ થયેલા ન્યાયમૂર્તિઓને તેમની નિવૃત્તિ પછી નવાજવામાં આવ્યા હતા એવો દાવો 'સામના'ના સંપાદકીયમાં કરવામાં આવ્યો હતો. જોકે, ચંદ્રચૂડ વિશે એક અલગ અભિપ્રાય હતો અને છે કારણ કે તેઓ ન્યાય તોળતા પરિવારના વારસ છે. ઇન્દિરા ગાંધી વડા પ્રધાન હતા ત્યારે ડી વાય ચંદ્રચૂડના પિતા પણ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા હતા. અલબત્ત ચંદ્રચુડ મહારાષ્ટ્રના પુત્ર હોવાથી તેઓ કોઈ રાજકીય પ્રભાવને વશ નહીં થાય એવી પ્રબળ માન્યતા હોવાનું સંપાદકીયમાં ઉમેરવામાં આવ્યું હતું. (પીટીઆઈ) ■

**બદલાપુરની બબાલ**

# સસ્પેન્ડેડ શિક્ષણ અધિકારી પોતાની જવાબદારીમાંથી છટકી ગયા: રાજ્ય સરકાર

મુંબઈ: શાળાના વિદ્યાર્થીઓની સુરક્ષા માટે રાજ્ય સરકારે સમયે સમયે સરકારી નિર્ણય કાઢ્યા છે. એને કારણે શિક્ષણ અધિકારી એ નાતે આ સરકારી નિર્ણયનો કડક અમલ કરવામાં બદલાપુર ખાતે બે બાળકીઓ પર થયેલાં દુષ્કર્મની ઘટના બાદ સસ્પેન્ડ કરવામાં આવેલા થાણેના શિક્ષણ અધિકારી બાળાસાહેબ રાક્ષે નિષ્ફળ રહ્યા હતા. આ ઉપરાંત ઘટનાની માહિતી મોડી આપવા માટે તેઓએ અન્ય અધિકારીઓ સામે આંગળી ચીંધીને પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો હતો, એવો દાવો રાજ્ય સરકારે હાઈ કોર્ટમાં સોગંદનામા દ્વારા કર્યો હતો.

આ પ્રકરણે રાક્ષેએ તેની વિરુદ્ધ પ્રસ્તાવિત ઝોનલ તપાસ સામે જવું પડશે અને તેના દ્વારા તેના પરનો આરોપ ખોટો છે એ પુરવાર કરવું પડશે. આ તપાસ દરમિયાન પોતાના બચાવ કરવાની સંપૂર્ણ તક આપવામાં આવશે, એવો દાવો પણ સરકારે સોગંદનામામાં કર્યો છે. બદલાપુર ઘટના બાદ શિક્ષણપ્રધાન દીપક કેસરકરે રાક્ષેને સસ્પેન્ડ કરવાનું જાહેર કર્યું હતું. એની સામે રાક્ષેએ મહારાષ્ટ્ર એડમિનિસ્ટ્રેશન ટ્રિબ્યુનલ (મેટ)નાં દ્વાર ખટખટાવ્યાં હતાં. મેટમાં તેને રાહત ન મળતાં રાક્ષેએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી. ■

# ચર્ચગેટમાં થિયેટર નજીકથી એક વર્ષની બાળકીનું અપહરણ

મુંબઈ: દક્ષિણ મુંબઈના ચર્ચગેટ વિસ્તારમાં ઇરોઝ થિયેટરની પાછળ માતા-પિતા સાથે સૂતેલી એક વર્ષની બાળકીનું અજાણી મહિલાએ અપહરણ કર્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર બુધવારે મોડી રાતે આ ઘટના બની હતી. બાળકી તેનાં માતા-પિતા સાથે ઘટનાસ્થળે સૂતી હતી ત્યારે અજાણી મહિલા તેને ઉપાડી ગઇ હતી. દરમિયાન જાગી ગયેલી માતાને પુત્રી નજરે ન પડતાં તેણે પતિને જાણ કરી હતી. બાદમાં તેમણે પુત્રીની શોધ ચલાવી હતી, પણ તેનો કોઇ પત્તો ન લાગતાં આખરે તેમણે મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં જઇ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં અજાણી મહિલા બાળકીને લઇ જતી નજરે પડી હતી. પોલીસે આ પ્રકરણે અપહરણનો ગુનો દાખલ કરી આરોપીની શોધ આદરી હતી. ■



**દાતાને દાન માટે અપીલ**

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) રાકેશ પાટને | ૪૧ | ૫૦,૦૦૦ |
| ૨) રતન ચાંદા | ૬૨ | ૧,૦૦,૦૦૦ |
| ૩) સુનિલ મંડળ | ૩૮ | ૪૦,૦૦૦ |
| ૪) કલ્પના સરકાર | ૩૬ | ૩૦,૦૦૦ |
| ૫) બિડયુંત રોલાંય | ૬૦ | ૧,૫૦,૦૦૦ |
| ૬) લક્ષ્મી કુમારી | ૩૬ | ૨,૫૦,૦૦૦ |
| ૭) રઘુનાથ મંડળ | ૬૧ | ૨,૦૦,૦૦૦ |
| ૮) સોમશેર મોલ્લા | ૫૩ | ૧,૫૦,૦૦૦ |
| ૯) દિલીપ કુંડુ | ૫૦ | ૨,૦૦,૦૦૦ |
| ૧૦) વૈશાખીયા બાઈ સહુ | ૫૫ | ૪૦,૦૦૦ |
| ૧૧) અમીના બીબી | ૪૯ | ૧,૦૦,૦૦૦ |
| ૧૨) શેખ ઈશાક | ૫૫ | ૩૦,૦૦૦ |
| ૧૩) સંદીપ કોનેર | ૩૮ | ૧,૫૦,૦૦૦ |
| ૧૪) મોયના ખાતુન | ૩૬ | ૨,૫૦,૦૦૦ |
| ૧૫) સુભાષિશ મંડળ | ૪૪ | ૨,૮૦,૦૦૦ |
| ૧૬) અમ્બેદેવી ગુપ્તા | ૪૭ | ૮૦,૦૦૦ |
| ૧૭) ફરીદા ખાતુન | ૬૨ | ૧,૫૦,૦૦૦ |
| ૧૮) સાયરા બાનું | ૪૩ | ૩૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૯) ડીવીશા કુમારી | ૪ મહિના | ૩,૦૦,૦૦૦ |
| ૨૦) ગાર્ગી લક્ષ્મન સુરોશે | ૩ | ૩,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# રાજ્યમાં ખેડૂત ખરાઈ માટે રેકર્ડ ચકાસણી

## ૬ એપ્રિલ ૧૯૯૫થી જ મહેસૂલી રેકર્ડ ધ્યાનમાં લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં ખેતીની જમીનના વેચાણની મહેસૂલી રેકોર્ડમાં નોંધ પાડવા માટે ખેડૂતનું સર્ટિફિકેટ અને વર્ષો જૂના રેકોર્ડ તપાસવા સહિતની લાંબી પ્રક્રિયાને પગલે હવે રાજ્યમાં ખેડૂતની ખરાઇ માટે ૬ એપ્રિલ ૧૯૯૫ સુધીનું રેકોર્ડ જ ધ્યાનમાં લેવા ઉપરાંત હવે ખેડૂત સર્ટિફિકેટનો પણ અધિકારીએ આગ્રહ રાખવાનો રહેશે.

રાજ્યમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજિટાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપતા નિર્ણય કર્યા છે. રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં વેચાણ નોંધ હક્કપત્રકમાં દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર પાસેથી ૧૯૫૧-૫૨થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાની પ્રથા રાજ્યમાં અમલમાં છે.

મુખ્ય પ્રધાન સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે, બિનખેતીની પરવાનગી દરમ્યાન મૂળથી ખેડૂત ખાતેદારની ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડની બિનઉપલબ્ધતા અને બિનખેતી મંજૂરીના કેસોમાં વિલંબને કારણે ખેડૂતો અને અરજદારોને અનેક સમસ્યાઓ નડે છે.

૧૯૫૧-૫૨થી બિનખેતી પરવાનગી સમયે જ્યારે મૂળથી ખેડૂત ખાતેદાર હોવાના આધાર પુરાવાઓ માગવામાં આવે છે, ત્યારે આવા પુરાવાઓ જિલ્લા વિસ્તરણ, પૂર જેવી આકસ્મિક કુદરતી આપત્તિઓ, તેમ જ વડીલો અને હાલ ખરીદ કરનારાઓ દ્વારા જૂના માણસોના ખેડૂત હોવાના પુરાવાઓ અપ્રાપ્ય હોવાને કારણે વેચાણ-નોંધો તેમ જ બિનખેતી અરજીઓ ખેડૂત ખરાઈના મુદ્દે દફતરે કરવાના કે નામંજૂર કરવાના કિસ્સાઓ રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યા છે જેના પરિણામે મૂળ ખેડૂત ખરાઈ બાબતે મૂળથી રેકર્ડની ચકાસણી કરવા બાબતે રેકર્ડની બિનઉપલબ્ધતાના કારણે વેચાણ-નોંધો અને બિનખેતી મંજૂરીઓના કેસોમાં સરળીકરણ કરવાના હેતુથી નિર્ણયો કરાયા છે.

તદઅનુસાર, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં તા. ૬ એપ્રિલ ૧૯૯૫ પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનું રહેશે. એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે ૬ એપ્રિલ ૧૯૯૫ પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં.

ખેડૂત હોવા અંગેના ઉપલબ્ધ ઓનલાઈન રેકર્ડ તપાસીને સક્ષમ મહેસૂલી સત્તાઅધિકારીએ ખેડૂત ખરાઈ કરી આપવા નોંધ પ્રમાણિત કરવાનો નિર્ણય કરશે. વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહીં.

જોકે આવી ખેતીની જમીનની હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે ખેડૂત ખાતેદારે પોતે ખેડૂત ખાતેદાર હોવાનું સોગંદનામું નિયત નમૂનામાં રજૂ કરવાનું રહેશે.

મૂળથી જૂની શરતની હોય તથા ખેતીથી ખેતીના હેતુ માટે જૂની શરત થયેલા હોય, પરંતુ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે જ્યારે બિનખેતી માટેની અરજી આવે, ત્યારે માત્ર ખેડૂત ખરાઈના હેતુસર ૬ એપ્રિલ ૧૯૯૫ પછીનું જ રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે. આવી પરવાનગી વખતે કબ્જેદારો પાસેથી ફક્ત બિનખેતી વિષયક પરવાનગી આપવાની અરજી હોવાનું તેમજ આ પરવાનગીથી માલિકીપણા- ટાઈટલ કે અન્ય કોઈ બાબતે વિસંગતતા જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાપાત્ર રહેશે. એ પ્રકારનું સોગંદનામું કલેક્ટરે મેળવી લેવાનું રહેશે. બિનખેતી પરવાનગી અંગેની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે તથા તેનો ચુસ્તપણે અમલ તમામ સક્ષમ સત્તાધિકારીઓએ કરાવવાનો રહેશે. હાલ જે કેસોમાં ખેડૂત ખાતેદારના દરજ્જા બાબતે લિટિગેશન કે તપાસ પડતર છે તેવા કિસ્સાઓમાં આ જોગવાઈઓ લાગુ પડશે નહિ. ■

# ભારે વરસાદથી નુકસાન પામેલ રસ્તાઓમાં ૧૫મી સુધીમાં કાચા મેટલ પેચવર્કનું કામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે રોડ-રસ્તાની સર્જાયેલ પરિસ્થિતિની સંપૂર્ણપણે સત્વરે પૂર્વવત કરવા રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે તેની વિગતો આપતા પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યમાં ભારે વરસાદથી રોડ-રસ્તાઓની સર્જાયેલી પરિસ્થિતિના સમારકામને તા. ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણપણે પૂર્ણ કરવામાં આવશે. રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તક કુલ ૧.૩૦ લાખ કિ.મી. લંબાઇના રસ્તાઓ છે. જે પૈકી કુલ ૪,૧૭૨ કિ.મી. લંબાઇના રસ્તા વરસાદમાં નુકસાન પામેલા હતા. જેમાં યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને કુલ ૨,૪૨૯ કિ.મી. ના રસ્તાઓમાં મેટલ પેચવર્ક કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. બાકી રહી જતા ૧,૭૪૩ કિ.મી. રસ્તાઓના મેટલ પેચવર્કનું કામ આગામી ત્રણ દિવસમાં સત્વરે પૂર્ણ કરાશે એવું તેમણે ઉમેર્યુ હતુ.

સામાન્ય રીતે ૧૫ ઓક્ટોબર પછી રોડ રસ્તા રીપેરિંગમાં ડામર પાથરવાની કામગીરી શરૂ કરાય છે, પરંતુ આ વર્ષે યુદ્ધના ધોરણે સમગ્ર કામગીરી આરંભીને અત્યાર સુધીમાં ૮૧ ડામર પ્લાન્ટ કોરા વિસ્તારમાં શરૂ કરી દેવામાં આવ્યા છે એવું તેમણે જણાવ્યું હતું. ■

# શેત્રુંજી ડેમ ૭૦ ટકા ભરાતા હેઠવાસના ૧૮ ગામને એલર્ટ કરાયાઃ જળસપાટી ૨૮.૮ ફૂટે પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના જીવાદોરી સમાન શેત્રુંજી ડેમની સપાટી ૨૮.૮ ફૂટે પહોંચતા ડેમ ૭૦ ટકા ભરાઈ જતા તંત્ર દ્વારા હેઠવાસના ૧૮ ગામોને એલર્ટ કરાયા છે. ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાનો શેત્રુંજી ડેમની સપાટી ધીમી ગતિએ છેલ્લા ૨૨ દિવસથી અવિરતપણે વધી રહી છે. તેનું કારણ છે ધારીના ખોડીયાર ડેમમાંથી ઓવરફલો રૂપે જે પાણી વહી રહ્યું છે તે શેત્રુંજી ડેમમાં આવે છે તેથી ડેમની સપાટી હજુ પણ વધશે. ઉલ્લેખનીય છે કે શેત્રુંજી ડેમ ૩૪ ફૂટે ઓવરફ્લો થાય છે. ઉપરવાસમાંથી આવી રહેલા અવિરત પ્રવાહને કારણે શેત્રુંજી ડેમ હેઠળના ૧૮ ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં પાલિતાણા તાલુકાના નાની રાજસ્થળી, લાપાળીયા, લાખાવડ, માઈધાર, મેંઢા તથા ભાવનગર તાલુકાના ભેગાળી, દાંત્રડ,પીંગળી, ટીમાણા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા તથા સરતાનપર સહિતના ગામના લોકોને સાવધાન રહેવા જણાવાયું છે. ■

# ભાદરવી પૂનમના ભક્તો માટે આઈસીયુ ઑન વ્હીલ્સ એમ્બ્યુલન્સનું ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતમાં આવેલા જગવિખ્યાત શક્તિપીઠ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મહામેળો શરૂ થઈ ગયો છે, જેમાં ગુજરાત ઉપરાંત દેશના અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં માઈભક્તો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. ગુજરાત તેમ જ અન્ય રાજ્યોમાંથી પગપાળા સંઘો પણ યાત્રાધામ અંબાજી તરફ જવા રવાના થઈ ગયા છે. એવામાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પદયાત્રી સંઘ અને સેવા કેમ્પ માટે ખાસ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ભાદરવી પૂનમના પાવન પ્રસંગે અંબાજી દર્શને આવતા હજારો ભક્તો માટે વિશિષ્ટ આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ સેવાની શરૂઆત કરી રહી છે. આ સેવાનું ઉદ્ઘાટન બનાસકાંઠાના કલેક્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. આ અદ્યતન મોઇબલ આઈસીયુ તાત્કાલીક તબીબી પરિસ્થિતિઓને સંભાળવા માટે તૈયાર છે, જેમાં ડૉ. હેડગાવર સેવા સમિતિના ડૉક્ટર્સ અને નર્સોનો સમાવેશ છે. આ સેવા ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન ૨૪/૭ ઉપલબ્ધ રહેશે, જેથી તમામ યાત્રિકોને તેમની આધ્યાત્મિક યાત્રા દરમિયાન તરત અને વ્યાવસાયિક તબીબી સહાય મળી શકશે. ■

# રાજ્યમાં પાંચ વર્ષમાં ૧૫૦ ગ્રાન્ટેડ સ્કૂલો બંધ

## અમદાવાદમાં વધુ એક સ્કૂલના દરવાજા બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની વધુ એક ગ્રાન્ટેડ સ્કૂલ બંધ થઈ છે. ખાનગી સ્કૂલોનો વ્યાપ વધતા ગ્રાન્ટેડ સ્કૂલોને તાળા વાગ્યા છે. બાપુનગરની રંજન સ્કૂલમાં સંખ્યા ન જળવાતા બંધ કરવામાં આવી છે. ૧૨૫ વિદ્યાર્થીઓને અન્ય સ્કૂલમાં ટ્રાન્સફર કરાશે. ધોરણ ૯, ૧૧, ૧૨ના વર્ગમાં ૨૫થી ૩૦ વિદ્યાર્થીઓ છે. સ્કૂલમાં ધોરણ ૧૦માં ૩૬થી વધુ વિદ્યાર્થીઓ છે.

મળતી માહિતી મુજબ છેલ્લા ૫ વર્ષમાં રાજ્યમાં ૧૫૦ ગ્રાન્ટેડ સ્કૂલો બંધ થઈ છે. ખાનગી સ્કૂલોનો વ્યાપ વધતાં ગ્રાન્ટેડ સ્કૂલોને તાળા વાગી રહ્યા છે. અમદાવાદમાં હવે વધુ એક ગ્રાન્ટેડ સ્કૂલ બંધ થઈ છે. અમદાવાદમાં આવેલી બાપુનગરની રંજન સ્કૂલમાં પૂરતા વિદ્યાર્થી ન હોવાથી બંધ કરવા નોટિસ અપાઈ છે. ખાનગી શાળાઓ તરફનો વાલીઓનો લગાવ અને સરકાર દ્વારા સમયસર ભરતી ન કરાતાં ગ્રાન્ટેડ શાળાઓના પાટિયાં પડી રહ્યાં છે.

ડીઈઓની નોટિસના પગલે વાલીઓ અને સ્કૂલના સંચાલકોએ એક વર્ષની મુદત માગી હોવાથી હવે સ્કૂલ બંધ કરવી કે કેમ એ અંગે આગામી દિવસોમાં નિર્ણય લેવાશે.

સ્કૂલમાં વર્ગદીઠ ૩૬ વિદ્યાર્થીનો રેશિયો જળવાતો ન હોવાથી સ્કૂલ બંધ થશે. આ સ્કૂલમાં અભ્યાસ કરતાં ૧૨૫ વિદ્યાર્થીઓને નજીકની સ્કૂલમાં ટ્રાન્સફર કરાશે. રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા શાળા દીઠ વિદ્યાર્થી સંખ્યાનો રેશિયો નક્કી કરાયો છે. એ મુજબ શહેરની શાળામાં વર્ગ દીઠ ૩૬ વિદ્યાર્થી હોવા ફરજિયાત છે. ■

# ગુજરાતમાં અપરાધીની મિલકત પર બુલડોઝર ચલાવવા સામે સુપ્રીમ કોર્ટનો સ્ટે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં બુલડોઝર પોલિટીક્સ અંગે સર્જાયેલા વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં બુલડોઝર કાર્યવાહી રોકવા આદેશ આપતા કહ્યું હતું કે, ફકત કોઇ અપરાધમાં સંડોવણી હોય તેના કારણે અપરાધી કે તેના કુટુંબની મિલ્કત પર બુલડોઝર ફેરવી શકાય નહીં, સર્વોચ્ચ અદાલતે આ પ્રકારની બુલડોઝર ચલાવવાની પ્રવૃત્તિને કાનૂને કચડવા જેવું કૃત્ય ગણાવ્યું હતું અને આ પ્રકારના કોઇપણ કૃત્યને કાનુન વિરોધી ગણવામાં આવશે તેવી ચેતવણી પણ આપી હતી.

સર્વોચ્ચ અદાલત સમક્ષ અરજદારના ધારાશાસ્ત્રી ઇકબાલ સૈયદએ દસ્તાવેજો રજૂ કરીને એ જણાવ્યું હતું કે કોઇ પણ પ્રકારે ગેરકાનૂની બાંધકામ થયુ નથી તેનો આ રેવન્યુ રેકર્ડ છે અને છેલ્લા બે દસકાથી કુટુંબ અહીં રહે છે. ઉપરાંત તેને ૨૦૦૪માં ગ્રામ પંચાયતે જ રહેણાંક મકાન બનાવવાની મંજૂરી આપી હતી. જયારે આ કુટુંબના એક સભ્ય સામે ફોજદારી અપરાધ નોંધાતા જ તેની મિલકત પર બુલડોઝર ફેરવી દેવાની ધમકી આપવામાં આવી હતી. જેની સામે પણ તેઓએ સર્વોચ્ચ અદાલતમાં રજૂઆત કરીને કોઇપણ કાર્યવાહી વગર અને પુરાવા વગર ધમકી આપવા સામે પણ સુપ્રીમની દાદ માંગી હતી. સર્વોચ્ચ અદાલતે હાલ કોઇ પણ પ્રકારે બુલડોઝર પ્રવૃત્તિને રોકવા આદેશ આપીને ચાર સપ્તાહ બાદ સુનાવણી રાખી છે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, કાનૂની રીતે બાંધકામ કરાયેલી મિલકતો સામેની આ પ્રકારની કાર્યવાહી રોકાવી જોઇએ. કોઇપણ વ્યકિતની કોઇ અપરાધમાં સંડોવણીથી તેની મિલકત પર બુલડોઝર ચલાવવાની કોઇ ભૂમિકા નથી અને સુપ્રીમ કોર્ટે આ અંગે ગુજરાત સરકાર અને મ્યુનિ. ઓથોરિટીને નોટીસ ફટકારી હતી. સર્વોચ્ચ અદાલતે બુલડોઝર ચલાવવા સામે આ બીજી વખત આકરી ચેતવણી આપી હતી, સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ઋષીકેશ રોયના નેતૃત્વ હેઠળની બેન્ચે ગુજરાતમાં હાલ જે મિલકતો સામે બુલડોઝર ચલાવાઇ રહ્યું છે તેને રોકવા આદેશ આપીને યથાવત સ્થિતિ જાળવી રાખવામાં જણાવ્યું હતું, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કાનૂન અપરાધી કે દોષિત કે પછી તેના કુટુંબીજનોના આશરા જેવી મિલકતને તોડવાની મંજૂરી આપતુ નથી.

આ પ્રકારે બુલડોઝર જસ્ટિસ સામે સુપ્રીમ કોર્ટે ભવિષ્યમાં કોઇ પ્રકારના બાંધકામ તોડવા હોય તો તે માટે એક માર્ગ રેખા બનાવવા અને તમામ રાજયો તેને અનુસરે તે માટે સંમતિ બતાવી હતી. સર્વોચ્ચ અદાલત સમક્ષ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં અપરાધીની મિલકત ઉપર બુલડોઝર ફેરવવાના કૃત્ય અંગે થયેલી રીટ અરજી અંગે આ આદેશ આપ્યો હતો. રાજયમાં સુરત મહાનગરપાલિકા દ્વારા એક વ્યકિતની મિલકત ઉપર બુલડોઝર ફેરવી દેવાની સત્તાવાળાએ આપેલી ચેતવણી સંદર્ભમાં તેને સુપ્રીમ કોર્ટમાં કરેલી રીટ અરજી પર સુનાવણી કરતા સમયે જણાવ્યું હતું કે કુટુંબનો એક વ્યકિત કોઇ અપરાધ કરે તો પણ સમગ્ર કુટુંબને તેની સજા આપી શકાય નહીં અને દેશમાં કાનૂન એ સર્વોચ્ચ છે અને આ પ્રકારના કૃત્યને કાનૂન ઉપર બુલડોઝર ચલાવવા જેવું ગણાશે. ■

## ફ્લેશ બટ વેલ્ડિંગ મશીનના ઉપયોગથી ૨૦૦ મીટરની પેનલને વેલ્ડિંગ કરાશે

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ૩૫ હજાર મેટ્રિક ટનથી વધુ રેલ, ટ્રેક બાંધકામ મશીનરી પ્રાપ્ત થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેશનલ હાઈ સ્પીડ કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ) એ માહિતી આપી હતી કે તેને અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ૩૫૦૦૦ મેટ્રિક ટનથી વધુ કિંમતની રેલ અને ટ્રેક બાંધકામ મશીનરીના ચાર સેટ પ્રાપ્ત થયા છે. તેમણે એક પ્રેસ નિવેદન દ્વારા આ માહિતી આપી હતી.

વાયડક્ટ પર ૨૦૦ મીટર લાંબી પેનલ બનાવવા માટે રેલની ફ્લેશ બટ વેલ્ડીંગ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અમદાવાદ અને મુંબઈ વચ્ચે ૫૦૮ કિમીનો હાઈસ્પીડ કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જે-સ્લેબ હશે જે જાપાની શિંકનસેન ટ્રેક સિસ્ટમ પર આધારિત હશે. ભારતમાં પહેલીવાર આ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

મશીનોના કાફલામાં રેલ ફીડર કાર, ટ્રેક સ્લેબ બિછાવી અને સીએએમ લેઇંગ કારનો સમાવેશ થાય છે. જાપાનીઝ શિંકનસેન ટ્રેક સિસ્ટમને સમજવા માટે ભારતીય એન્જિનિયરો માટે તાલીમ અભ્યાસક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

ફલેશ બટ વેલ્ડીંગ મશીનનો ઉપયોગ કરીને ૨૦૦ મીટરની પેનલને વેલ્ડિંગ કરવામાં આવશે. અત્યાર સુધીમાં ત્રણ ફલેશ બટ વેલ્ડીંગ મશીન ખરીદવામાં આવ્યા છે. રેલ વેલ્ડ ફિનિશિંગ ટેસ્ટિંગ પણ પૂર્ણ થઈ ગયું છે.

પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબ વાયડક્ટ પર ઊભા કરવામાં આવે છે. તેને ખાસ રીતે તૈયાર કરાયેલા વેગન પર લોડ કરવામાં આવે છે અને તેને પાટા નાખવાની જગ્યા પર લઈ જવામાં આવે છે. ટ્રેક સ્લેબ ટીએસએલસીનો ઉપયોગ કરીને ટ્રેક બેડ પર મૂકવામાં આવે છે. સ્લેબ નાખવા માટે ચાર ટીએસએલસીની વ્યવસ્થા કરવામાં આવી છે. પેનલ્સનું પરિવહન અને રેલ ફીડર કાર દ્વારા ટ્રેક બેડ પર ફેલાવવામાં આવે છે. આ કાર ટ્રેનોને ટ્રેક બેડ પર ધકેલી દે છે. આ માટે હંગામી ટ્રેક નાખવામાં આવ્યો છે. ■

# અમદાવાદના દેત્રોજમાં પીવાનાં પાણીમાં આવી નાની માછલીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના દેત્રોજ તાલુકાના કટોસણરોડ ગામે માયાનગર વિસ્તારમાં નર્મદાનું પીવાનું પાણી દૂષિત આવે છે અને પાણીમાં નાની માછલીઓ આવતી હોવાની સ્થાનિકોની ફરિયાદ ઊઠવા પામી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, આ બાબતે ધારાસભ્ય અને તંત્રને અવાર-નવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજી સુધી કોઈ નિરાકરણ લાવવામાં આવ્યું નથી.

અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના કટોસણરોડ ગામે માયાનગર વિસ્તારમાં ૫૦થી વધુ મકાનો આવ્યા છે જ્યાં છેલ્લા ઘણા સમયથી નર્મદાનું પીવાનું પાણી દૂષિત અને પાણીમાં નાની માછલીઓ આવતી હોવાની સ્થાનિકો ફરિયાદ કરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર પીવાનું પાણી નર્મદા ફિલ્ટર પ્લાન્ટમાંથી આવે છે, પરંતુ છેલ્લા ઘણા દિવસથી નર્મદાનું પીવાનું પાણી દૂષિત અને પાણીમાં નાની માછલીઓ આવે છે, પરંતુ સ્થાનિકોને પીવાના પાણીનો ઉપયોગ કરવો પડે છે. તંત્ર સત્વરે નિરાકરણ લાવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, તંત્રને પાણીના નમૂના બતાવવામાં આવ્યા હોવા છતાં કોઈ પરિણામ આવતું નથી. આગામી દિવસોમાં આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો સરકારી કચેરીમાં વિરોધ કરવામાં આવશે તેમ જ ધરણા કરવામાં આવશે. આ સમસ્યા છેલ્લા ૧૦ દિવસથી છે. આ પાણીમાં નાની માછલીઓ આવે છે એટલે પીવાના પાણીની સમસ્યા ગંભીર બની છે. ■

# ભેદી બીમારીના કેહેર વચ્ચે કચ્છમાં સ્વાઇન ફ્લૂના દસ્તકઃ બે દરદી સંક્રમિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં એક તરફ ૧૮થી વધુ લોકોને ભરખી જનારો ભેદી વાવર વકરી રહ્યો છે ત્યારે આજથી સાત વર્ષ અગાઉ કાળો કેર વર્તાવનારા હવાથી ફેલાતા સ્વાઈન ફ્લુનો પણ પગપેસારો થયો છે. ભુજના પુરુષ અને બિદડાની મહિલાને આ ચેપી રોગના લક્ષણો જણાતાં કરાવેલા તબીબી પરીક્ષણમાં સ્વાઈન ફ્લૂ પોઝિટિવ આવ્યો હતો.

ભુજના પ્રિન્સ રેસિડેન્સી વિસ્તારમાં રહેતા પુરુષ છેલ્લા કેટલાક સમયથી વાયરલ બીમારીમાં સપડાયા હતા જેમના થ્રોટ સ્વોબને પરીક્ષણ માટે મોકલાતાં એચવન એનવન પોઝિટિવ હોવાનું જણાયું હતું. આ દર્દી હાલે જનરલ હૉસ્પિટલમાં સારવાર તળે છે.

બીજી તરફ, બંદરીય માંડવી તાલુકાના બિદડામાં રહેતા મહિલાને શરદી, ઉધરસ, તાવ અને ગળામાં દુખાવા સહિતની ફરિયાદ હોતાં તેમના ગળામાંથી લેવાયેલા નમૂના પરીક્ષણાર્થે મોકલાયા હતા તેમને પણ સ્વાઇન ફ્લૂ હોવાનું બહાર આવ્યું છે.

આ અંગે ભુજ તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર કુલમાલીએ જણાવ્યું હતું કે, ભુજમાં રહેતા પુરુષને સ્વાઈન ફ્લૂ થયો હોવાનું નિદાન થયા બાદ તાત્કાલિક તેમના સંપર્કમાં આવેલા લોકોને આઇસોલેશનમાં રાખી સારવાર આપવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૬થી ૨૦૧૯ દરમ્યાન સ્વાઈન ફ્લૂએ કચ્છમાં કહેર વર્તાવ્યો હતો. કોરોના જેમ જ ઝડપથી પ્રસરતા આ સંક્રમણથી સેંકડો લોકોના મોત નીપજ્યાં હતા. ■

# ટ્રાફિક હેલ્પલાઇનમાં આવેલી ફરિયાદો અને તેના નિકાલની માહિતી આપોઃ ગુજરાત હાઇ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટની બેન્ચે રાજ્ય સરકાર પાસેથી સમગ્ર રાજ્યમાં ટ્રાફિકની સમસ્યા અંગે ફરિયાદ કરવા માટે આ અઠવાડિયે રજૂ કરવામાં આવેલા હેલ્પલાઈન નંબર સંબંધિત અહેવાલ માંગ્યો હતો. કોર્ટે હેલ્પલાઈન પર તેની શરૂઆતથી જ મળેલી ફરિયાદોની વિગતો અને વિગતવાર અહેવાલ દ્વારા નિવારણનો સમયગાળો માંગ્યો હતો. કોર્ટ આ કેસની વધુ સુનાવણી ૧૯ સપ્ટેમ્બરે હાથ ધરશે.

જસ્ટિસ એ.વાય. કોગજે અને જસ્ટિસ સમીર દવેની બનેલી બેંચ એક એડવોકેટ દ્વારા વર્ષ ૨૦૧૮માં ગુજરાત હાઈ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશનો અમલ ન કરવા બદલ દાખલ કરાયેલી કોર્ટના તિરસ્કારની અરજીની સુનાવણી કરી રહી હતી. શહેરમાં પાર્કિંગ, અતિક્રમણ, તૂટેલા રસ્તા, ખાડા, રખડતા ઢોર અને ટ્રાફિકની સમસ્યા. કોર્ટે સમગ્ર રાજ્યમાં અરજીનો વ્યાપ વધાર્યો હતો અને આ કેસમાં સિનિયર વકીલ ભાસ્કર તન્ના અને હર્ષેશ કક્કરને એમિકસ ક્યૂરી તરીકે નિયુક્ત કર્યા હતા. આ દરમિયાન તન્ના અને અરજદાર વકીલે સમસ્યાના અમલીકરણ માટે તંત્રમાં રહેલી ખામીઓ અને છીંડાઓ દૂર કરવા રજૂઆતો કરી હતી. સરકારી વકીલે ગેરકાયદે પાર્કિંગની જગ્યાઓ નિયમિત કરવા અંગે લેવાયેલા નવા નિર્ણયની રજૂઆત કરી હતી. જો કે, હાઈ કોર્ટે તેના અમલીકરણની સંભવિતતા સંબંધિત કેટલાક તીક્ષ્ણ પ્રશ્નો પૂછ્યા હતા.

ટ્રાફિકની સમસ્યા અંગે સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી હેલ્પલાઈન અંગે હાઈ કોર્ટે ધ્યાન દોર્યું હતું, કે હેલ્પલાઈન માત્ર ટ્રાફિકની સમસ્યા માટે છે. જો કે, તેમાં પાર્કિંગ, રખડતા ઢોર અને અતિક્રમણ અંગે કોર્ટ દ્વારા દર્શાવેલા તમામ નાગરિક મુદ્દાઓને આવરી લેવા જોઈએ. સરકારી વકીલે કહ્યું હતું કે તે પ્રક્રિયા હેઠળ છે અને મોબાઇલ એપ્લિકેશન અને વેબસાઇટ દ્વારા આવી સેવાઓ દાખલ કરવા માટે સમયની જરૂર છે.

આ દરમિયાન, હાઈ કોર્ટે સરકારને નવા રજૂ કરાયેલા હેલ્પલાઈન નંબરમાં મળેલી ફરિયાદોની વિગતો અને સુનાવણીની આગામી તારીખમાં સમસ્યાઓના નિવારણની અવધિ પ્રદાન કરવા જણાવ્યું હતું. કોર્ટે અભિપ્રાય આપ્યો કે હેલ્પલાઈન નંબર અસરકારક રીતે કાર્યરત હોવો જોઈએ. ■

# ઊંઝા એપીએમસીની ચૂંટણી માટે ૨૦ સપ્ટેમ્બરે જાહેરનામું બહાર પડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એશિયાના સૌથી મોટા ઊંઝા એપીએમસીની ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે, ઊંઝા એપીએમસીમાં ટર્મ પૂરી થતાં હાલ વહિવટદારનું શાસન છે. ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી મુદ્દે ગુજરાત હાઇ કોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેમાં રાજ્ય સરકારે હાઇ કોર્ટમાં ચૂંટણી કરવાનું સ્વીકારતા આગામી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી જાહેરનામું બહાર પડાશે. જાહેરનામું બહાર પડાયા બાદ ૯૦ દિવસમાં માર્કેટ યાર્ડની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરાશે. ઊંઝા એપીએમસીમાં ચેરમેન સહિતની ટર્મ પૂરી થતાં આખરે વિવાદ વચ્ચે વહિવટદારની નિમણૂક કરવામાં આવી હતી. ઉનાવા એપીએમસીની ચૂંટણી સંપન્ન થયા બાદ ઊંઝામાં પણ વહેલી તકે ચૂંટણી થાય તેવી શક્યતાઓ પ્રબળ બની છે.

ઊંઝા એપીએમસીની ચૂંટણી મુદ્દે ગુજરાત હાઇ કોર્ટમાં પિટિશન થઈ હતી. હાઇ કોર્ટમાં કરવામાં આવેલી પિટિશન હેઠળ મંગળવારે ગુજરાત હાઈ કોર્ટમાં અરજદારોને સાંભળવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય સરકારે હાઇ કોર્ટમાં ચૂંટણી કરવાનુ સ્વીકાર્યું હતું, જે અંગે આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ થશે. આગામી ૯૦ દિવસમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે. ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે.

ઊંઝા એપીએમસીમાં ચૂંટણીની જાહેરાત સાથે જ સ્થાનિક નેતાઓ દ્વારા ચૂંટણીની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ૨૮ ઑક્ટોબરના રોજ મતદાર યાદીનું અંતિમ પ્રકાશન રજૂ થશે. ૨૭ નવેમ્બરે ફોર્મ ભરાવવાના શરૂ થયા બાદ ૨ ડિસેમ્બર સુધી ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની સત્તા રહેશે. ૧૦ ડિસેમ્બરના રોજ ચૂંટણી પરિણામ જાહેર થશે. ■

# લાંચ લેવાના કેસમાં ફરાર 'આપ'નો કોર્પોરેટર જિતેન્દ્ર કાછડિયા ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં આમ આદમી પાર્ટી (આપ)ના બે કોર્પોરેટરો સામે લાંચ માગવાનો ગંભીર આરોપ લાગ્યો હતો. આ મામલે એક કોર્પોરેટરની ધરપકડ કરવામાં આવી હતી. સુરત એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)એ આપના કોર્પોરેટર જિતેન્દ્ર કાછડિયાની અટકાયત કરી હતી. તેમના પર મલ્ટી લેવલ પાર્કિંગના કોન્ટ્રાક્ટર પાસેથી ૧૦ લાખ રૂપિયાની લાંચ માંગવાનો આરોપ હતો.

આ પહેલાં, આ જ કેસમાં આપના બીજા કોર્પોરેટર વિપુલ સુહાગીયાની ધરપકડ કરવામાં આવી હતી. કેસની વિગતો મુજબ, બંને કોર્પોરેટરોએ 'પે એન્ડ પાર્ક' કોન્ટ્રેક્ટ રદ કરવાની ધમકી આપીને કોન્ટ્રાક્ટર પાસેથી ૧૦ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. કોન્ટ્રાક્ટરે આ મામલે પુરાવા સાથે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી.

પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટરે સીસીટીવી ફૂટેજ અને ઓડિયો રેકોર્ડિંગ સહિતના પુરાવા એસીબીને સોંપ્યા હતા. આપના બે કોર્પોરેટરોની સાથે સુરત મહાનગરપાલિકાના એક અધિકારી અને કર્મચારીની પણ સંડોવણી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો હતો. ■

# નીરજની કસોટીનો સમય લગોલગ, પાકિસ્તાનનો નદીમ ક્વૉલિફાય ન થયો

## ભારતીય સુપરસ્ટારની ઈવેન્ટ આજે મધરાત બાદ ૧.૫૨ વાગ્યે શરૂ થશે



બ્રસેલ્સઃ પૅરિસ ઑલિમ્પિક્સની ભાલાફેંકની હરીફાઈમાં બીજા સ્થાને આવીને સિલ્વર મેડલથી સંતોષ માની લેનાર ભારતનો નીરજ ચોપડા હવે અહીં ડાયમંડ લીગ-૨૦૨૪ સ્પર્ધાની ફાઇનલ્સમાં ચૅમ્પિયન બનવા તત્પર છે. નીરજની ઇવેન્ટ શનિવાર, ૧૪ સપ્ટેમ્બરે મધરાત બાદ ૧.૫૨ વાગ્યે શરૂ થશે.


બે ક્વૉલિફિકેશન રાઉન્ડને અંતે ડાયમંડના રૅન્કિંગમાંના ટોચના છ ઍથ્લીટ આ ફાઇનલ્સ માટે ક્વૉલિફાય થયા છે અને એમાં ઑલિમ્પિક્સના ગોલ્ડ મેડલિસ્ટ પાકિસ્તાનના અર્શદ નદીમનો સમાવેશ નથી.


ઑલિમ્પિક્સમાં ભાલો ૯૨.૯૭ મીટર દૂર ફેંકીને સુવર્ણ ચંદ્રક જીતી લેનાર અર્શદ નદીમ ડાયમંડ લીગમાં ક્વૉલિફાય ન થયો હોવાથી નીરજ માટે ચૅમ્પિયન બનવાનું થોડું આસાન થઈ ગયું છે. જોકે નીરજે ગ્રૅનેડાના પીટર્સ ઍન્ડરસનની તીવ્ર હરીફાઈનો સામનો કરવો પડશે. જર્મનીનો વેબર જુલિયન અથવા ચેક રિપબ્લિકનો યાકુબ પણ નીરજને ચૅમ્પિયન બનવાથી દૂર રાખી શકે.

ડાયમંડની ફાઇનલ્સ માટેના રૅન્કિંગમાં નીરજ ચોથા નંબર પર રહ્યો હતો. તેને ૧૪ પૉઇન્ટ મળ્યા હતા, જ્યારે ઍન્ડરસન ૨૯ પૉઇન્ટ સાથે મોખરે હતો.

નીરજ ૨૦૨૨ની ડાયમંડ લીગમાં ગોલ્ડ મેડલ અને ૨૦૨૩માં સિલ્વર મેડલ જીત્યો હતો. ■

# રોનાલ્ડોના એક અબજ ફૉલોઅર્સઃ સોશિયલ મીડિયામાં રચ્યો નવો ઇતિહાસ




લિસ્બન (પોર્ટુગલ): પોર્ટુગલના જગવિખ્યાત ફૂટબૉલ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આમ તો ફૂટબૉલના મેદાન પરથી તેમ જ બ્રૅન્ડ વૅલ્યૂ અને વાર્ષિક કમાણીની બાબતમાં ઘણા વિક્રમો નોંધાવ્યા છે, પરંતુ હવે તેણે વધુ એક વખત નવો ઇતિહાસ રચ્યો છે. તે વિશ્વની પહેલી એવી વ્યક્તિ છે જેના સોશિયલ મીડિયાના તમામ પ્લૅટફૉર્મ પરના કુલ ફૉલોઅર્સની સંખ્યા એક અબજ (એક બિલિયન) પર પહોંચી ગઈ છે.

વિશ્વના ગ્રેટેસ્ટ ફૂટબોલર્સમાં ડિયેગો મૅરાડોના અને લિયોનેલ મેસી તેમ જ બીજા કેટલાક મહાન ખેલાડીઓની સાથે રોનાલ્ડોનું નામ અચૂક લેવામાં આવે છે. ઘણા ખેલાડીઓ ૩૯ વર્ષની ઉંમર સુધીમાં રિટાયર થઈ જતા હોય છે, પણ રોનાલ્ડો ૩૯ વર્ષની ઉંમરે પણ નવા નવા વિક્રમ પોતાના નામે કરી રહ્યો છે. તેણે હજી પણ પોર્ટુગલ વતી તેમ જ ક્લબ ફૂટબૉલ રમવાનું ચાલુ જ રાખ્યું છે. તે આ ધરતી પરની સૌથી લોકપ્રિય સેલિબ્રિટી પણ છે.

સોશિયલ મીડિયામાં કુલ એક બિલિયન (એક અબજ) ફૉલોઅર્સનો આંકડો અગાઉ એકેય સેલિબ્રિટીએ અનુભવ્યો નહોતો, પરંતુ રોનાલ્ડો એમાં મેદાન મારી ગયો છે. 'એક અબજ (૧૦૦ કરોડ) ફૉલોઅર્સ પોતાના નામે નોંધાવીને રોનાલ્ડો વિશ્વનો સૌથી લોકપ્રિય સ્પોર્ટ્સપર્સન પણ બન્યો છે.' આ લિસ્ટમાં બીજા નંબરે પોપ-સ્ટાર સેલીના ગોમેઝ છે જેના અંદાજે ૬૯ કરોડ ફૉલોઅર્સ છે. 'રોનાલ્ડોને પોતાની યુટ્યૂબ ચૅનલ પરના લાઇવ કાઉન્ટ વીડિયો મારફત પોતાના એક અબજ ફૉલોઅર્સ વિશેની માહિતી એકઠી થતાં મળી શકી હતી.'

રોનાલ્ડોએ પોતાના આ નવા રેકૉર્ડ વિશે આનંદ વ્યક્ત કરીને સોશિયલ મીડિયામાં ચાહકોનો આભાર માનતા જણાવ્યું હતું કે 'મૅડિરાના રસ્તા પર ફૂટબૉલ રમવાનું શરૂ કરીને હું ફૂટબૉલ જગતના સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચ્યો એ બદલ હું ખૂબ ખુશ છું. હું હંમેશાં મારા પરિવાર માટે અને તમારા બધા માટે રમ્યો છું અને હવે આપણા બધાની સંખ્યા મળીને એક અબજ સુધી પહોંચી ગઈ છે એનો પણ મને બેહદ આનંદ છે. આપણે ધ્યેય સિદ્ધ કર્યો. ફૉલોઅર્સની સંખ્યા એક અબજ ઉપર પહોંચી ગઈ છે. મારા માટે આ બાબત આંકડાથી પણ વિશેષ છે. આના પરથી સાબિત થાય છે કે આપણા બધાને ફૂટબૉલની રમત પ્રત્યે કેટલો બધો પ્રેમ છે અને એનું આપણા બધાને કેટલું બધું પૅશન છે'

રોનાલ્ડોના કયા મીડિયા પ્લેટફૉર્મ પર કેટલા ફૉલોઅર્સ?

ઇન્સ્ટાગ્રામઃ ૬૩૯ મિલિયન
ફેસબુકઃ ૧૭૦.૫ મિલિયન
એક્સ (ટ્વિટર): ૧૧૩ મિલિયન
યુટ્યૂબ ચેનલઃ ૬૦ મિલિયનથી વધુ
ક્વીશોઉઃ ૯ મિલિયન
વિબોઃ ૭ મિલિયન ■

# કોહલીની ૪૫ મિનિટ બૅટિંગ, બુમરાહે પણ પસીનો પાડ્યોઃ ટેસ્ટ-મૅચનું કાઉન્ટડાઉન શરૂ



*ચેન્નઈમાં ગઈ કાલે ભારતીય ખેલાડીઓને સૂચના આપી રહેલો બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલ.* (પીટીઆઇ)

ચેન્નઈઃ બાંગ્લાદેશ સામે અહીં ગુરુવાર, ૧૯મી સપ્ટેમ્બરે સિરીઝની પ્રથમ ટેસ્ટ શરૂ થઈ રહી છે અને એ માટે ગુરુવારથી જ ભારતીય ખેલાડીઓએ સઘન પ્રૅક્ટિસ શરૂ કરી દીધી હતી. બૅટિંગ સુપરસ્ટાર વિરાટ કોહલીએ એકધારી ૪૫ મિનિટ સુધી બૅટિંગ કરી હતી, જ્યારે પેસ બોલર જસપ્રીત બુમરાહે પણ ઘણી બોલિંગ કરી હતી.

ભારતીય ટેસ્ટ ટીમના મોટા ભાગના ખેલાડીઓએ શુક્રવારે ચેપૉક ખાતેના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમના ઇન્ડોર પ્રૅક્ટિસ-સેશનમાં ભાગ લીધો હતો.

ભારત ક્યારેય બાંગ્લાદેશ સામે ટેસ્ટ નથી હાર્યું એટલે રોહિત શર્મા ઍન્ડ કંપનીએ એ પરંપરા જાળવવાની છે. બીજું, નજમુલ શૅન્ટોના સુકાનમાં બાંગ્લાદેશની ટીમ રાવલપિંડીમાં પાકિસ્તાન સામે ઐતિહાસિક ટેસ્ટ-સિરીઝ ૨-૦થી જીતીને ભારત આવી હોવાથી ટીમ ઇન્ડિયાએ બાંગ્લાદેશની ટીમ સામે આ વખતે વધુ સાવચેત રહેવું પડશે.

હેડ-કોચ ગૌતમ ગંભીર ઘરઆંગણે પહેલી વાર ટીમ ઇન્ડિયાને કોચિંગ આપશે. સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર મૉર્ની મૉર્કલની બોલિંગ-કોચ તરીકે નિયુક્તિ થઈ છે અને તે ભારતીય ટીમના બોલર્સને પ્રશિક્ષણ આપશે. ટીમના બોલર્સમાં બુમરાહ ઉપરાંત મોહમ્મદ સિરાજ, આકાશ દીપ અને યશ દયાલ તેમ જ આર. અશ્વિન, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ તથા કુલદીપ યાદવ સામેલ છે.

અભિષેક નાયર હેડ-કોચ ગૌતમ ગંભીરનો સહાયક કોચ છે. કોહલી ગુરુવારે વહેલી સવારે લંડનથી સીધો ચેન્નઈ પહોંચ્યો હતો, જ્યારે રોહિત શર્મા રાત્રે આવ્યો હતો. રોહિત યલો જર્સીમાં હતો.

બુમરાહ, કે. એલ. રાહુલ તેમ જ વિકેટકીપર-બૅટર રિષભ પંત પણ એકસાથે આવી પહોંચ્યા હતા.

બીસીસીઆઇએ ટીમ ઇન્ડિયાની પ્રૅક્ટિસની તસવીરો સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવાની સાથે લખ્યું હતું, 'કાઉન્ટડાઉન શરૂ...ટીમ ઇન્ડિયાની રોમાંચક હોમ-સીઝન માટેની પ્રૅક્ટિસ શરૂ થઈ ચૂકી છે.' ■

# ભારતમાં ૯૧ વર્ષમાં પહેલી વાર એક પણ બૉલ ફેંકાયા વગર ટેસ્ટ રદ કરવી પડી

## અફઘાનિસ્તાન-ન્યૂ ઝીલૅન્ડ ટેસ્ટનો રકાસ ટેસ્ટ ઇતિહાસની આઠમી ઘટના

ગ્રેટર નોઇડાઃ ઉત્તર પ્રદેશના આ શહેરમાં શુક્રવારે સતત પાંચમા દિવસે વરસાદ અને ખરાબ વાતાવરણને કારણે ન્યૂ ઝીલૅન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચેની એકમાત્ર ટેસ્ટ શરૂ ન થઈ શકતા છેવટે એ રદ કરવામાં આવી હતી. કોઈ ટેસ્ટ મૅચ એક પણ બૉલ ફેંકાયા વગર રદ કરવી પડી હોય એવો ૨૬ વર્ષમાં આ પહેલો બનાવ અને ટેસ્ટ ક્રિકેટના ૧૪૭ વર્ષના ઇતિહાસમાં આઠમો બનાવ છે. ખરેખર તો ભારતમાં આ પહેલી જ ઘટના છે. ભારતમાં સૌપ્રથમ ટેસ્ટ ૧૯૩૩માં રમાઈ હતી અને ત્યારથી માંડીને અત્યાર સુધીના ૯૧ વર્ષના ભારતના ઇતિહાસમાં પહેલી વાર ટેસ્ટ આ રીતે રદ કરવી પડી છે.

આ પહેલાં (યુદ્ધ કે મહામારીના સમયકાળને બાદ કરતા) સાત વખત ટેસ્ટમાં એક પણ બૉલની રમત ન થતાં ટેસ્ટ રદ કરવામાં આવી હતી. છેલ્લે એવું ૧૯૯૮માં ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની ડનેડિનની ટેસ્ટ વખતે બન્યું હતું.

ટેસ્ટ ક્રિકેટમાં આવો પ્રથમ બનાવ ૧૮૯૦માં ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની ટેસ્ટ વખતે બન્યો હતો. એકેય બૉલ રમાયા વિના ટેસ્ટ રદ કરવી પડી હોય એવું ઇંગ્લૅન્ડના કિસ્સામાં સૌથી વધુ ચાર વખત બન્યું છે. ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડને આવો કડવો અનુભવ ત્રણ-ત્રણ વખત થયો છે.

ન્યૂ ઝીલૅન્ડ અને અફઘાનિસ્તાન ઇતિહાસમાં પહેલી જ વખત સામસામે ટેસ્ટ મૅચ રમવાના હતા. તેમની ફક્ત એક ટેસ્ટની આ સિરીઝ હતી. બીસીસીઆઈએ અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડને આ ટેસ્ટ કાનપુર અથવા બેંગ્લૂરુમાં રાખવાની ઓફર પણ કરી હતી, પરંતુ અફઘાનિસ્તાને ગ્રેટર નોઈડા પસંદ કર્યું હતું.

ગ્રેટર નોઇડામાં છેલ્લા એક અઠવાડિયા દરમિયાન ૪૮ ઇંચ વરસાદ પડ્યો છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડનું કહેવું છે કે 'અમે કમોસમી વરસાદના ભોગ બન્યા છીએ. અમે ઘણા વર્ષોથી આ સ્થળે રમીએ છીએ અને અગાઉ ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં આટલો વરસાદ ક્યારે નહોતો પડ્યો.'

અફઘાનિસ્તાનના ખેલાડીઓ હવે સાઉથ આફ્રિકા સામે ત્રણ વન-ડેની સિરીઝ રમવા શારજાહ જશે. ન્યૂ ઝીલૅન્ડની ટીમ બે ટેસ્ટ રમવા શ્રીલંકા પહોંચશે. ■

# ચેસ ઑલિમ્પિયાડમાં ભારત ત્રણેય મુકાબલા જીત્યું

બુડાપેસ્ટઃ હંગેરીના બુડાપેસ્ટમાં ચાલી શરૂ થયેલી ૪૫મી ચેસ ઑલિમ્પિયાડ નામની મોટી સ્પર્ધામાં ભારતે પહેલા ત્રણેય મુકાબલા જીતી લીધા છે. પહેલાં તો ભારતની મહિલા ટીમે ચેક રિપબ્લિકને ૩.૫-૦.૫થી હરાવ્યું હતું. તાનિયા સચદેવનો માર્ટિના કૉરેનોવા સામેનો મુકાબલો ડ્રૉ થયા બાદ દિવ્યા દેશમુખ અને વંતિકા અગ્રવાલે જીતીને સરસાઈ મેળવી હતી. તેમણે અનુક્રમે નૅતાલી કાનાકૉવાને અને ટેરેઝા રૉડશ્ટેઇનને હરાવીને સ્કોર ૨-૦.૫ કર્યો હતો. ત્યાર બાદ દ્રોણાવલ્લી હરિકાએ જુલિયા મૉવસેસિયાનને ભારે સંઘર્ષ બાદ હરાવી દેતાં ભારતનો ૩.૫-૦.૫થી વિજય થયો હતો. ભારતની મેન્સ ટીમે પ્રથમ રાઉન્ડમાં મોરોક્કોને ૪-૦થી હરાવ્યા બાદ આઇસલૅન્ડને એ જ માર્જિન (૪-૦)થી હરાવી દીધું હતું. ભારતની વિજયી ટીમના ખેલાડીઓમાં વિદિત ગુજરાતી અને હરિક્રિષ્નાનો સમાવેશ હતો. ■

# ટ્રાફિક-જૅમથી બચવા ખેલાડીઓને હેલિકૉપ્ટરમાં બેસાડીને ટેનિસ કોર્ટ સુધી પહોંચાડાયા!



વાદલહારા (મેક્સિકો): અમેરિકાના પાડોશી દેશ મેક્સિકોનું વાદલહારા શહેર ટકિલા અને મૅરિયેચી મ્યુઝિકનું ઉદ્ભવ સ્થાન તરીકે ઓળખાય છે. જોકે આ શહેરનું ઝૅપોપૅન નામનું ઉપનગર ટ્રાફિક-જૅમ માટે બહુ જાણીતું છે અને અહીં શરૂ થયેલી ટેનિસની ડબ્લ્યૂટીએ-૫૦૦ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા આવેલા ખેલાડીઓએ સ્પર્ધાના સ્થળ સુધી પહોંચતી વખતે લાઇનબંધ વાહનોની સમસ્યાનો સામનો ન કરવો પડે એ માટે આયોજકોએ તેમને અનોખી ઑફર કરી હતી. તેમણે પ્લેયર્સ માટે ઍરપોર્ટથી હોટેલ સુધી અને હોટેલથી ટૂર્નામેન્ટ માટેના ટેનિસ કોર્ટ સુધી હેલિકૉપ્ટરની સુવિધા રાખી હતી જેને લીધે તેમનો ઘણો સમય બચી ગયો હતો.

ટૂર્નામેન્ટના ડિરેક્ટર ગુસ્તાવો સૅન્ટોસ્કૉયે પત્રકારોને કહ્યું, 'અમે ખેલાડીઓને કંઈક અલગ સુવિધા ઑફર કરવા માગતા હતા. તેમને અનોખો અનુભવ કરવો ખૂબ ગમતો હોય છે એટલે અમે તેમના માટે હેલિકૉપ્ટરની સુવિધા રાખી હતી. ખેલાડીઓ માટે વૅનિટી વૅન તો હતી જ, તેમના માટે કારની વ્યવસ્થા પણ રાખી હતી.'

વિમેન્સ ટેનિસ અસોસિયેશન (ડબ્લ્યૂટીએ)ની આ એકમાત્ર ઇવેન્ટ છે જેમાં ખેલાડીઓને હેલિકૉપ્ટરની સગવડ મળી છે. ખેલાડીઓને હેલિકૉપ્ટરમાંથી મેક્સિકોના ત્રણ સૌથી મોટાં શહેરોમાંના એક શહેરને જોવા મળ્યું, તેઓ સ્પર્ધાના સ્થળે જલદી પહોંચી પણ શક્યા હતા.

વાદલહારામાં ખેલાડીઓ માટેની હોટેલથી (બાય રોડ) ૧૧ કિલોમીટર દૂર ટૂર્નામેન્ટના સ્થળ સુધી પહોંચતાં લગભગ ૪૦ મિનિટનો સમય લાગે છે, પરંતુ ખેલાડીઓ હેલિકૉપ્ટરમાં ફક્ત ચાર મિનિટમાં સ્પર્ધાના સ્થળે પહોંચી ગયા હતા. ■

# ઑસ્ટ્રેલિયન ક્રિકેટરે ઇંગ્લૅન્ડ પહોંચાડતા જહાજ પર રનિંગ સહિતનું વર્કઆઉટ કર્યું હતું!

## ૮૫ વર્ષના ફ્રૅન્ક મિશનનું અવસાનઃ ફિટનેસ વિશે ખૂબ જાગૃત હતા



સિડનીઃ ૨૦૦૮ની સાલ પછી આઇપીએલ સહિતની ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટો રમાવાની શરૂ થઈ ત્યાર બાદ મોટા ભાગના ક્રિકેટર્સ આખું વર્ષ વ્યસ્ત રહેતા હોય છે અને એમાં તેમણે ફિટનેસ જાળવવા પર ખાસ ધ્યાન આપવું પડે છે. વિરાટ કોહલીની ફિટનેસ હાલના ક્રિકેટજગતમાં સર્વશ્રેષ્ઠ મનાય છે. બુધવારે એવા એક ક્રિકેટરે આ ફાની દુનિયામાંથી વિદાય લીધી જેઓ (૬૪ વર્ષ પહેલાં પોતાની કરીઅર દરમ્યાન) પોતાની ફિટનેસ બાબતમાં ખૂબ જ સતર્ક અને જાગૃત હતા. અહીં આપણે ઑસ્ટ્રેલિયાના ફ્રૅન્ક મિશન નામના પેસ બોલિંગ ઑલરાઉન્ડરની વાત કરવા જઈ રહ્યા છીએ.

ફિટનેસ-સૅવી ફ્રૅન્ક મિશનનો વર્કઆઉટને લગતો એક કિસ્સો ખૂબ રસપ્રદ છે.

ફ્રૅન્ક મિશન ૮૫ વર્ષના હતા. તેઓ ૧૯૬૦-'૬૧ દરમ્યાન પાંચ ટેસ્ટ રમ્યા હતા જેમાં તેણે ૧૬ વિકેટ લીધી હતી તેમ જ કુલ ૩૮ રન બનાવ્યા હતા. પગની ઈજાને કારણે તેમની કરીઅર ટૂંકી થઈ ગઈ હતી.

ફ્રૅન્ક મિશનની ગણના ક્રિકેટર્સની ફિઝિકલ ફિટનેસની બાબતમાં પ્રણેતા તરીકે થાય છે.

ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન કૅપ્ટન ઇયાન ચૅપલે એક પુસ્તકમાં લખ્યું છે, 'ફ્રૅન્ક મિશન ઍથ્લીટ જેવા હતા. તેમણે ઑસ્ટ્રેલિયાના ઑલિમ્પિક ચૅમ્પિયન કોચ પાસે તાલીમ લીધી હતી. ૧૯૬૧માં ઑસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના ખેલાડીઓ ઍશિઝ સિરીઝ રમવા જહાજમાં ઇંગ્લૅન્ડ જઈ રહ્યા હતા ત્યારે પણ ફ્રૅન્ક મિશન વર્કઆઉટ કરવાનું ચૂક્યા નહોતા. તેઓ જહાજની ડેક પર દોડતા હતા ત્યારે નજીકના બિયર બારમાં બેઠેલા ખેલાડીઓએ તેમને બારીમાંથી વર્કઆઉટ કરતા જોયા હતા. આ ખેલાડીઓએ ત્યાં પહોંચીને મિશનના દોડવાની જગ્યામાં કેટલીક ખુરસીઓ રાખી દીધી હતી. જોકે મિશન ત્યારે વિઘ્ન-દોડની માફક થોડી ખુરસી પરથી કૂદીને દોડવા લાગ્યા હતા અને બીજી ખુરસીઓ પરથી પણ કૂદ્યા કે તરત જ ખેલાડીઓએ હાર સ્વીકારીને બધી ખુરસી હટાવી લીધી હતી અને તેમને દોડવા માટે માર્ગ મોકળો કરી આપ્યો હતો.' ■

# ભયભીત નહીં થતા, મગજ શાંત રાખીને રમજોઃ ડાયના એદલજી

## વર્લ્ડ કપ પહેલાં મહિલા ટીમ માટે ભૂતપૂર્વ કૅપ્ટને એવું પણ કહ્યું કે મૅચ ફિનિશ કરવા પર વધુ ધ્યાન આપજો



*વાનખેડેમાં ગઈ કાલે ડાયના એદલજી.* (પીટીઆઇ)

મુંબઈઃ ભારતીય મહિલા ક્રિકેટમાં ટ્રોફીનો દુકાળ ખૂબ લાંબો ચાલ્યો અને એ દુકાળ દૂર કરવા કૅપ્ટન હરમનપ્રીત કૌર સહિતની ભારતીય ખેલાડીઓએ ભારે માનસિક દબાણવાળી પરિસ્થિતિમાં ભયભીત થયા વગર અને મગજને શાંત રાખીને રમવું જોઈશે, એવું ભારતનાં ભૂતપૂર્વ કૅપ્ટન ડાયના એદલજીએ શુક્રવારે અહીં કહ્યું હતું. ૨૦૨૦માં ભારતીય ટીમ ટી-૨૦ વર્લ્ડ કપ ટ્રોફીની લગોલગ આવી ગઈ હતી. ફાઇનલમાં ભારતનો ઑસ્ટ્રેલિયા સામે પરાજય થયો હતો. એ મુકાબલામાં અલીસા હિલી ૩૯ બૉલમાં ૭૫ રનની ઇનિંગ્સ રમી હતી.

મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ આગામી ત્રીજી ઑક્ટોબરથી યુએઇમાં રમાશે.

વાનખેડેમાં શુક્રવારે આઇસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ટ્રોફી ટૂર ઇવેન્ટ યોજાઈ હતી જેમાં એદલજીએ એવું પણ કહ્યું હતું કે 'વર્લ્ડ કપની બધી ટીમો મજબૂત છે અને ટી-૨૦ મૅચમાં કોઈ પણ ટીમ મેદાન મારી શકે. એ જોતાં અમુક બૅટર્સ મૅચમાં બાજી પલટાવી શકે. એશિયા કપમાં આપણે જોયું કે લેફ્ટ-હૅન્ડ બૅટર્સ બહુ સારું રમી અને તેમણે સિક્સર્સ સહિત વિનિંગ શૉટ્સ ફટકાર્યા હતા.'

એશિયા કપની ફાઇનલમાં શ્રીલંકાની લેફ્ટ-હૅન્ડ બૅટર્સ ચમારી અથાપથ્થુ અને હર્ષિતા સમરાવિક્રમાના અસરદાર ફિફ્ટીને કારણે ભારતનો પરાજય થયો હતો. એદલજીએ એવું પણ કહ્યું કે 'ભારતીય ટીમ ઘણી સારી છે, માત્ર મૅચ કેવી રીતે ફિનિશ કરવી એના પર તેમણે વધુ ધ્યાન આપવું પડશે. તમારા હાથમાંથી બાજી ઝૂંટવાઈ જાય એવી એકેય તક હરીફ ટીમને નહીં આપતા.' ■

# દુલીપ ટ્રોફીમાં ગાયકવાડની ટીમને ઈશ્વરનની ટીમનો વળતો જવાબ

અનંતપુરઃ ચાર દિવસની દુલીપ ટ્રોફી મૅચમાં શુક્રવારે બીજા દિવસે ઋતુરાજ ગાયકવાડના સુકાનમાં ઇન્ડિયા-સી ટીમે ૫૨૫ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યો ત્યાર બાદ અભિમન્યુ ઈશ્વરનના સુકાનમાં ઇન્ડિયા-બી ટીમે વળતો જવાબ આપીને રમતના અંત સુધીમાં વિના વિકેટે ૧૨૪ રન બનાવ્યા હતા. ઈશ્વરન ૫૧ રને અને સાથી ઓપનર તથા વિકેટકીપર નારાયણ જગદીશન ૬૭ રને રમી રહ્યો હતો.

બીજી તરફ, મયંક અગરવાલની કૅપ્ટન્સીમાં ઇન્ડિયા-એ ટીમે પ્રથમ દાવમાં ૨૯૦ રન બનાવ્યા બાદ એના જવાબમાં શ્રેયસ ઐયરના સુકાનમાં ઇન્ડિયા-ડી ટીમ સાતમી ફર્સ્ટ-ક્લાસ સેન્ચુરી માત્ર આઠ રન માટે ચૂકી જનાર દેવદત્ત પડિક્કલ (૯૨ રન, ૧૨૪ બૉલ, પંદર ફોર)ની લાંબી ઇનિંગ્સ છતાં ફક્ત ૧૮૩ રન પર ઑલઆઉટ થઈ જતાં ઇન્ડિયા-એ ટીમે ૧૦૭ રનની લીડ લીધી હતી અને ત્યાર બાદ એક વિકેટે બીજા ૧૧૫ રન બનાવી લેતાં ઇન્ડિયા-એના કુલ ૨૨૨ રન હતા અને એને જીતવાનો સારો મોકો છે. ખુદ કૅપ્ટન મયંક અગરવાલે ૫૬ રન બનાવ્યા હતા અને પ્રથમ સિંહ ૫૯ રને રમી રહ્યો હતો. એકમાત્ર વિકેટ શ્રેયસ ઐયરે લીધી હતી. તેણે સ્પિન બોલિંગમાં પોતે જ હરીફ કૅપ્ટન મયંકનો કૅચ પકડ્યો હતો.

ઇન્ડિયા-ડીને ૨૦૦ રન પણ ન બનાવવા દેવામાં ઇન્ડિયા-એના બોલર ખલીલ અહમદ (૩૯ રનમાં ત્રણ) અને અકીબ ખાન (૪૧ રનમાં ત્રણ)ના તેમ જ એક-એક વિકેટ લેનાર પ્રસિદ્ધ ક્રિષ્ના, તનુષ કોટિયન અને શમ્સ મુલાનીના યોગદાનો હતા.

દરમ્યાન, ઇન્ડિયા-બી સામે પ્રથમ દાવમાં ૫૨૫ રન બનાવનાર ગાયકવાડની ઇન્ડિયા-સી ટીમમાં એક પણ બૅટરનો સિંગલ ડિજિટમાં સ્કોર નહોતો. ઇશાન કિશને સૌથી વધુ ૧૧૧ રન બનાવ્યા હતા, જ્યારે માનવ સુથારના ૮૨ રન, બાબા ઇન્દ્રજીતના ૭૮ રન અને ખુદ કૅપ્ટન ગાયકવાડના ૫૮ રન સામેલ હતા. ઇન્ડિયા-બીના મુકેશ કુમાર અને રાહુલ ચાહરે ચાર-ચાર વિકેટ લીધી હતી. ■

# શોર્ટ કવરિંગને આધારે વિક્રમી તેજીની દોડ બાદ અફડાતફડીમાં અટવાઈને બેન્ચમાર્ક પ્રોફિટ બુકિંગને કારણે લપસ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શોર્ટ કવરિંગને આધારે પાછલા સત્રમાં તોતિંગ ઉછાળા સાથે નવી ઓલટાઇમ સપાટીએ પહોંચેલો સેન્સેક્સ આ સત્રમાં પ્રોફિટ બુકિંગને કારણે નેગેટિવ ઝોનમાં લપસ્યો હતો. નોંધવું રહ્યું કે પાછલા સત્રમાં સેન્સેક્સમાં ૧૪૪૦ પોઇન્ટનો જોરદાર ઉછાળો આવ્યો હતો અને ઇન્ટ્રા-ડે તે ઇતિહાસમાં પહેલી વખત ૮૩,૦૦૦ને સ્પર્શ્યો હતો.

અફડાતફડીમાં અટવાયેલો ત્રીસ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૭૧.૭૭ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા ઘટીને ૮૨,૮૯૦.૯૪ પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૩૦૯.૪૯ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા ઘટીને ૮૨,૬૫૩.૨૨ સુધી ગબડ્યો હતો. એ જ રીતે, એનએસઇ નિફ્ટી ૩૨.૪૦ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા ઘટીને ૨૫,૩૫૬.૫૦ના સ્તરે સ્થિર થયો હતો.

એશિયન બજારોમાં, ટોકિયો અને શાંઘાઈ નીચા મથાળે સ્થિર થયા હતા, જ્યારે સિઓલ અને હોંગકોંગ પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યાં હતાં.મધ્યસત્રના સોદામાં યુરોપીયન બજારો ઊંચા વેપાર કરી રહ્યા હતા. ગુરુવારે અમેરિકન બજારો ઉછાળા સાથે બંધ થયા હતા.

બજારના સાધનો અનુસાર સ્થાનિક સીપીઆઇ ફુગાવો આરબીઆઈના લક્ષ્યાંક બેન્ડમાં હોવા છતાં, ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો સેન્ટ્રલ બૅન્કને વ્યાજદર અંગે નિર્ણય લેવામાં સાવચેતીનો સંકેત આપે છે. સ્થાનિક બજારમાં એફઆઇઆઇની વધતી લેવાલી અને અમેરિકાના ટ્રેઝરી બોન્ડની યીલ્ડમાં ઘટાડો થવાથી ફેડરલ દ્વારા રેટ કટની સંભાવનાઓ વધી છે, જે સ્થાનિક સેન્ટિમેન્ટને મદદ કરશે.

સેન્સેક્સ પેકમાં અદાણી પોર્ટ્સ સૌથી વધુ ૧.૩૭ ટકા ગબડ્યો હતો, ત્યારબાદ આઇટીસી, ભારતી એરટેલ, એનટીપીસી, મારુતિ સુઝુકી, એશિયન પેઇન્ટ્સ, સન ફાર્મા, પાવર ગ્રીડ, હિન્દુસ્તાન યુનિલિવર અને લાર્સન એન્ડ ટુબ્રો ટોપ લુઝર્સની યાદીમાં હતા. તેનાથી વિપરીત, બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, ઇન્ડસઇન્ડ બેંક, ટાટા સ્ટીલ, એક્સિસ બેંક અને ટેક મહિન્દ્રા સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા.

અમેકિન ઓટો કંપની ફોર્ડ ચેન્નઇ સ્થિત ઉત્પાદન સવલતનો ઉપયોગ નિકાસ માટે કરવાની તૈયારી કરી રહી છે અને આ માટે તેણે તમિલનાડુ સરકારને જાણ કરી છે. ફ્રેઇટ અને શિપિંગ સર્વિસીસ સોલ્યુશન્સ પ્રોવાઇડર ડેક્કન ટ્રાન્સકોન લીઝિંગ લિમિટેડનું ભરણું ખૂલી ગયુ છે, જે ૧૮મીએ બંધ થશે. ફ્રેશ ઈશ્યુ ૫૫.૨૪ લાખ ઈક્વિટી શેરનો અને ઑફર ફોર સેલનો હિસ્સો પાંચ લાખ શેરનો છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦૨થી રૂ. ૧૦૮નક્કી થઇ છે અને લોટ સાઇઝ ૧,૨૦૦ શેરની છે. ઇસ્પોર્ટ કંપની નજારા ટેકનોલોજી, મૂનશાઇન ટેકનોલોજીમાં રૂ. ૯૮૨ કરોડનું રોકાણ કરી રહી છે.

એનસીએલએટીએ રિલાયન્સ કેપિટલ દ્વારા પેમેન્ટની ચૂકવણીના વિલંબ બદલ વ્યાજની માગણી કરતી અરજીને ધ્યાનમાં રાખી ઇન્ડસઇન્ડ ઇન્ટરનેશનલ હોલ્ડિંગને નોટીસ ફટકારી છે. મુંબઇ શેરબજાર પાસે એન્જિનિયરિંગ, ઇન્સ્ટોલેશન, કમિશનિંગ, ટ્રાન્સમિશન સિસ્ટમ્સ સહિતના ટર્નકી સોલ્યુશન્સમાં વિશેષતા ધરાવતી સોલારિયમ ગ્રીન એનર્જીએ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઇલ કર્યુ છે. ભરણાંનો ઉદ્દેશ કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવાનો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓને માટે છે. ■

# એજીએલનું ૬૦ એસકેયુ સાથે પ્રોડ્કટ વિસ્તરણ

મુંબઇ: પ્રોડક્ટ વિસ્તરણ હેઠળ લક્ઝરી સરફેસ અને બાથવેર સોલ્યુશન્સ બ્રાન્ડ્સમાંની એક એવી એજીએલએ કિચન અને બાથવેર પ્રોડક્ટ્સની નવી રેન્જ અંતર્ગત ૬૦ નવા ઉત્પાદનો ઉમેર્યા છે. નવી પ્રોડક્ટ લાઇનમાં કિચન સિંક, રાઉન્ડ બેઝિન, વન-પીસ વોટર કબાટો અને શાવર હેડ્સની પ્રીમિયમ રેન્જનો સમાવેશ છે.

# ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ છતાં આજે વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ તેમ જ સ્થાનિક ચલણ પર રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની પકડ મજબૂત રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને પાંચ પૈસાના સુધારા સાથે ૮૩.૯૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ચોખ્ખી લેવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.


**મધ્ય રેલવે**

**સુધારો નં. ૧**

ટેન્ડર નં. CR-BB-SnT-નોર્થ-૨૦૨૪-૪૨ સુધારો નં. ૧ ટેન્ડર નં. CR-BB-SnT-નોર્થ-૨૦૨૪-૪૨ માટે ઈસ્યુ કરાયેલ છે, અને વિગતો વેબસાઈટ www.ireps.gov.in ઉપર જોઈ શકાય છે. આ ટેન્ડર પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોલીસી (મેક ઈન ઈન્ડિયા) ઓર્ડર ૨૦૧૭, તા. ૧૫-૬-૨૦૧૭ સાથેના અનુરૂપમાં છે. બાકીના બધા નિયમો અને શરતોમાં કોઈ ફેરફાર નથી. બાકીની તમામ વિગતો વેબસાઈટ www.ireps.gov.in ખાતે જોઈ શકાશે. 403

ટિકિટો માટે UTS ઍપ ડાઉનલોડ કરો


# પાંખાં કામકાજો વચ્ચે ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક ધાતુ બજારમાં આજે ખાસ કરીને કોપરમાં નીચા મથાળેથી નીકળેલી માગ ઉપરાંત ધાતુના મુખ્ય વપરાશકાર દેશ ચીનમાં આર્થિક વૃદ્ધિને વેગ આપવા સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરવામાં આવે તેવા આશાવાદે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં મુખ્યત્વે કોપર વાયરબારમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. બેના ઘટાડાને બાદ કરતાં અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને ટીનમાં નિરસ માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. છ અને રૂ. એક ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગને ટેકે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૭૭૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૮૬ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૯૩, રૂ. ૭૨૫, રૂ. ૨૩૦ અને રૂ. ૨૬૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત નિરસ માગે નિકલના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૧૩૭૭, કોપર વાયરબારના ભાવ રૂ. બે ઘટીને રૂ. ૮૨૯ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૭૧૮ના મથાળે રહ્યા હતા. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ટનદીઠ ૯૨૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■


**જાહેર નોટીસ**

**લાગતાવળગતા ધ્યાન આપો**

અમો, **શ્રી નરશી મૂલજી શાહ** અને **શ્રીમતિ દેવપ્રભા નરશી શાહ**, ફલેટ નં. ૨૭૦૨, ૨૭મો માળ, સનસાઈન ઈન્ફીનીટી CHS લી. સુમંતાઈ મ્હાત્રે રોડ, શિવરી વડાલા સ્કીમ નં.-૫૭ સામે, વડાલા (પ), મુંબઈ-૪૦૦૦૩૧ ખાતે રહેનારા, આથી જાહેર કરીએ છીએ કે અમોએ હાલમાં ૧૩ NR કોલોની શ્રીજીનગર માધાપુર, ભુજ, કચ્છ, ગુજરાત -૩૭૦૦૨૦ ખાતે રહેનારા અમારા પુત્ર **શ્રી હેમંત નરશી શાહ** અને અમારી પુત્રવધૂ, **શ્રીમતિ લીનેટ હેમંત શાહ**ને અમારી તમામ જંગમ અને સ્થાવર એસેટસ અને બીઝનેસ સંસ્થાઓમાંથી નામંજૂર (ડીસઓન) કરેલ છે.

અમોએ આ નિર્ણય લીધો છે, કારણ કે અમારા પુત્ર અને પુત્ર-વધૂના કારણે અમને ઘણી જ નાણાંકીય, માનસિક અને ઈમોશનલ વેદનાઓ અને સતામણીનો સામનો કરવો પડયો છે. અમારા પુત્ર અને પુત્રવધૂએ બૅંક અને જુદા જુદા લેણદારો પાસેથી નોંધપાત્ર નાણાં ઉછીના લઈને નાણાંકીય જવાબદારીઓ વધારી છે અને સમગ્ર બીઝનેસ સંચાલનનું ગેરવ્યવસ્થાપન કર્યુ છે. તેઓએ અમને વધુ હેરાન કરવા માટે અમારી વિરુદ્ધ અમુક ખોટી અને વ્યર્થ કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. આથી, અમારી બંને વ્યક્તિઓની સાથેનો સંબંધ ગંભીરપણે બગડી ગયો છે. હું, શ્રી નરશી મૂલજી શાહ હાલમાં ૯૨ વર્ષનો છું, અને હું શ્રીમતિ દેવપ્રભા નરશી શાહ હાલમાં ૮૯ વર્ષની છું.

આજના દિવસથી, અમોને શ્રી હેમંત નરશી શાહ અને શ્રીમતિ લીનેટ હેમંત શાહ જોડે અમારો કોઈ સંબંધ કે જોડાણ નથી અને અમારી મિલકતો કે અસ્કયામતો અથવા સામાનોમાં, પછી ભલે તે જંગમ કે સ્થાવર હોય, મૂર્ત કે અમૂર્ત હોય કે કોઈપણ બીઝનેસ સંસ્થાઓમાંથી કોઈપણમાં તેમને કોઈ જ હક્ક, દાવા કે હિત રહેશે નહીં.

આ નોટીસ જાહેર જનતાને જણાવવા માટે આપવામાં આવે છે કે અમો શ્રી હેમંત નરશી શાહ અને શ્રીમતિ લિનેટ હેમંત શાહની કોઈપણ ક્રિયાઓ કે દેવાં અથવા જવાબદારીઓ કે લેવડદેવડ માટે જવાબદાર રહીશું નહિ.

**શ્રી નરશી મૂલજી શાહ**

**શ્રીમતિ દેવપ્રભા નરશી શાહ**



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ ID નં. | ૨૦૨૪_MCGM_૧૦૮૪૩૨૮_૧ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | મ્યુનિસિપલ પાવર લોન્ડ્રી ખાતે ઓઈલ ફાયર ૪ ટોન/hr કેપેસીટી સ્ટીમ બોયલર્સનું ઓપરેશનનું કામ |
| ટેન્ડરની સ્કુટીની ફીની કિંમત | રૂ. ૧૪૦૦ +૧૮% |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત ખર્ચ) | આઈટમ રેટ ટેન્ડર |
| બીડ સુરક્ષા જમા/ બારડી | રૂા. ૮,૪૩૧/- |
| ટેન્ડર જારી અને વેચાણની શરૂઆત તારીખ | ૧૮.૯.૨૦૨૪ના ૧૧ ક. થી |
| ટેન્ડરની વેચાણ માટેની અંતિમ તારીખ અને સમય | ૨૫.૯.૨૦૨૪ ૧૫ ક. સુધી |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૫.૯.૨૦૨૪ ૧૬ ક. સુધી |
| પ્રી-બીડ મીટીંગ | લાગું પડતું નથી |
| પેકેટ A ખુલશે | ૨૬.૯.૨૦૨૪ના ૧૬.૦૧ ક. પછી |
| પેકેટ B ખુલશે | ૨૬.૯.૨૦૨૪ના ૧૬.૦૫ ક. પછી |
| પેકેટ C ખુલશે | ૩૦.૯.૨૦૨૪ના ૧૫.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | ઈ. ઈ. મીકે. (સાઉથ) BMC, મ્યુનિ. વર્કશોપ, R. S. નીમકર માર્ગ, ભાયખલા (પ.), મુંબઈ-૪૦૦૦૦૮ની ઓફિસ. |
| બીડ ખુલવાનું સ્થળ | A. E. (મ્યુનિસિપલ પાવર લોન્ડ્રી)ની ઓફિસમાં ઓનલાઈન |
| સંપર્ક વ્યક્તિ | ૯૭૬૯૦૦૫૬૪૭ |
| A) નામ | શ્રી N.T. જાધવ |
| B) ટેલીફોન (ઓફીસ) | ૦૨૨-૨૩૦૮૩૦૫૧/૫૨/૫૩/૫૪ |
| C) ઈ-મેલ સરનામું | aempl.me@mcgm.gov.in |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in/tenders, https://mahatenders.gov.in |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

BMC કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવા કે કોઈપણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-

PRO/1279/ADV./2024-25 એક્ઝી. એન્જિ. મીકે. (સાઉથ)

પાણી બચાઓ, પાણીનો દુર્વ્યય ટાળો.



**ભારત સરકાર રેલવે મંત્રાલય**

**રેલવે મંત્રાલય રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ્સ (આરઆરબી)**

**કેન્દ્રીયકૃત રોજગાર નોટિસ (સીઈએન) નં. ૦૫/૨૦૨૪**

**વિવિધ નોન ટેક્નિકલ લોકપ્રિય શ્રેણી (સ્નાતક) માટેની ભરતી**

પાત્ર ઉમેદવારો પાસેથી નીચેના ટેબલમાં જણાવવામાં આવેલી શ્રેણીઓમાં અરજી મગાવવામાં આવે છે. અરજી દાખલ કરવાની છેલ્લી તારીખ ૧૩.૧૦.૨૦૨૪ છે. બધી રીતે સંપૂર્ણ અરજી ફક્ત ઓનલાઈન દાખલ કરવાની રહેશે.

અરજી ખૂલવાની તારીખ : ૧૪.૦૯.૨૦૨૪

અરજી રજૂ કરવાની અંતિમ તારીખ : ૧૩.૧૦.૨૦૨૪ના ૨૩.૫૯ કલાકે

| પદનું નામ | વેતન શ્રેણી ૭મા સીપીસી મુજબ | પ્રાથમિક વેતન | તબીબી દરજ્જો | 01.01.2025* મુજબ ઉંમર | કુલ સંભવિત ખાલી જગ્યા (બધા આરઆરબી) |
|---|---|---|---|---|---|
| ચીફ કમર્શિયલ કમ ટિકિટ સુપરવાઈઝર, સ્ટેશન માસ્તર | શ્રેણી-૬ | ૩૫,૪૦૦ | વિસ્તૃત સીઈએનમાં એનેક્સર-એ જોવું | ૧૬-૩૬ વર્ષ | ૨૭૩૦ |
| ગુડ્સ ટ્રેન મેનેજર, જુનિયર અકાઉન્ટ આસિસ્ટન્ટ કમ ટાઈપિસ્ટ સિનિયર કલાર્ક કમ ટાઈપિસ્ટ | શ્રેણી-૫ | ૨૯,૨૦૦ | | | ૫૩૮૩ |
| | | | | કુલ (બધા આરઆરબી): ૮૧૧૩ | |

*કોવિડ-૧૯ મહામારીને કારણે એક જ વખતના પગલાં તરીકે નિર્ધારિત વયમર્યાદા કરતા ત્રણ વર્ષ વધુની વયની રાહતનો પણ આમાં સમાવેશ થાય છે.

વધુ માહિતી માટે, નીચે દર્શાવેલી રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ (આરઆરબી)ની યાદીમાં સમાવિષ્ટ તમામની સત્તાવાર વેબસાઈટ ઉપલબ્ધ સેન્ટ્રલાઈઝડ એમ્પ્લોયમેન્ટ નોટિસ (CEN) No. 05/2024ને ધ્યાન પર લો.

| આરઆરબી | વેબસાઈટ એડ્રેસ | આરઆરબી | વેબસાઈટ એડ્રેસ |
|---|---|---|---|
| અમદાવાદ | www.rrbahmedabad.gov.in | કોલકાતા | www.rrbkolkata.gov.in |
| અજમેર | www.rrbajmer.gov.in | માલદા | www.rrbmalda.gov.in |
| બેંગલૂરુ | www.rrbbnc.gov.in | મુંબઈ | www.rrbmumbai.gov.in |
| ભોપાલ | www.rrbbhopal.gov.in | મુઝફ્ફરપુર | www.rrbmuzaffarpur.gov.in |
| ભુવનેશ્વર | www.rrbbbs.gov.in | પટણા | www.rrbpatna.gov.in |
| બિલાસપુર | www.rrbbilaspur.gov.in | પ્રયાગરાજ | www.rrbald.gov.in |
| ચંડીગઢ | www.rrbcdg.gov.in | રાંચી | www.rrbranchi.gov.in |
| ચેન્નઈ | www.rrbchennai.gov.in | સિકંદરાબાદ | www.rrbsecunderabad.gov.in |
| ગોરખપુર | www.rrbgkp.gov.in | સિલિગુડી | www.rrbsiliguri.gov.in |
| ગુવાહાટી | www.rrbguwahati.gov.in | તિરુવનંતપુરમ | www.rrbthiruvananthapuram.gov.in |
| જમ્મુ-કાશ્મીર | www.rrbjammu.nic.in | .... | .... |

આ જાહેરનામું માત્ર સાંકેતિક પ્રકારનું છે. ઓનલાઈન અરજી કરતા અગાઉ તેમની પાત્રતાની ખાતરી કરવા ઉમેદવાર માટે CEN 05/2024 નોટિસને ધ્યાન પર લેવી જરૂરી. કોઈપણ શુદ્ધિપત્ર / પુરવણી / ભરતીને લગતી મહત્ત્વની નોટિસ આરઆરબીની ઉપરોક્ત સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

No. RRB/ADI/Advt./CEN-05/2024
Date: 14/09/2024

અધ્યક્ષ
રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ

ટિકિટ માટે UTS એપ ડાઉનલોડ કરો 404



**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ, પરેલ

નંબર KEMH/૨૫૧૮/AEME તારીખ ૧૩.૦૯.૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| ડિપાર્ટમેન્ટ | : | ડિપાર્ટમેન્ટ KEM હોસ્પિટલ |
| બીડ આમંત્રણ નંબર | : | બીડ નંબર ૨૦૨૪_MCGM_૧૦૭૧૨૯૧ |
| વિષય | : | KEM હોસ્પિટલમાં ઉજો માળ AKD અને અન્ય કામો ખાતે સેન્ટ્રલ RO પ્લાન્ટ માટે AMC |
| બીડનું વેચાણ | : | તારીખ ૧૪.૦૯.૨૦૨૪ના ૧૬.૦૦ ક.થી તારીખ ૨૧.૦૯.૨૦૨૪ના ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | : | http://portal.mcgm.gov.in |
| A) સંપર્ક અધિકારી | : | આસી. એન્જીનીયર (M & E) KEM |
| B) નામ | : | શ્રીમતી મનીષા જાદવ / શ્રી કેતન ગાવડે |
| C) ટેલીફોન | : | ૦૨૨૨૪૧૦૭૭૬૮/૭૪૫૭ |
| D) ઈમેઈલ ID | : | ae02me.kem@mcgm.gov.in |

સહી/-

PRO/1290/ADV./2024-25 ડીન (KEMH)

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનિયર (બિલ્ડિંગ મેઈન્ટેનન્સ) ડિપાર્ટમેન્ટ

**ટૂંકી ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (B.M.) |
| સબ-વિભાગ | E.E. (H.Q.) |
| વિષય | ૩ વર્ષ માટે વ્યાપક જાળવણી સહિત ભટ બજાર, મઝીદ બંદર 'B' વોર્ડ ખાતે કેસોવજી નાયક ડ્રિન્કીંગ વોટર ફાઉન્ટેન અને કલોક ટાવરનું રીસ્ટ્રોરેશન અને બ્યુટિફિકેશન. |
| બીડ નં. પાર્ટ A (ટકાવારી રેટ) | ૨૦૨૪_ MCGM_૧૦૮૪૮૯૨ |
| બીડ નં. પાર્ટ B (આઈટમ રેટ) | ૨૦૨૪_ MCGM_૧૦૮૪૯૦૫ |
| કામની અંદાજિત કિંમત | પાર્ટ A: રૂ. ૮,૬૫,૯૭૬.૫૦ (ટકાવારી રેટ) પાર્ટ B (આઈટમ રેટ) |
| રૂ.માં બારડી | પાર્ટ A : ૮,૭૦૦/- પાર્ટ B : ૮૧,૦૦૦/- |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૧૪.૦૯.૨૦૨૪ ૧૧.૦૦ કલાકે |
| બીડ અંતિમ તારીખ અને સમય | ૨૩.૦૯.૨૦૨૪ ૧૧.૦૦ કલાક |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક ઓફિસર | શ્રી સંજય ગોલતકર / શ્રી સુદર્શન શિરસાથ |
| લેન્ડ લાઈન નં. | ૦૨૨ ૨૨૭૫૪૦૯૦૯ |
| મોબાઈલ નં. | ૦૯૮૬૯૪૪૨૪૫૭/૭૭૩૮૨૨૭૩૮૯ |
| ઈમેલ | 3879579@mcgm.gov.in/4390439@mcgm.gov.in |

સહી/-
એક્ઝિક્યુટીવ એન્જિનિયર
(હેડ ક્વાર્ટર્સ)

PRO/1294/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

મુંબઈ ફાયર બ્રિગેડ

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

ટેન્ડર નં. FB/W/ ૮૪૦ તા. ૧૩-૯-૨૦૨૪

(ટેન્ડર ID: ૨૦૨૪_MCGM_૧૦૮૪૫૫૫)

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર નીચે મુજબ ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. ટેન્ડર કોપી ''ટેન્ડર'' સેકસન હેઠળ NICના પોર્ટલ (https://mahatenders.gov.in) માંથી ડાઉનલોડ કરી શકાશે. તમામ ઈચ્છુક વેન્ડર્સ જેઓ BMCમાં રજીસ્ટર્ડ હોય કે રજીસ્ટર્ડ ન હોય ઈ-ટેન્ડરીંગ પ્રોસેસ માટે BMC સાથે રજીસ્ટર થવું ફરજીયાત છે. ઉપર દર્શાવેલ 'ઈ-પ્રોક્યોરમેન્ટ' પોર્ટલ પર ઓનલાઈન બીડીંગ પ્રક્રિયામાં સહભાગી થવા ક્રેડેન્શીયલ્સ લોગ ઈન કરો.

રજીસ્ટ્રેશન માટે ડીજીટલ સીગ્નેચર સર્ટીફાઈડ અને યુઝર મેન્યુઅલના એનરોલમેન્ટ માટે કૃપયા ઈ-ટેન્ડરીંગ ટેબમાં આપેલ સંબંધીત લીંકસ રીફર કરો.

વેન્ડર્સ, સર્ટીફાઈંગ સત્તાઓ જેવી કે સેફ સ્ક્રીપ્ટ, IDRBT, નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર, TCS, કસ્ટમ્સ, MTNL, GNFC અને ઈ-મુદ્રા CAના કંટ્રોલર દ્વારા લાયસન્સ અપાયેલ સર્ટીફાઇંગ ઓથોરીટીઝ (CA's)ના કોઈપણ એક પાસેથી ડીજીટલ સીગ્નેચર મેળવી લે. BMCએ આ અંગે વેન્ડર્સને મદદરૂપ થવા CPD ઓફીસ ખાતે હેલ્પડેસ્ક પણ ખોલેલ છે. ટેકનીકલ અને કોમર્સીયલ બીડસ નીચે દર્શાવેલ પાકતી તારીખ અને સમય સુધી ઓનલાઈન સુપ્રત કરવા.

| અ. ક્ર | વર્ણન | બારડી (રૂા.) | ટેન્ડર સ્કુટીની ફી (રૂા.) | બીડસના ડાઉનલોડીંગ માટે પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ માટે પાકતી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | મુંબઈ ફાયર બ્રિગેડના સ્પષ્ટીકરણો અનુસાર ૫ વર્ષની કામગીરી અને ૪ વર્ષના વ્યાપક સેવા જાળવણી કોન્ટ્રાક્ટ સાથે **''બિલ્ડિંગ ફાયર ફાઈટીંગ અને મર્યાદિત જગ્યા બચાવ તાલીમ પ્રણાલી''**ની ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ | રૂ. ૫૧,૦૦,૦૦૦.૦૦/- | રૂ. ૨૭,૫૦૦/- + ૧૮% GST | ૧૪.૦૯.૨૦૨૪ ૧૧.૦૦ ક. થી | ૨૪.૦૯.૨૦૨૪ ૧૬.૦૦ ક. સુધી |

ટેન્ડરરે ઉપર દર્શાવ્યા મુજબના ટેન્ડર સ્કુટીની ફી **પેકેટ A&Bના ખુલ્યા પછી અને પેકેટ Cના ખુલ્યા પહેલાં** ચૂકવવી જોઈશે તમામ ટેન્ડરરે BMC પ્રક્રિયા અનુસાર બારડી માત્ર ઓનલાઈન ચૂકવવી જરૂરી છે.

સહી/-
ચીફ ફાયર ઓફિસર
મુંબઈ ફાયર બ્રિગેડ

PRO/1285/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

દેવનાર કતલખાનું

કોન્ટ્રાક્ટ ધોરણે વેટરીનરી ઓફીસરનું રીક્રુટમેન્ટ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) હેઠળના વ્યક્તિગત વેટરીનરી હેલ્થ વિભાગ માટે ₹ ૬૫,૦૦૦/-ના માસિક મહેનતાણા સાથે કોન્ટ્રાક્ટ ધોરણે વેટરીનરી ઓફિસરની જગ્યા માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

**હોદ્દાનું નામ:**- વેટરીનરી ઓફિસર (૬ મહિના, ૧૭૯ દિવસોની મુદત માટે કોન્ટ્રાક્ટ ધોરણે) કુલ હોદ્દા:- ૫

| હોદ્દાનું નામ- કોન્ટ્રાક્ટ ધોરણે વેટરીનરી ઓફિસર | બેકલોગ હેઠળ પોસ્ટ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | SC | ST | VJ(A) | NT(B) | NT(C) | NT(D) | SBC | OBC | EWS | ઓપન | કુલ ખાલી હોદ્દા |
| ખાલી હોદ્દાની સંખ્યા | - | - | - | - | - | - | - | ૧ | ૧ | ૩ | ૫ |

સામાજિક/સમાંતર સમાન અનામત પોસ્ટ મુજબ ખાલી જગ્યાઓની સંખ્યા સહિત નિયત કરેલ અરજી પ્રક્રિયા, જરૂરી લાયકાત, શૈક્ષણિક લાયકાત, સામાન્ય પસંદગીના માપદંડો અને અન્ય મહત્ત્વપૂર્ણ સૂચનાઓ સહિત ઉપરોકત દર્શાવેલ હોદ્દા સંબંધિત વિગતવાર માહિતી માટે, કૃપા કરીને http://portal.mcgm.gov.in ખાતે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ઓફિશિયલ વેબસાઈટ પર (કોન્ટ્રાક્ટ ધોરણે ભરતી) લિંકમાં ઉપલબ્ધ વિગતવાર સૂચનાનો સંદર્ભ લો.

**સામાન્ય સૂચનાઓ:**

નિયમો અને શરતો સાથેની સંપૂર્ણ જાહેરાત http://portal.mcgm.gov.in પર બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે. ઉમેદવારોને જાહેરાતમાં દર્શાવેલ નિયમો અને શરતો અનુસાર તેમની અરજીઓ ભરવાની સલાહ આપવામાં આવે છે. કેવી રીતે અરજી કરવી તે અંગેની માહિતી વેબસાઈટ http://portal.mcgm.gov.in પર ઉપલબ્ધ છે.

૧) અરજી સાથે માહિતી સુપ્રત કરતી વખતે, ઉમેદવારોએ ચોક્કસ અને સક્રિય મોબાઈલ નંબર અને ઈમેલ ID જ પ્રદાન કરવું આવશ્યક છે.

૨) ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માટેનું સમયપત્રક અને સ્થાન બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની વેબસાઈટ http://portal.mcgm.gov.in પર ઉપલબ્ધ છે.

૩) ભરતી પ્રક્રિયા માટે લાયક ઉમેદવારોની યાદી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે: http://portal.mcgm.gov.in આ અંગે કોઈ વ્યક્તિગત પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

૪) તે ઉમેદવારો કે જેઓ નિયમો અને શરતો પૂર્ણ કરે છે અને માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટી ઓફ વેટરીનરી સાયન્સમાંથી ડિગ્રી પરીક્ષા પાસ કરી છે તેઓ આ પદ માટે પાત્ર રહેશે. પસંદગીની યાદી ચડતી ટકાવારી પ્રમાણે તૈયાર કરવામાં આવશે અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની વેબસાઈટ http://portal.mcgm.gov.in પર પ્રકાશિત કરવામાં આવશે.

ઉમેદવારોને તેમની અરજી સુપ્રત કરતા પહેલા બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની વેબસાઈટ:- http://portal.mcgm.gov.in પરની સૂચનાઓને કાળજીપૂર્વક વાંચવાની સલાહ આપવામાં આવે છે.

સહી/-
(ડૉ. કાલિમપાશા એ. પઠાણ)
જનરલ મેનેજર
દેવનાર કતલખાનું

સહી/-
(શ્રી કિરણ દિઘાવકર)
ડેપ્યુટી કમિશનર (સ્પેશીયલ)

PRO/1295/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**





## લાલબાગ ચા રાજાના દરબારમાં...

# સેલિબ્રિટી વહાલાં, આમભક્ત દવલાં

### વીઆઇપીઓને શાંતિથી દર્શન કરવા મળે છે જ્યારે કલાકો ઊભા રહીને દર્શન કરતા સામાન્ય માણસોને સેકન્ડોમાં જ ધક્કો મારી આગળ ધપાવતા વીડિયો પછી આક્રોશ

મુંબઈ: મુંબઈના સાર્વજનિક ગણેશ મંડળોમાં ‘લાલબાગ ચા રાજા’નો ઠસો અને દબદબો જાણીતા છે. અહીં દરરોજ વિશાળ સંખ્યામાં ભક્તજનો લાંબી લાઈનમાં ઊભા રહી દર્શન કરવા આવતા હોય છે. આ મંડળમાં દર્શન કરવા આવતા સામાન્ય જનતાના કેટલાક દ્રશ્યો અને વીડિયો ઓનલાઈન પ્રસારિત થઈ રહ્યા છે. કેટલાક વીડિયોમાં વ્યવસ્થા સાચવવા તહેનાત કરવામાં આવેલી વ્યક્તિ (બાઉન્સર્સ) દર્શનાર્થી લોકો ચરણ સ્પર્શ કરે કે તરત જ તેમને ધક્કો મારતા જોવા મળ્યા હતા. લાઈનમાં ઊભા રહેલા અન્ય દર્શનાર્થીઓને મોકો મળે એ માટે લાઈન ઝડપથી આગળ વધે એ ઉચિત કહેવાય, પણ સામાન્ય જનતાની સરખામણીએ વીઆઈપી લોકો સાથેનું વર્તન જોયા પછી સોશિયલ મીડિયા પર આક્રોશ ફાટી નીકળ્યો હતો. પંડાલમાં આવતા શ્રદ્ધાળુઓ અને દર્શન ગલીમાંથી પસાર થતી હસ્તીઓના ફૂટેજ ઓનલાઈન ફેલાઈ રહ્યા છે. ઇમારતોની ટોચ પરથી ડ્રોન શોટ અથવા વીડિયોમાં ચિત્રીકરણ પણ કરવામાં આવ્યું છે જેના પરથી ગણેશ ઉત્સવ નિમિત્તે કેવું ઉત્સવનું


લાલબાગના રાજાના દરબારનો આ વીડિયો ખાસ્સો વાયરલ થયો છે.

વાતાવરણ ફેલાયું છે એ જોવા મળે છે. ઓનલાઇન વાયરલ થઈ રહેલા કેટલાક વીડિયોમાં બાઉન્સર્સ નિયંત્રણ રાખવા અને ધસારા પર કાબૂ મેળવવા બાપ્પાના ચરણ સ્પર્શ કરતા સામાન્ય નાગરિકને ધક્કો મારતા નજરે પડે છે.

એક નહીં, બીજા એવા બે ચાર વીડિયો છે જેમાં મહિલા બાઉન્સરો ભક્તો ચરણ સ્પર્શ કરે કે તરત જ તેમને ધક્કો મારે છે. તેમને ત્યાં થોડી ક્ષણ રોકાઈ બાપ્પાને પ્રાર્થના કરવાની મંજૂરી નથી. એની બદલે અન્ય ભક્તો પણ દર્શન કરી શકે એ માટે બહાર નીકળી જવા કહેવામાં આવે છે. લાઈન આગળ ચાલતી રહે અને અન્ય લોકોને પણ દર્શનનો લાભ મળે એ માટે આ વાજબી ગણી શકાય, પરંતુ પંડાલમાં વીઆઇપીઓ સાથે કરવામાં આવતું વર્તન જોયા પછી સોશિયલ મીડિયા પર આક્રોશ ફાટી નીકળ્યો હતો.

વીડિયોમાં જોઈ શકાય છે કે સામાન્ય જનતા બાપ્પાના એક પગને માત્ર સ્પર્શ કરી શકે છે અને બીજા પગની કથિત રીતે વીઆઈપી દ્વારા પૂજા કરવામાં આવી રહી હતી. આ વીઆઈપીને

(જુઓ પાનું ૪) ▸▸


**પુઢચ્યા વર્ષી લવકર યાઃ** શુક્રવારે પણ ગણપતિ બાપ્પાની મૂર્તિઓનું ગિરગામ ચૌપાટી પર મોટી સંખ્યામાં વિસર્જન કરાયું હતું. (જયપ્રકાશ કેળકર)

# નિયમિતપણે ટ્રેનો અનિયમિત દોડાવતી મધ્ય રેલવેએ રેલવે પ્રધાનની લોકલ સમયસર પહોંચાડી


કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે લોકલમાં મુસાફરી કરી હતી.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીની જાહેરાત પૂર્વે રાજ્યમાં કેન્દ્રીય પ્રધાનોની અવરજવર વધી છે ત્યારે આજે કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે લોકલ ટ્રેનમાં ટ્રાવેલ કરીને સૌને ચોંકાવ્યા હતા. રેલવે પ્રધાનની અચાનક લોકલ ટ્રેનની મુસાફરીને કારણે રેલવેના અધિકારીઓ હરકતમાં આવી ગયા હતા.

મધ્ય રેલવેની લોકલ ટ્રેનમાં રેલવે પ્રધાને નોન-પીક અવરમાં ટ્રાવેલ કર્યું હતું. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે સ્લો લોકલ ટ્રેનમાં ટ્રાવેલ કરીને રેલવેના ઉચ્ચ અધિકારીઓની સાથે રેલવેના પેન્ડિંગ પ્રોજેક્ટ અંગે ચર્ચા કરી હતી. મુંબઈ સબર્બન રેલવેના મહત્ત્વના પેન્ડિંગ પ્રોજેક્ટને ઝડપથી પૂરા કરવાનો અનુરોધ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે મુંબઈની લોકલ ટ્રેન અને મહત્ત્વના પ્રોજેક્ટને ઝડપથી પૂરા કરવાની ચર્ચા કરવામાં આવી હતી. અંબરનાથ સ્લો લોકલ પકડીને મુંબઈના ૧૨ મહત્ત્વના પ્રોજેક્ટને પૂરા કરવાની સાથે વધુ લોકલ ટ્રેનની સર્વિસ દોડાવવામાં આવશે. રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ, લોકલ ટ્રેનની ફ્રિકવન્સી સાથે સિગ્નલિંગ સિસ્ટમ સુધારવામાં આવશે, એમ મધ્ય રેલવેએ જણાવ્યું હતું.

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે આજે બપોરના ૨.૩૪ વાગ્યાની સીએસએમટીથી અંબરનાથ લોકલ પકડી હતી.

(જુઓ પાનું ૪) ▸▸

## મધ્ય રેલવેએ અચાનક ૧૨ એસી લોકલ રદ કરતા પ્રવાસીઓ પરેશાન

મુંબઈ: મધ્ય રેલવેના પ્રવાસીઓની હાલાકીનો કોઈ પાર નથી. ક્યારેક એન્જિનમાં ખરાબીને કારણે ટ્રેનસેવા પર અસર પડે છે તો ક્યારેક ટેક્નિકલ ખામીને કારણે ટ્રેન મોડી પડે છે. રેલવેએ શુક્રવારે અચાનક ૧૨ એસી લોકલ રદ કરતા એસીના પ્રવાસીઓએ સોશિયલ મીડિયા પર નારાજગી વ્યક્ત કરી હતી.

મધ્ય રેલવેની ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) ઑફિસે માહિતી આપી હતી કે મધ્ય રેલવેએ આજે તેની ૧૨ એસી ટ્રેનોને નોન-એસી ટ્રેનો તરીકે ચલાવી હતી. એસી ટ્રેન લોકલની ટિકિટ/પાસ ધરાવતા પ્રવાસીઓએ નોન-એસી ટ્રેનમાં મુસાફરી કરવી પડશે. એવી અપેક્ષા છે કે સેન્ટ્રલ રેલવે પર એસી ટ્રેન સેવાઓ શનિવાર સુધીમાં ફરી સામાન્ય થઈ જશે.

ડીઆરએમ મુંબઈએ તેના અધિકૃત

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

## મુલુંડમાં વિચિત્ર કિસ્સો

# પડોશીઓ સમજ્યા આગ લાગી, નીકળ્યો આત્મહત્યાનો કેસ

### દવાઓ લઈને કંટાળી ગયેલી વૃદ્ધાએ આપઘાત કર્યો હોવાનું પોલીસને લાગે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડમાં વિચિત્ર કિસ્સો શુક્રવારે બપોરે બન્યો હતો, જેમાં ઇમારતના નવમા માળે ફ્લેટમાંથી ધુમાડો નીકળતો જોઇ ત્યાં આગ લાગી હોવાનું પડોશીઓને લાગતાં અગ્નિશમન દળને તેની જાણ કરાઇ હતી. જોકે ફ્લેટમાં રહેતી ૬૮ વર્ષની વૃદ્ધાનો બળેલો મૃતદેહ મળ્યા બાદ આ કેસ આત્મહત્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

મુલુંડ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અજય જોશીએ જણાવ્યું હતું કે મુલુંડ પશ્ચિમસ્થિત એલબીએસ રોડ પર ભાંડુપ સોનાપુર સિગ્નલ નજીક ઓપલ એપાર્ટમેન્ટમાં ૯મા માળે શુક્રવારે આ ઘટના બની હતી. મૃતકની ઓળખ આનંદી મુદલિયાર તરીકે થઇ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે

(જુઓ પાનું ૪) ▸▸

# મને રાજ્યપાલપદની ઓફર ફડણવીસે કરી હતી: ખડસે

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીમાં દરેક પાર્ટીના નેતાઓ મોટા મોટા નિવેદનો અને દાવાઓ કરી રહ્યા છે ત્યારે તાજેતરમાં રાજ્યના દિગ્ગજ નેતા એકનાથ ખડસેએ મોટો દાવો કરીને સૌને ચોંકાવ્યા છે.

મહારાષ્ટ્રના મોટા નેતા એકનાથ ખડસેએ ખુલાસો કર્યો છે કે દેવેન્દ્ર ફડણવીસે તેમને રાજ્યપાલપદની ઓફર કરી હતી. ફડણવીસે કહ્યું હતું કે તેઓ પૂરા દિલથી પ્રયાસ કરશે. એકનાથ ખડસેએ કહ્યું કે તેમણે ભાજપમાં જોડાવાનો નિર્ણય એટલા માટે લીધો છે કારણ કે દિલ્હીના વરિષ્ઠ નેતાઓએ તેમને બોલાવ્યા હતા.

એકનાથ ખડસેએ કહ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસે મને એક દિવસ ફોન કર્યો અને મને કહ્યું, નાથભાઈ, હું રાજ્યપાલપદ માટે તમારી ભલામણ કરું છું. મેં કહ્યું, દેવેન્દ્રજી, સાચું કહો, તમે મને ઘણી વાર કહ્યું છે કે તમે આ કરશો, તે આપશો, પરંતુ કંઈ થતું નથી, તેથી હું વિશ્વાસ નથી કરતો. ખડસેએ આગળ કહ્યું, મને ખબર નથી કે આગળ શું થયું પરંતુ દેવેન્દ્ર ફડણવીસે મને ખાતરી આપી હતી. આ ૨૦૧૯ની વાત છે.

ખડસેએ વધુમાં દાવો કર્યો કે જ્યારે મેં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં જોડાવાનું

(જુઓ પાનું ૪) ▸▸

# ભાજપનું રાહુલ ગાંધી સામે વિરોધ પ્રદર્શન, કૉંગ્રેસે કહ્યું ડ્રામા છે

મુંબઈ: મહારાષ્ટ્ર ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓએ શુક્રવારે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીની અમેરિકાની મુલાકાત દરમિયાન આરક્ષણ પર કરેલી ટિપ્પણી લઈને રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કર્યું હતું, જ્યારે કૉંગ્રેસે આ આંદોલનને નૌટંકી (ડ્રામા) ગણાવ્યો હતો.

મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ કહ્યું હતું કે લોકોને અનામત સામે રાહુલ ગાંધીની માનસિકતા વિશે જણાવવા માટે વિરોધ પ્રદર્શન કરવું જરૂરી હતું, બીજી તરફ કૉંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાતે


**ભભૂકતો વિરોધઃ** કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીના અનામત સંબંધી વિધાનોના વિરોધમાં ભાજપના કાર્યકરોએ મુંબઈભરમાં ઘણે ઠેકાણે પ્રદર્શન કર્યું હતું. (જયપ્રકાશ કેળકર)

ભગવા પક્ષ પર ખોટા અહેવાલો ફેલાવવાનો અને ‘નૌટંકી’ (નાટક) કરવાનો આરોપ લગાવ્યો હતો.

અમેરિકામાં રાહુલ ગાંધીએ જ્યોર્જટાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને કહ્યું હતું કે જ્યારે ભારત એક સમાન ન્યાયી સ્થળ બનશે ત્યારે કૉંગ્રેસ આરક્ષણને નાબૂદ કરવાનું વિચારશે, જે તેમણે કહ્યું હતું કે અત્યારે એવી પરિસ્થિતિ નથી.

વૉશિંગ્ટનમાં નેશનલ પ્રેસ ક્લબમાં એક ન્યૂઝ કોન્ફરન્સ દરમિયાન વિપક્ષના નેતાએ આરોપ લગાવ્યો કે ભારતમાં છેલ્લા ૧૦

(જુઓ પાનું ૪) ▸▸

# વાત કરવાનું કેમ બંધ કર્યું? ગર્લફ્રેન્ડનું ગળું ચીરી પોતાને ગળે છરી ફેરવી

મુંબઈ: વાતચીત કરવાનું બંધ કરી દેનારી ગર્લફ્રેન્ડના ગળું ચીરી યુવાને પોતાના ગળા પર પણ છરી ફેરવી હોવાની ઘટના ભાંડુપમાં બની હતી.

ભાંડુપમાં આરોપી જ્ઞાનદેવ ભાંગેએ છરીથી ગર્લફ્રેન્ડનું ગળું ચીર્યું હતું. આ હુમલામાં યુવતી ગંભીર રીતે ઘવાઈ હતી. જોકે બાદમાં ૩૩ વર્ષના યુવાને પોતાના ગળા પર પણ છરીથી ઘા કર્યો હતો. સારવાર માટે બન્નેને હૉસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. પ્રાથમિક સારવાર બાદ પોલીસે યુવતીનું નિવેદન નોંધ્યું હતું. (પીટીઆઈ)

# મુંબઈને વૈશ્વિક આર્થિક કેન્દ્ર બનાવવાના સપનાં ભણી મીટ: મુખ્ય પ્રધાન એકનાથ શિંદે

મુંબઈ: વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) વચ્ચેના એમઓયુ સાથે મુંબઈને વૈશ્વિક આર્થિક કેન્દ્ર બનાવવાનું સપનું સાકાર થયું છે, એમ જણાવતાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે મુંબઈની જીડીપી આગામી વર્ષોમાં બમણી થઈ જશે. નીતિ આયોગે મહારાષ્ટ્રની એક લાખ કરોડ (એક ટ્રિલ્યન ડોલર)ની અર્થવ્યવસ્થા તરફ લઈ જવા માટે લીધેલા પગલાંને મજબૂત બનાવ્યું છે.

મુખ્ય પ્રધાન શિંદેએ કહ્યું હતું કે, ગણેશોત્સવ દરમિયાન મુંબઈ માટે એક ખૂબ જ મહત્વપૂર્ણ કોન્સેપ્ટ લોન્ચ કરવામાં આવી રહ્યો છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનને વૈશ્વિક આર્થિક હબ બનાવવાનું સપનું હતું. હું ખૂબ જ ખુશ છું કે આ સપનું સાકાર થઈ રહ્યું છે. મુંબઈ આપણા બધા માટે લાઈફલાઈન છે. આ એક મહત્વપૂર્ણ ક્ષણ છે. જો મુંબઈ બદલાશે તો મહારાષ્ટ્ર અને દેશ માટે પણ મહત્વપૂર્ણ ફેરફારો થશે. રાજ્યના વિકાસ માટે અમારા દ્વારા રચાયેલી આર્થિક સલાહકાર પરિષદે રાજ્યના વિકાસ માટે ભલામણ અને યોજનાઓ રજૂ કરી છે. નીતિ આયોગે એમએમઆરને નાણાકીય હબ બનવા માટે સાત ટાપુઓના મુંબઈના વિકાસ માટે સાત મહત્વપૂર્ણ ભલામણો કરી છે. એવું માનવામાં આવે છે કે મુંબઈ ભવિષ્યમાં વૈશ્વિક ફિનટેક કેપિટલ બનશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલ્યન ડોલરની બનાવવાનો સંકલ્પ કર્યો છે એમ જણાવતાં એકનાથ

(જુઓ પાનું ૪) ▸▸